


પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH




FRIDAY, 07 MARCH, 2025 Vol. 23, No. 10 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ડોનાલ્ડ ટ્રમ્પનો વધુ એક આકરો નિર્ણય : H-4 વિઝાના નિયમોમાં તાબડતોડ ફેરફાર

# 1.34 લાખ મૂળ ભારતીયોના સંતાનોને માથે સંકટ

**21 વર્ષની ઉંમર પછી સંતાન H1-B વિઝા ધારકોના આશ્રિત તરીકે ઓળખાશે નહીં, નવા નિયમથી 'સેલ્ફ ડિપોર્ટેશન'નો ડર**

**વોશિંગ્ટન**

અમેરિકામાં ગેરકાયદે રહેતા લોકોને ડિપોર્ટ કરવાનું અભિયાન ચાલુ જ છે. ત્યાં ટ્રમ્પે H-4 વિઝા ધારક અંગે કરેલા બીજા એક નિર્ણયથી યુએસમાં ગેરકાયદે રહેનારાઓ જ નહીં,



પરંતુ કાયદેસર રહેતા પ્રવાસી નાગરિકોને માથે પણ સંકટ આવી પડ્યું છે. અમેરિકાનો H-1B વિઝા નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. વિદેશી નાગરિક આ વિઝાથી ત્યાં કેટલાક વર્ષો સુધી કાયદેસર કામ કરી શકે છે. જો કે, ટ્રમ્પ સરકારે અમેરિકાની વિઝા પોલિસી અને ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફાર કર્યો છે. જેમાં H-1B વિઝા ધારકોના બાળકોને મળનારી સુરક્ષા હટાવી દેવાઈ છે.

H-1B વિઝા ધારકોના બાળકોને આશ્રિત ગણવામાં આવતા હતા. અમેરિકામાં જન્મેલા

## કોર્ટે નવા અરજદારોના વર્ક પરમિટ અટકાવ્યા

ટેક્સાસની એક કોર્ટે તાજેતરમાં જ ડિફર્ડ એક્શન ફોર ચાઈલ્ડહુટ અરાઈવલ્સ (DACA) હેઠળ નવા અરજદારોને વર્ક પરમિટ આપવાનું અટકાવી દીધું છે. DACA તે અપ્રવાસી બાળકોને બે વર્ષની અસ્થાયી સુરક્ષા આપતું હતું, જેઓ દસ્તાવેજો વગર અમેરિકા આવ્યા હતા. હવે આ બાળકો 21 વર્ષની ઉંમર બાદ પોતાના માતા-પિતાના આશ્રિત વિઝામાંથી બહાર થઈ જશે, તેથી આવી સ્થિતિ ભારતીય અપ્રવાસી યુવાઓ માટે ચિંતાજનક છે.

આ બાળકોને અમેરિકી નાગરિકતા મળી જતી હતી, જોકે હવે આ નિયમ ખતમ કરી દેવાયો છે, જેના કારણે હજારો ભારતીય અપ્રવાસી પરિવારોનું સપનું તૂટી ગયું છે. અમેરિકામાં રહેતા H1-B વિઝા ધારકોના 21 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને H-4 વીઝા આપવામાં આવે છે, પરંતુ યુએસ ઈમિગ્રેશનના નવા નિયમો મુજબ H-4 વિઝા ધારકો 21 વર્ષની ઉંમરના થયા પછી H1-B વિઝા ધારકોના આશ્રિત તરીકે ઓળખાશે નહીં. આ બાળકોને બીજા વિઝાનો દરજ્જો મેળવવા માટે બે વર્ષનો સમય મળતો હતો, પરંતુ નવા નિયમોને કારણે આવા લાખો બાળકોનું ભવિષ્ય જોખમમાં છે. 2023ના સરકારી ડેટા મુજબ, લગભગ 1.34 લાખ ભારતીય બાળકોના પરિવારને ગ્રીન કાર્ડ મળવાની આશા હતી. જોકે હવે તેમની ઉંમર મર્યાદા સમાપ્ત થયા પહેલા વીઝા સ્ટેટસ ખતમ થવાની સ્થિતિમાં છે. નવા નિયમના કારણે હવે આ બાળકોને 'સેલ્ફ ડિપોર્ટેશન'નો ડર સતાવી રહ્યો છે. આવા બાળકોના માતા-પિતાના ગ્રીન કાર્ડની અરજીની લાંબી વેઈટિંગ લિસ્ટ છે, જે 12 વર્ષથી 100 વર્ષ સુધીની હોઈ શકે છે. જેને કારણે પણ આવા લોકોની મુશ્કેલી વધી ગઈ છે.

## ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે વાવાઝોડું ત્રાટકતાં શાળાઓ બંધ, વાહનવ્યવહાર ઠપ્પ



**બ્રિસબેન**

ઓસ્ટ્રેલિયાના દરિયાકાંઠે એક દુર્લભ ઉષ્ણકટિબંધીય વાવાઝોડું ત્રાટક્યા બાદ લોકોમાં ભયનો માહોલ છે. આ ચક્રવાતની અસરને કારણે આજે પૂર્વ ઓસ્ટ્રેલિયાના કેટલાક ભાગોમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જેના કારણે શાળાઓ બંધ કરવાની ફરજ પડી હતી તેમ જ વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. હવામાન વિભાગના મેનેજર મેટ કોલોપીએ જણાવ્યું કે ઉષ્ણકટિબંધીય ચક્રવાત 'આલ્ફ્રેડ' શનિવારે સવારે સનશાઈન કોસ્ટ વિસ્તાર અને દક્ષિણમાં ગોલ્ડ કોસ્ટ શહેર વચ્ચે ક્યાંક ક્વીન્સલેન્ડ રાજ્યના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે.

આ બે પ્રદેશોની વચ્ચે રાજ્યની રાજધાની બ્રિસબેન આવેલી છે, જે ઓસ્ટ્રેલિયાનું ત્રીજું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. કોલોપીએ બ્રિસબેનમાં પત્રકારોને જણાવ્યું કે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૮૦થી ૯૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જે વધુ તીવ્ર બનવાની શક્યતા છે. વાવાઝોડું 'આલ્ફ્રેડ' બ્રિસબેન નજીક દરિયાકાંઠેથી પસાર થવાની પ્રબળ શક્યતા છે. આ ચક્રવાત ૪૦ લાખથી વધુ લોકોની વસ્તીવાળા વિસ્તારમાંથી પસાર થશે. ચક્રવાતની અસરને કારણે ભારે પવન સાથે વરસાદ પડવાથી મોટા વિસ્તારમાં પૂર આવવાની પણ શક્યતા છે.

# 2.4 લાખ યુક્રેનિયન નાગરિકોની હાલાકી વધી : USA કાનૂની દરજ્જો સમાપ્ત કરશે

**ન્યૂ યોર્ક**

ટ્રમ્પ સરકાર હવે તે યુક્રેનિયન નાગરિકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે જેઓ રશિયા-યુક્રેન સંઘર્ષને કારણે અમેરિકા ભાગી ગયા હતા. ટ્રમ્પ વહીવટીતંત્ર હવે અંદાજે 240,000 યુક્રેનિયન નાગરિકોની અસ્થાયી કાનૂની સ્થિતિને રદ કરવાની યોજના બનાવી રહ્યું છે. ટ્રમ્પ સરકારના એક વરિષ્ઠ અધિકારીએ રોઈટર્સને આ માહિતી આપી.

જો આવું થાય તો એપ્રિલમાં આ નાગરિકોને અમેરિકાથી દેશનિકાલ કરવામાં આવી શકે છે. જો ટ્રમ્પ સરકાર આવું પગલું ભરે છે તો તે એક મોટું પગલું હશે. ટ્રમ્પ વહીવટીતંત્ર યુક્રેનિયન નાગરિકો માટે સુરક્ષાની આયોજિત ઉપાડ માટે ગયા સપ્તાહની યોજના પર કામ કરી રહ્યું છે. બિડેન વહીવટીતંત્રે 1.8 મિલિયનથી વધુ ઈમિગ્રન્ટ્સને કાનૂની દરજ્જો આપ્યો હતો જેઓ અસ્થાયી માનવતાવાદી પેરોલ પ્રોગ્રામ હેઠળ મંજૂરી આપ્યા પછી અમેરિકા પહોંચ્યા હતા, જેને ટ્રમ્પ હવે સમાપ્ત કરવા માંગે છે. 20 જાન્યુઆરીના રોજ જારી કરાયેલા ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)ને તમામ સ્પષ્ટ પેરોલ પ્રોગ્રામ્સ સમાપ્ત કરવા કહ્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્ર આ મહિને ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના 53,000 લોકો માટે પેરોલ રદ કરવાની યોજના બનાવી રહ્યું છે.

એક અહેવાલ મુજબ મેળવેલ આંતરિક ICE ઈમેઈલ અનુસાર, પેરોલની સ્થિતિને નકારવામાં આવેલા ઈમિગ્રન્ટ્સ ફાસ્ટ-ટ્રેક દેશનિકાલ કાર્યવાહીનો સામનો કરી શકે છે. ગેરકાયદેસર રીતે સરહદ પાર કરનારા વસાહતીઓને ઝડપી દેશનિકાલ પ્રક્રિયામાં મૂકી શકાય છે. જે પ્રવેશના બે વર્ષ પછી ઝડપી દૂર કરવા તરીકે ઓળખાય છે.












# યુક્રેન શાંતિ રક્ષા દળમાં જોડાવવા કેનેડા તૈયાર : બિલ બ્લેર

## વિદેશી દળો માટે સુરક્ષા ગેરંટીના સંદર્ભમાં મહત્વપૂર્ણ ચર્ચાઓ થવાની જરૂર છે : જસ્ટિન ટ્રૂડો

**ઓટ્ટાવા**

યુક્રેનમાં યુદ્ધવિરામ થાય તો કેનેડા બ્રિટન અને ફ્રાન્સના “ઈચ્છુક શાંતિ રક્ષા દળના ગઠબંધનમાં” સૈનિકોનું યોગદાન આપવા માટે તૈયાર છે, એમ સંરક્ષણ પ્રધાન બિલ બ્લેરે ઓટ્ટાવામાં કોન્ફરન્સ ઓફ ડિફેન્સ એસોસિએશન્સ ઈન્સ્ટિટ્યૂટના વાર્ષિક ફોરમમાં કહ્યું હતું. લંડનમાં સાથીઓની સપ્તાહના અંતે મળેલી બેઠક બાદ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે, કેનેડા મદદ કરી શકે તેવા શ્રેષ્ઠ માર્ગો શોધી રહ્યું છે. કેનેડા તે દળમાં યોગદાન આપવા માટે તૈયાર અને સક્ષમ છે. પરંતુ અમે એ પણ માનીએ છીએ કે યુક્રેન અને અમે સેવા આપી રહ્યા છીએ તે વિદેશી દળો માટે સુરક્ષા ગેરંટીના સંદર્ભમાં મહત્વપૂર્ણ ચર્ચાઓ



થવાની જરૂર છે. યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ પહેલનું નેતૃત્વ કર્યું છે, જે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનિયન પ્રમુખ વ્લાડીમીર ઝેલેન્સકી વચ્ચે વિવાદ પછીનું છે. જોકે, આ દળને સુરક્ષા ગેરંટીઓ સાથે સમર્થન આપવું પડશે, ખાસ કરીને અમેરિકનો તરફથી. સ્ટાર્મરે કહ્યું છે કે યુકે, ફ્રાન્સ અને યુક્રેન એક શાંતિ કરાર પર કામ કરી રહ્યા છે, જે વોશિંગ્ટન સમક્ષ રજૂ કરી શકાય છે. યુ.એસ.ના ઉપપ્રમુખ જે.ડી. વાન્સે આ પ્રયાસને ફગાવી દીધો અને કહ્યું કે યુક્રેનના અર્થતંત્રમાં અમેરિકન હિસ્સો છે. આ ટિપ્પણીથી યુકે અને યુ.એસ. ડેમોક્રેટ્સમાં આક્રોશ ફેલાયો છે. અન્ય બાબતોની સાથે, વાન્સની ટિપ્પણી એ હકીકતને અવગણે છે કે કેનેડિયન, બ્રિટિશ અને ફ્રેન્ચ દળો અફઘાનિસ્તાનમાં અમેરિકનો સાથે લડ્યા હતા. બ્રિટન પણ ઈરાક પરના આક્રમણમાં યુ.એસ. સાથે જોડાયું હતું.

# બાળકોના શોષણના કિસ્સામાં પોલીસ કાર્યવાહી : 100થી વધુની ધરપકડ

### 37 બાળકોને નુકસાનથી બચાવવામાં આવ્યા, 300થી વધુ લોકો સામે આરોપો ઘડાયા

**ઓન્ટેરિયો**

કેનેડામાં પોલીસે એક મોટા રાષ્ટ્રીય બાળશોષણ વિરુદ્ધના અભિયાનમાં 100થી વધુ ધરપકડ કરી હતી. ઉપરાંત 300થી વધુ લોકો સામે આરોપો મુકાયા હતા. RCMP અને અન્ય પોલીસ દળોના પ્રતિનિધિઓએ બુધવારે બાળકોને જાતીય શોષણથી બચાવવાના હેતુથી એક પ્રોજેક્ટ પર અપડેટ આપ્યાં હતાં. RCMP ઈન્સ્પેક્ટર મેથિયુ ગિરાર્ડે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, પ્રોજેક્ટ સ્ટીલ તરીકે ઓળખાતી તાજેતરની કાર્યવાહીમાં ડઝનેક પીડિતોની ઓળખ થઈ છે અને 37 બાળકોને નુકસાનથી બચાવવામાં આવ્યા છે. કુલ 1,132 ઈલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા છે, અને અત્યાર સુધીમાં મૂકવામાં આવેલા આરોપોમાં બાળ પોર્નોગ્રાફીનો કબજો, વિતરણ અને ઍક્સેસનો સમાવેશ થાય છે. ગીરાર્ડે કહ્યું કે, આ સંખ્યા પ્રારંભિક છે અને સેંકડો તપાસ ચાલી રહી છે. બાળ સુરક્ષા માટે કાયદા અમલીકરણ, સરકાર, બિન-સરકારી સંસ્થાઓ અને ટેકનોલોજી કંપનીઓ સાથે મળીને કામ કરતા સંયુક્ત અભિગમની જરૂર છે.

# હેલ્થકેર અને ટ્રેડ વર્કની કેટેગરીમાં નિયમો હળવા થતા હજારો લોકોને લાભની આશા

## કેનેડાએ ફેબ્રુઆરીના બીજા પખવાડિયામાં વિઝા માટે કેટેગરી ઊભી કરી હતી

**ટોરોન્ટો**

કેનેડા સરકારે હેલ્થકેર અને ટ્રેડ વર્કની કેટેગરીમાં હળવા નિયમો સાથે વિઝા આપવાનું નક્કી કર્યું છે. હેલ્થકેર સેક્ટરમાં એનિમલ હેલ્થ ટેકનોલૉજિસ્ટ, વેટરનરી ટેકનિશિયન, કાર્ડિયોલોજી ટેકનોલૉજિસ્ટ, ડેન્ટલ હાઈજિનિસ્ટ, ડેન્ટલ થેરપિસ્ટ, મેડિકલ ટેકનોલૉજિસ્ટ, ફાર્માસિસ્ટ, ફાર્મસી ટેકનિશિયન, સોશિયલ એન્ડ કોમ્યુનિટી સર્વિસ વર્કર, સોશિયલ વર્કરને થોડા ઉદાર બનીને એન્ટ્રી આપવામાં આવશે. 2025ના વર્ષ માટેની એક્સપ્રેસ એન્ટ્રીમાં કેટેગરી આધારિત એન્ટ્રી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 2025માં એક્સપ્રેસ એન્ટ્રી આપવા માટે શિક્ષણના ક્ષેત્રનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખેતી કામ સાથે સંકળાયેલા કુશળ કારીગરોને પણ 2025ની સાલમાં એક્સપ્રેસ એન્ટ્રીમાં પ્રવેશ આપવા કેનેડા સરકાર ઉત્સુક છે. ટ્રેડ વર્કરની કેટેગરીમાં ઓઈલ એને ગેસ ડ્રિલિંગ સર્વિસ, ફ્લોર કવરિંગ ઈન્સ્ટોલર, પેઈન્ટર, ઈન્ટિરિયર ડેકોરેટર સિવાયના ડેકોરેટર, રુફર્સ, શિન્ગર્સ, કોન્ક્રિટ ફિનિશર પાણીના કુવા ડ્રિલ કરનારા, ઈક્વિપમેન્ટ મિકનિક્સ, બ્રિકલેયર્સ, કેબિન મેકર્સ, ગેસફિટર્સ, ઈન્ડસ્ટ્રીયલ ઈલેક્ટ્રિશિયન વગેરેને એક્સપ્રેસ એન્ટ્રીમાં સ્થાન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉપરોક્ત તમામ કેટેગરીમાં નવો ડ્રો કરીને ઓછામાં ઓછા મેરિટ ઉપર પણ પ્રવેશ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્રેન્ચ ભાષાના જાણકારને કેટેગરી આધારિત એન્ટ્રી માટેના ડ્રોમાં પસંદગી મળી જવાની વ્યાપક શક્યતા છે.












# કેનેડાને જાસૂસી સંગઠન 5-EYESમાંથી બહાર કાઢવા હિલચાલ

## કેનેડા ખૂબ જ ઓછી માહિતી પ્રદાન કરતુ હોવાનો આક્ષેપ, ટ્રમ્પના સલાહકારે વિધિવત પ્રસ્તાવ મુક્યો

**વોશિંગ્ટન**

5-EYES પાંચ દેશનું સંગઠન છે. એના સભ્યો એકબીજા સાથે ગુપ્ત માહિતી શેર કરે છે અને ઘણા કિસ્સાઓમાં સાથે મળીને કામ પણ કરે છે. આમાં અમેરિકા અને તેના સાથી દેશો કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડનો સમાવેશ થાય છે. ફાઈવ આઈઝને વિશ્વનું સૌથી શક્તિશાળી ગુપ્તચર નેટવર્ક પણ માનવામાં આવે છે. આ ગઠબંધનનો સૌથી મોટો ઉદ્દેશ આતંકવાદને રોકવાનો અને રાષ્ટ્રીય સુરક્ષા માટે કામ કરવાનો છે. ફાઈવ આઈઝ એલાયન્સ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન શરૂ થયું હતું.

ફાઈવ આઈઝનું સચિવાલય અમેરિકામાં છે. આ જોડાણમાં અમેરિકા સૌથી વધુ ગુપ્ત માહિતી શેર કરે છે. આ પછી બ્રિટન બીજો દેશ છે, જે સૌથી વધુ ગુપ્ત માહિતી પૂરી પાડે છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ન્યૂઝીલેન્ડની ભૂમિકા ખૂબ જ મર્યાદિત છે. 2020માં એક કેનેડિયન ગુપ્તચર અધિકારીએ એક લશ્કરી ગુપ્તચર મેગેઝિનમાં લખ્યું હતું કે, ફાઈવ આઈઝ સાથે સંકળાયેલા દરેક દેશની અલગ અલગ જવાબદારીઓ છે. ઓસ્ટ્રેલિયા દક્ષિણ ચીન, ભારત-ચીન અને તેના નજીકના પડોશીઓને આવરી લે છે. બ્રિટન આફ્રિકા અને કેટલાક યુરોપિયન દેશોનો હવાલો સંભાળે છે, ન્યૂઝીલેન્ડ પશ્ચિમ પેસિફિક દેશોની માહિતી એકત્રિત કરે છે, જ્યારે કેનેડા રશિયાને લગતા મામલાઓનું સંચાલન કરે છે. કેનેડા પાસે એટલા બધા સૈનિકો નથી. નાટો દ્વારા જ કેનેડાને અમેરિકા દ્વારા પૂરી પાડવામાં આવતી સુરક્ષા મળે છે.

હવે ફાઈવ આઈઝમાંથી કેનેડાને દૂર કરવાની વાત પણ આનો એક ભાગ છે. આમ કરીને ટ્રમ્પ કેનેડાને પોતાની શરતો પર લાવવા માગે છે. ટ્રમ્પના સલાહકાર પીટર નાવારોએ પોતે કેનેડાને ફાઈવ આઈઝ નેટવર્કમાંથી બાકાત રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમના મતે કેનેડાની સંરક્ષણ ક્ષમતાઓ અમેરિકાના સુરક્ષા ધોરણો જેટલી નથી. કેનેડા આ જોડાણમાં સૌથી ઓછું યોગદાન આપે છે. કેનેડાને જોડાણમાંથી દૂર કરવાથી અમેરિકાને ફાયદો થશે.

ટ્રમ્પના ભૂતપૂર્વ વ્યૂહાત્મક સલાહકાર સ્ટીવ બેનનના મતે, કેનેડા પાસે પોતાનો બચાવ કરવા માટે સંસાધનો નથી. એવા સમયે જ્યારે ચીન આર્કટિકમાં તેની હાજરી વધારી રહ્યું છે, ત્યારે તેને જોડાણમાંથી બાકાત રાખવું ખતરનાક બની શકે છે.

# અમેરિકા સામે કેનેડા પણ આક્રમક : 15 લાખ ઘરોમાં વીજળી ડૂલ કરવાની ચીમકી

### ટ્રમ્પ કેનેડા બરબાદ કરવા ઈચ્છતા હોવાનો જસ્ટીન ટ્રુડોનો આક્ષેપ, કેનેડાએ અમેરિકન ઉત્પાદનો પર વધારાનો 25% સરચાર્જ લગાવ્યો

**ટોરોન્ટો**



અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓનો હવે ખુલ્લેઆમ વિરોધ થઈ રહ્યો છે, ટ્રમ્પને અમેરિકામાં પણ વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને અમેરિકન અર્થવ્યવસ્થાને વેગ આપવા ટ્રમ્પ દ્વારા કરાયેલા ટેરિફ પગલાથી અમેરિકાને જ ભારે નુકસાન થઈ રહ્યું છે. અમેરિકા આજે વિશ્વ મહાસત્તા હોવા છતાં જે રીતે તેણે ચીન, કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદી દીધો છે એ જોઈને લાગી રહ્યું છે કે આ દેશો હવે એ જ રીતે જવાબ આપશે. સોમવારે ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે મંગળવારથી કેનેડા અને મેક્સિકો પર 25% ટેરિફ લાગુ કરવામાં આવશે. આ ઘટનાથી કેનેડા આઘાતમાં છે અને આર્થિક મોરચે આ લડાઈને લઈને સખત મૂડમાં છે. ટ્રમ્પે એનર્જી આયાત સિવાય કેનેડામાંથી આવતા તમામ માલસામાન ઉપર 25% ટેરિફની જાહેરાત કરતાની સાથે જ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ 30 બિલિયન કેનેડિયન ડોલરની અમેરિકન આયાત પર ટેરિફ લાદીને બદલો લીધો છે. કેનેડાએ અમેરિકન ઉત્પાદનો પર વધારાનો 25% સરચાર્જ પણ લગાવ્યો છે. ટ્રુડોએ કહ્યું હતુ કે, ટ્રમ્પ કેનેડાની અર્થવ્યવસ્થાને બરબાદ કરવા માંગે છે. તેઓ કેનેડાને અમેરિકા સાથે મર્જ કરવાની યોજના પર કામ કરે છે. વધુમાં ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે અમેરિકાને બ્લેકઆઉટની ધમકી આપી છે. તેમણે કહ્યું કે, કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતમાંથી અમેરિકાના ત્રણ રાજ્યો મિનેસોટા, મિશિગન અને ન્યૂયોર્કમાં લગભગ 1.5 મિલિયન ઘરોને વીજપુરવઠો પહોંચાડવામાં આવે છે. ઓન્ટેરિયો પ્રાંત અમેરિકાની સરહદે છે. આ સિવાય કેનેડાએ નિકલનો સપ્લાય રોકવાની પણ ધમકી આપી છે. જો કે ડગ ફોર્ડે ટેરિફ લાદતા પહેલા જ વીજળીનો પુરવઠો બંધ કરવાની ધમકી આપી હતી, પરંતુ અમેરિકા પર તેની કોઈ અસર થઈ નથી. આ ઉપરાંત કેનેડા અમેરિકાનું સૌથી મોટું વિદેશી તેલ સપ્લાયર પણ છે. વર્ષ 2023માં યુએસએ કેનેડામાંથી દરરોજ 1.4 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી હતી, જે અમેરિકાની કુલ આયાતના અડધા કરતાં વધુ છે. જો કે, નિષ્ણાતો માને છે કે કેનેડા તેલનો પુરવઠો રોકવા જેવા પગલાં નહીં ભરે, કારણ કે તેની પોતાની અર્થવ્યવસ્થાને અસર થશે.

# 125 અબજ ડોલરની યુએસ પ્રોડક્ટ્સ પર 25 ટકા ટેરિફ લાદવા કેનેડાનો નિર્ણય

### અમેરિકાની પ્રોડક્ટ્સના ભાવ વધવા સાથે ફુગાવાની સમસ્યા સર્જાવાની ભીતિ

**ઓન્ટેરિયો**

અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાની ખાતરી આપતાં જ કેનેડાની સરકારે પણ વળતો જવાબ આપવા તૈયારી કરી લીધી છે. કેનેડા હવે અમેરિકાની પ્રોડક્ટ્સ પર કાઉન્ટર ટેરિફ લાદે તેવા સંકેતો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે, કેનેડા હવે યુએસના અન્યાયી ટેરિફ વલણનો જવાબ આપશે. અમેરિકામાંથી આયાત થતી 125 અબજ ડોલરની પ્રોડક્ટ્સ પર જવાબી ટેરિફ લાગુ કરાશે. જેની શરૂઆત મંગળવારથી જ શરૂ થશે. પ્રારંભિક સ્ટેજ પર 30 અબજ કેનેડિયન ડોલર (20.6 અબજ ડોલર)ની અમેરિકન પ્રોડક્ટ્સ ઉપર 25 ટકા ટેરિફ લાદવામા આવશે. ત્રણ સપ્તાહમાં કુલ 125 અબજ કેનેડિયન ડોલરની પ્રોડક્ટ્સ પર 25 ટકા ટેરિફ લાગુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પર કડક વલણ દર્શાવતાં હાલમાં નિવેદન આપ્યું હતું કે, કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાગુ કર્યા સિવાય છૂટકો નથી. આ બંને દેશો અમેરિકાની માગણી અને ચેતવણીઓને ગંભીરતાપૂર્વક લઈ રહ્યા નથી. વધુમાં ચીન ઉપર પણ 10 ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરાઈ છે. ટ્રમ્પે એક ફેબ્રુઆરીથી કેનેડા અને મેક્સિકો પર 25 ટકા ટેરિફ લાદવાના એક્ઝિક્યુટીવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતાં. અમેરિકાની સૌથી વધુ પ્રોડક્ટ્સ ખરીદતા દેશમાં કેનેડા અગ્રેસર છે. કેનેડા અમેરિકામાંથી વાર્ષિક ધોરણે અંદાજે 900 અબજ ડોલરની આયાત કરે છે. આ ટેરિફ વોરના કારણે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વણસી શકે છે. કેનેડા દ્વારા ટેરિફ લાગુ કરવાથી અમેરિકાની પ્રોડક્ટ્સના ભાવ વધી શકે છે. જેનાથી ફરી પાછો ફુગાવો વધવાની ભીતિ પણ વધી છે.મેક્સિકોએ પણ અમેરિકાના ટેરિફ વોરનો જવાબ આપવાની તૈયારીઓ દર્શાવી છે.







તંત્રી સ્થાનેથી

# ‘ટેરિફ વૉર’ : ભારત અને કેનેડા સહિતના દેશોને માથે મોટું સંકટ

આખરે ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા બાદ ભારત અને ચીનને સાણસામાં લેતા બીજી એપ્રિલથી ટેરિફ લાદવાની જાહેરાત કરી દીધી છે. બુધવારે ટ્રમ્પે સેનેટને કરેલા સંબોધનમાં ભારત, ચીન, દક્ષિણ કોરીયા, મેક્સિકો અને કેનેડા જેવા દેશો દ્વારા અમેરિકન પ્રોડક્ટ્સ ઉપર વસૂલાતા ટેરિફનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ ભારતનું નામ બે વખત લઈને તેમણે કહ્યું કે, ભારત અમારી પ્રોડક્ટ્સ ઉપર ૧૦૦ ટકા જેટલો ટેરિફ ચાર્જ કરે છે.



તંત્રી - સ્વદેશ

અમેરિકામાં આવતી એગ્રી પ્રોડક્ટ્સ સહિતની પ્રોડક્ટ્સ ટેસ્ટિંગ વગર આવે છે, તે ગંદી હોય છે, તેના ઉપર હું જંગી વેરો નાખીશ. તેના લીધે તે અહીં આવી જ નહીં શકે, તેનો ફાયદો અમેરિકન ખેડૂતોને થશે. ચીન પણ આવું જ કરે છે અને સાઉથ કોરીયા તો ત્રણથી ચાર ગણો ટેરિફ વસૂલે છે. આ જ સાઉથ કોરીયાનું ઉત્તર કોરીયાથી રક્ષણ યુએસ કરે છે. આપણે તેમને લશ્કરી સહાયતા પણ આપીએ છીએ. છતાં પણ તેઓ આપણી પ્રોડક્ટ પર જંગી વેરો વસૂલે છે. કેનેડા અને મેક્સિકો પણ બાકાત નથી.

ટ્રમ્પે વધુ ઉમેર્યું કે, કેનેડા પાસે તો પોતાનું લશ્કર સુદ્ધા પણ નથી, તેના રક્ષણની જવાબદારી આપણે નીભાવીએ છીએ અને તેનો ખર્ચ પણ આપણે કરીએ છે તો પણ કેનેડા અમેરિકાની પ્રોડક્ટ્સ પરથી ચાર્જ વસૂલે છે. આમ, અમેરિકાને તેના મિત્રો અને દુશ્મનો બધાએ લૂંટયું છે. પણ હવે આવું નહીં ચાલે. તેઓ જેટલો વેરો આપણી પ્રોડક્ટ્સ પર નાખે છે તેટલો તેમની પ્રોડક્ટ્સ પર નાખીને હું લુંટેલી સંપત્તી પાછી લાવીશ. આમ, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-ચીન સહિત અનેક દેશો સાથે ‘ટેરિફ વૉર’ શરૂ કરી દીધી છે.

અમેરિકાના ‘રેસિપ્રોકલ ટેરિફ’ના કારણે ભારત માટે એક તરફ કુવો તો બીજી તરફ ખીણ જેવી હાલત છે. ભારતે અમેરિકામાં પોતાની નિકાસ ચાલુ રાખવી હોય તો અમેરિકાના માલ ઉપરની ડયુટી ઘટાડવી પડે. અમેરિકાના માલ પરની ડયુટી ઘટે એટલે અમેરિકાનો માલ સસ્તો થાય અને ભારતીય કંપનીઓને ફટકો પડે. ભારત અમેરિકાના માલ પરની ડયુટી નહીં ઘટાડે, એટલે એટલા જ પ્રમાણમાં અમેરિકામાં જતા ભારતના માલ ઉપર ટેરિફ લાગશે. તેથી ભારતનો માલ મોંઘો થશે. એટલે નિકાસને ફટકો પડશે. ચીન, કેનેડા કે મેક્સિકોની સરખામણીમાં ભારતનો અમેરિકા સાથેનો વ્યાપાર બહુ ઓછો છે. પણ નિકાસ માટે ભારત અમેરિકા પર બહુ નિર્ભર હોવાથી ભારતની હાલત બગડે તેમ છે.

ચીનને બહુ પહેલાંથી જ આ સ્થિતી આવશે તેવો અંદાજો હતો. તેથી અમેરિકા પર સંપૂર્ણપણે નિર્ભર રહેવાના બદલે નવાં માર્કેટ શોધવા માંડયાં હતા. ચીન અત્યારે આફ્રિકન દેશોમાં પગપેસારો કરી ચૂક્યું છે, તેથી તેને બહુ ફટકો નહીં પડે. બીજી તરફ ટ્રમ્પની ટેરિફ ચીમકી બાદ ચીને જાહેરમાં કહ્યું છે કે, જો તમે યુદ્ધ કરવા માંગતા હોય, તો કરજો, અમે તૈયાર છીએ. કેનેડા-મેક્સિકોએ પણ અમેરિકાની ટેરિફની ધમકી સામે બાયો ચઢાવી છે. આ તમામ બાબતો તેમજ સમજૂતીથી સંકેતો કહી રહ્યા છે કે, હવે ટ્રમ્પનો ટેરિફ દાવ ઊંધો પડી રહ્યો છે.

અમેરિકાની ટેરિફ ચીમકી બાદ કેનેડાએ પણ ટ્રમ્પ સાથે શિંગડા ભેરવવાના સંકેત આપ્યા હતા. વાસ્તવમાં ટ્રમ્પે કેનેડાથી સપ્લાય કરાતા ઉર્જા સિવાય તમામ સામાનો પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જેના વળતા જવાબમાં ટ્રુડોએ પણ 30 અબજ કેનેડિયન ડૉલરના મૂલ્ય અમેરિકી આયાત ઉપર ટેરિફ લાદી દીધો છે. એટલું જ નહીં, કેનેડાએ પણ અમેરિકી પ્રોડક્ટ્સ ઉપર વધારાનો 25 ટકા સરચાર્જ લગાવી દીધો છે.

અમેરિકા-કેનેડા વચ્ચે ટ્રેડ વૉરની સૌથી મહત્ત્વની વાત એ છે કે, ટ્રુડોએ ટ્રમ્પ ઉપર કેનેડાની અર્થવ્યવસ્થા બરબાદ કરવાનો આરોપ લગાવ્યો છે. જ્યારે ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે તો કેનેડાથી અમેરિકામાં પુરો પડાતો વીજપુરવઠો અટકાવવા સુધીની ધમકી આપી છે. ઓન્ટેરિયો પ્રાંતથી અમેરિકાના ત્રણ રાજ્યો મિનિસોટા, મિશિગન અને ન્યુ યોર્કમાં લગભગ 15 લાખ ઘરોમાં વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. આવા સંજોગોમાં ટ્રમ્પના ટેરિફના પગલાં સામે કેનેડા પણ આક્રમકતા દાખવે તો અનેક ઘરોમાં વીજળી ડુલ થઈ જાય તેમ છે. આવી જ રીતે મેક્સિકોએ પણ અમેરિકન પ્રોડક્ટ્સ ઉપર ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. જ્યારે ચીનની વાત કરીએ તો ચીને યુદ્ધ કરવા સુધીની ઈચ્છા વ્યક્ત કરી દીધી છે.

ચીને અમેરિકા ઉપર એટલો ટેરિફ લાદ્યો છે, જેટલો અમેરિકાએ ચીન પર લાદ્યો છે. ઘણા સમયથી અમેરિકન ડૉલરમાં ભારે ઉછાળો થતો હતો, જોકે ટ્રમ્પના ટેરિફ વૉરના કારણે યુએસ ડોલરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કારોબારના છેલ્લા પાંચ દિવસમાં વિશ્વની છ મુખ્ય કરન્સી સામે ડૉલરનું મૂલ્ય માપતો ડૉલર ઈન્ડેક્સ ઘટીને 105.7 થઈ ગયો હતો. ટ્રમ્પે કેનેડા, મેક્સિસો, ચીન અને ભારત સહિત અન્ય દેશો પર રેસિપ્રોકલ ટેરિફ ઝીંકવા જાહેરાત કરી છે, જે અમેરિકન પ્રોડક્શમાં વધારો કરતો અને રોજગારને પ્રોત્સાહન આપતો નિર્ણય હોવાનું કહેવાઈ રહ્યું છે. પરંતુ અમેરિકન માર્કેટમાં તેની વિપરીત અસર થઈ હતી.

આંતરરાષ્ટ્રી સ્તરે બ્રેંટ ક્રૂડનો પ્રતિ બેરલ ભાવ ઘટીને 70.85 પર અને ડબલ્યુટીઆઈ ક્રૂડ પ્રતિ બેરલ 67.74 ડૉલર પર પહોંચી ગયો છે. ટ્રમ્પે ટેરિફની જાહેરાત કર્યા બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સૌથી મોટી ચોંકાવનારી વાત એ છે કે, ટ્રમ્પે ટેરિફની કરેલી જાહેરાતનો વિરોધ માત્ર વિદેશમાં જ નહીં, અમેરિકામાં પણ વિરોધ થઈ રહ્યો છે. કેટલાક લોકોનું કહેવું છે કે, ટેરિફ ઝીંકવાના કારણે યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થઈ શકે છે. અમેરિકાના ધનિક બિઝનેસમેન વૉરેન બફેટનું પણ માનવું છે કે, ટેરિફ ઝીંકવું ‘એક્ટ ઑફ વૉર’ છે.

જો કે, ગુરુવારે ટ્રમ્પના વલણો જોતા તેઓ પોતે જ મુશ્કેલીમાં મુકાયા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વાસ્તવમાં ભારતીય શેરબજારમાં ગુરુવારે તેજી જોવા મળી હતી. જેનું મુખ્ય કારણ અમેરિકા-કેનેડા-મેક્સિકો વચ્ચે થયેલા સમજૂતી કરાર હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ મુજબ અમેરિકન કોમર્સ સેક્રેટરી હૉવર્ડ લટનિકે સંકેત આપ્યો છે કે, ટ્રમ્પ સરકાર કેટલીક બાબતોમાં ટેરિફ પર રાહત આપી શકે છે. ખાસ કરીને કેનેડા અને મેક્સિકો તરફથી આવતા સામાનો પર ટેક્સમાં રાહત મળી શકે છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# ખેડાની 5 પાલિકામાં ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા

## ચકલાસી, ડાકોર, મહુધા, મહેમદાવાદ અને ખેડા પાલિકામાં પક્ષે જ્ઞાતિ સમિકરણોના સોગઠા ગોઠવ્યાં : આગામી દિવસોમાં હોદ્દેદારો નિમાશે

**નડિયાદ**

ડાકોર નગરપાલિકામાં લાંબા સમયથી ભાજપના જ સભ્યો વચ્ચે આંતરિક માથાકૂટો અગાઉની ટર્મમાં ચાલતી હતી અને સત્તા પરીવર્તન સુધી વાતો પહોંચી હતી. વિપુલ શાહ પક્ષમાં લોકપ્રિય હોવાથી અને અગાઉ તેમના પત્ની પ્રમુખ રહી ચૂક્યા હોવાથી, પુનઃ વિપુલ શાહને પ્રમુખ પદે નિયુક્ત કરાયા છે. જ્યારે જનરલ કેટેગરીમાં આવતા તેજેન્દ્ર હાડા અને દિપીકાબેન શર્મા વર્ષોથી પક્ષ સાથે સંકળાયેલા હોવાથી તેમને હોદા અપાયા છે. કારોબારી ચેરમેન તરીકે દિપીકાબેન શર્માની વરણી કરાઈ છે.

મહેમદાવાદ નગરપાલિકામાં ભાજપે પાટીદાર તરીકે પ્રશાંતકુમાર પટેલને મેદાને ઉતાર્યા છે. જ્યાં ઓબીસી-દેવીપૂજક સમાજમાંથી આવતા વર્ષાબેન વાઘેલાને ઉપપ્રમુખ અને ક્ષત્રિય તરીકે રાકેશભાઈ સોઢાને કારોબારી ચેરમેન બનાવ્યા છે. પ્રશાંતકુમાર પટેલ અગાઉ એકવાર સભ્ય તરીકે ચૂંટાયા હતા, તે બાદની ટર્મમાં સ્વૈચ્છિક ચૂંટણી લડયા નહોતા. હવે પુનઃ તેઓ ચૂંટણી લડયા અને પ્રમુખ બન્યા છે. જ્યારે કારોબારી ચેરમેન તરીકે રાકેશભાઈ કનુભાઈ સોઢાની વરણી કરાઈ છે.

ચકલાસી નગરપાલિકામાં ભાજપે ક્ષત્રિય સમાજમાંથી આવતા ધર્મેશભાઈ વાઘેલાને પ્રમુખ બનાવ્યા છે. ધર્મેશ ભાઈનો પરીવાર વર્ષોથી ભાજપ સાથે વફાદારીથી જોડાયેલો છે. ધર્મેશભાઈના પિતા બળવંતસિંહ વાઘેલા અગાઉ ચકલાસી નગરપાલિકાના પ્રમખ હતા અને હાલ ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ, નડિયાદમાં સભ્ય છે. આ સિવાય ધર્મેશભાઈના કાકા રણજીતભાઈ વાઘેલા કેડીસીસીના ડીરેક્ટર છે. જેથી મજબૂત પારીવારિક રાજકીય પૃભૂમિના કારણે ધર્મેશભાઈને પ્રમુખપદુ મળ્યું છે. તો પાટીદાર સમાજમાંથી આવતા અમિતભાઈ પટેલ ભાજપના સક્રિય કાર્યકર્તા છે અને જીગરભાઈ વાઘેલા પણ ભાજપ સાથે વર્ષોથી જોડાયેલા હોવાથી તેમને હોદ્દા મળ્યા છે. કારોબારી ચેરમેન તરીકે જીગરભાઈ વાઘેલાની નિમણૂક કરાઈ છે.

મહુધા નગરપાલિકાની વાત કરીએ તો આંજણા પટેલ સમાજમાંથી આવતા રૂપેશ રાઠોડને પ્રમુખ બનાવાયા છે. આ તરફ લઘુમતી સમાજમાં લોકપ્રિય હોવાથી અને સંતુલન જળવાય તે માટે ભાજપે અશ્ફાક મલેકને ઉપપ્રમુખ બનાવ્યા છે. જ્યારે જ્ઞાતિ સમીકરણ સચવાય તે માટે ક્ષત્રિય સમાજમાંથી રેવાબેન સોઢાપરમારને કારોબારી ચેરમેન બનાવ્યા છે. કારોબારી ચેરમેન પદે રેવાબેન સોઢાપરમારની બિનહરીફ વરણી કરાઈ હતી.

ખેડાની સામાન્ય અનામત બેઠક હતી. તો પાટીદાર સમાજમાંથી આવતા જ્યોત્સના બેન નયનકુમાર પટેલ લાંબા સમયથી ભાજપમાં સક્રિય હતા, તેમાંય પક્ષને વફાદાર રહેતા પ્રમુખપદ મળ્યું છે. તો અક્ષયકુમાર ભાવસાર અને અંકીત પટેલ યુવા ચહેરો અને સાથે જ પક્ષના સક્રિય કાર્યકર્તા હોવાથી તેમને પણ હોદા આપવામાં આવ્યા છે. જ્યારે કારોબારી ચેરમેન પદે અકીંતકુમાર પટેલની વરણી કરાઈ છે.

# જમીન કૌભાંડની ફાઇલ ગાયબનો મુદ્દે આણંદ કલેક્ટર કચેરીમાંથી રજિસ્ટર જપ્ત

**આણંદ**

આણંદ જિલ્લા કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા તત્કાલીન નાયબ મામલતદાર જે.ડી. પટેલ અને અધિક જિલ્લા કલેક્ટર કેતકી વ્યાસે બોરસદની વાસદ ચોકડી નજીક આવેલી અંદાજિત ૧૬૮ ગુઠા જેટલી હિજરતી જમીનોને બિનખેતીમાં ફેરવી હોવાના આક્ષેપ બાદ તપાસમાં સરકારને મોટું આથક નુકસાન થયું હોવાનું ખુલ્યું હતું. બાદમાં ત્રણ અધિકારીઓના ખૂલાસા મંગાવાયા હતા. આ જમીનની ફાઈલ કલેક્ટર કચેરીમાંથી ગાયબ હોવાનું જાણવા મળતા તપાસ અધિકારી તરીકે મિતાબેન ડોડીયાની નિમણૂક કરાઈ હતી. જમીનનું રેકોર્ડ ન મળ્યા બાદ આ અંગે આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધી તપાસ આણંદ એલસીબીને સોંપાઈ હતી. આણંદ કલેક્ટર કચેરીમાંથી બોરસદના બ્લોક સર્વે નંબરની ફાઈલ રેકોર્ડ શાખામાંથી ગુમ થવાના મામલામાં આણંદ એલસીબી પોલીસની ટીમ કલેક્ટર કચેરીની રેકર્ડ શાખા ખાતે તપાસ અર્થે પહોંચી હતી. જ્યાં એલસીબીના અધિકારીઓએ જે રજીસ્ટરમાં સહી કરીને કોઈ સરકારી કર્મચારી જમીનની ફાઈલ લઈ ગયો છે તે મુવમેન્ટ રજીસ્ટર કબજે લીધું હતું.

# આંકલાવ નગર પાલિકામાં પ્રથમ વખત અપક્ષના સમર્થનથી ભાજપ સત્તાના સિંહાસન સુધી પહોંચ્યો

## ઓડ અને બોરિયાવી પાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરાઈ

**આણંદ**

આંકલાવ પાલિકાની ચૂંટણીઓમાં ભારે રસાકસી બાદ પરિણામમાં ભાજપે ૧૦ જ્યારે અપક્ષે ૧૪ બેઠકો પર જીત મેળવી હતી. ભાજપે વધુ ૬ સભ્યોનું સમર્થન મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. આંકલાવ પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ તરફથી પ્રમુખ પદ માટે ઉન્નતિબેન પટેલ તથા ઉપપ્રમુખ માટે અમિતભાઈ પઢિયારના ઉમેદવારીપત્ર ભરવામાં આવ્યા હતા. કોંગ્રેસ સમથત અપક્ષમાંથી પ્રમુખ પદ માટે અંજૂબેન ઠાકોર અને ઉપપ્રમુખ માટે મહેન્દ્રસિંહ પઢિયારે ઉમેદવારીપત્રો ભર્યા હતા. બાદમાં ચૂંટણીના મતદાનમાં ભાજપને ૧૬ અને અપક્ષને ૮ મત મળ્યા હતા. જેથી ભાજપના પ્રમુખ અને ઉપપ્રમુખને વિજેતા જાહેર કરાયા હતા. જ્યારે ભાજપમાંથી વિશાલ પટેલની કારોબારી ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરાઈ હતી. આંકલાવમાં ભાજપ પહેલી વખત સત્તા ઝૂંટવી લેવામાં સફળ થયું હતું. ભાજપ પક્ષ દ્વારા ઓડ નગરપાલિકામાં પ્રમુખ તરીકે સંજયભાઈ જે. પટેલ તેમજ ઉપપ્રમુખ તરીકે કેતનકુમાર આર. રાવલજીની બિનહરીફ વરણી થવા પામી હતી.જ્યારે બોરીયાવીની નગરપાલિકામાં બીજેપીની સ્પષ્ટ બહુમતીને કારણે પ્રમુખ તરીકે રમીલાબેન રમેશભાઈ ભોઈ તેમજ ઉપપ્રમુખ તરીકે તેજસિંહ અજયસિંહ ચૌહાણની બિનહરીફ વરણી કરી ભાજપે ત્રણે નગરપાલિકામાં જીત મેળવી લીધી હતી.

# કારનું ભાડું 54000 વસૂલવા યુવકને ઓફિસમાં પુરી 5 કલાક સુધી માર મારતાં મોત: 3 પકડાયા

**વડોદરા**

ગોરવાની જેસલ સોસાયટીમાં રહેતા આશિષ સુથારે પોલીસને કહ્યું છે કે, સારસા ગામે સુથાર પોળમાં રહેતા મારા કઝીન પાર્થ ઉર્ફે રવિ સુથાર (૨૭ વર્ષ) રણોલીની એબીસી કંપનીમાં નોકરી કરતો હતો. તા.૩જીએ રાતે ગોરવામાં રહેતા મારા પરિચિત જયદીપ સોલંકીનો મારા પર ફોન આવ્યો હતો અને મળવા બોલાવ્યો હતો. હું ત્યાં ગયો ત્યારે જયદીપની સાથે વિશ્વજીત વાઘેલા પણ આવ્યો હતો. વિશ્વજીતે મને કહ્યું હતું કે તારા ભાઈ પાર્થે મારી કાર અરવલ્લીમાં વેચી દીધી છે.તેનું ભાડું પણ આપતો નથી.જેથી હું તેને જોઈ લઈશ. તેણે મારા ભાઈ પાર્થને ફોન કર્યો હતો પરંતુ પાર્થે ફોન લીધો નહતો. ત્યારબાદ મેં કરતાં મારો પણ ફોન લીધો નહતો. થોડીવાર બાદ પાર્થનો ફોન આવતાં વિશ્વજીતે તેને કહ્યું હતું કે, જો તું પૈસા નહિ આપે તો તારા ભાઈને છોડવાનો નથી. જેથી પાર્થે બીજા દિવસે મળવાનું કહેતાં મને જવા દીધો હતો. આશિષે કહ્યું હતું કે,બીજા દિવસે તા.૪થી એ સવારે પાર્થનો ફોન આવ્યો હતો અને છાણીમાં ફોર્ચ્યુન ગેટ વે સામે વિશ્વજીતની ઈન્ફિનિટિ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસમાં મળવા જાઉ છું તેમ કહ્યું હતું. ત્યાર પછી તેનો સંપર્ક થયો નહતો.સાંજે વિશ્વજીતે મને ફોન કરી તારા ભાઈને એસએસજીમાં દાખલ કર્યો છે તેમ કહેતાં હું પહોંચ્યો ત્યારે તેના મૃતદેહ પાસે કોઈ નહતું અને આખા શરીરે ઈજાઓ હતી. આરોપીઓએ ત્રણ થી ચાર કલાક સુધી પટ્ટા, લાકડી મારીને હત્યા કરી છે. એસીપી ધર્મેન્દ્રસિંહ ચાવડાએ હત્યાનો ગુનો નોંધાવી સૂત્રધાર વિશ્વજીત કરણસિંહ વાઘેલાતેના બે ડ્રાઈવર રોનક મહેન્દ્રભાઈ ચૌહાણ અને પ્રજ્ઞેશ ઉર્ફે ભઈલુ બકુલભાઈ રામાની ધરપકડ કરી છે.

# ફાર્મા મટીરીયલ કંપની સાથે અમદાવાદની મહિલાએ રૂપિયા 5.13 કરોડની ઠગાઈ કરી

**વડોદરા**

વડોદરામાં ફાર્મા મટીરીયલના ટ્રેડીંગનો ધંધો કરતા વેપારી સાથે અમદાવાદની મહિલાએ રૂ.5.13 કરોડની ઠગાઈ કરી છે. વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં હર્ષદભાઈ શિવાભાઈ સોલંકી, એ ડી.એમ. કોર્પોરેશનના પ્રોપરાઈટર શિતલબેન ગોપાલભાઈ પંચાલ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું નીયોન ટેક્નોલોજી કંપનીમાં ભાગીદાર છું. અમારી ફર્મ ફાર્માસ્યુટીકલ્સ રો-મટીરીયલ્સ સંબંધી કામ કરે છે. કંપનીમાં ચાર ભાગીદાર છે અને કંપની દ્વારા બ્રોકર સાથે મળીને કુલ રૂ.11 કરોડની કિંમતના અલગ-અલગ ફાર્મા મટીરીયલ આપ્યું હતું. ફેબ્રુઆરી-2024 થી જુન-2024 સુધીમાં આ માલ આપવામાં આવ્યો હતો. તેમને મોકલેલા માલની ગુણવત્તા તથા જથ્થા અંગે કોઈ વાંધો કે તકરાર સામે આવી ન હતી. શિતલ પંચાલ દ્વારા શરૂઆતના સમયમાં નિયમીત પેમેન્ટ કરવામાં આવતું હતું. ત્યાર બાદ તેઓ પેમેન્ટ નહીં આપી વાયદાઓ કરતા હતા. તેમણે આપેલા ચેકો પણ રીટર્ન થતા સમજુતી કરાર કર્યા હતા. શીતલ પંચાલ દ્વારા 11 અલગ-અલગ ચેકો આપવામાં આવ્યા હતા. તે પૈકી એક પણ ચેક અમારા ખાતામાં જમા થયો નથી. તમામ ચેક રીટર્ન થયા છે.


**Warehouse Person Required**

Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store

Near Eglinton Ave East, Mississauga.
Reference Required.

: Please Contact :
achristie1124@Yahoo.Com

Tel : 416-709-1424



**શિવશ્રદ્ધા જ્યોતિષ**

UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૧ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય

મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ

Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem

પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે

On the Spot Result - Black Magic Specialist

NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન

84/A, શ્રીકુંજરો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.

: +91-9924634078
www.shivshraddhaastrologer.com

# બેંગકોકથી રૂ.15.85 કરોડના ગાંજા લાવનારા સુરતના 4 યુવકની મુંબઈ એરપોર્ટ પર ધરપકડ

## ડ્રગ્સ પેડલરે ચારેય યુવાનોને બેંગકોક થાઈલેન્ડની મફતમાં ટૂરની લાલચ આપી હતી

**સુરત**

મુંબઈ એરપોર્ટ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ આજે સોમવારે બેંગકોકથી મેળવેલા 15.85 કરોડ રૂપિયાના હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરી કરવાના આરોપમાં ચાર શખ્સની ધરપકડ કરી હતી. ચારેય આરોપી ગુજરાતના સુરતના હોવાનું સામે આવ્યું છે. સુરતના ડ્રગ્સ પેડલરે ચારેય યુવાનોને બેંગકોક થાઈલેન્ડની મફતમાં ટૂરની લાલચ આપી હતી અને યુવાનોને પરત ફરતી વખતે કોસ્મેટિક વસ્તુઓ હોવાનું કહીને હાઈબ્રિડ ગાંજા ભરેલી બેગ મુંબઈ ડિલિવરી કરવા જણાવ્યું હતું. જ્યારે સમગ્ર મામલે કસ્ટમ અધિકારીએ સુરતના યુવાનો પાસેથી ગાંજો જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મુંબઈ એરપોર્ટ ખાતેથી સુરતના ચાર યુવાનોને રૂ.15.85 કરોડ હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરી મામલે કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા વ્યક્તિની ઓળખ સુરતના રહેવાસી ભાવિક પ્રજાપતિ (ઉ.વ. 25), ધાર્મિક મકવાણા (ઉ.વ. 22), રોનિત બલાર (ઉ.વ. 23) અને હિતેનકુમાર કાછડિયા (ઉ.વ. 23) તરીકે થઈ છે. સ્પોટ પ્રોફાઈલિંગના આધારે, AIUના અધિકારીઓએ ગઈકાલે રવિવારે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બેંગકોકથી આવેલા ચાર મુસાફરોની અટકાયત કરી હતી.

# આસારામ સામે દુષ્કર્મ કેસના સાક્ષીઓ પર હુમલો કરનાર આરોપી 10 વર્ષે ઝબ્બે

## આરોપી તામરાજ પર 50000નું ઇનામ રાખવામાં આવ્યું હતું

**સુરત**

આસારામ વિરુદ્ધ નોંધાયેલા દુષ્કર્મ કેસના સાક્ષીઓ પર એસિડ એટેક, જીવલેણ હુમલા સહિત હત્યાના ગુનામાં સંડોવાયેલા આરોપી તામ્રધ્વજ ઉર્ફે તામરાજને નોઇડા, ઉત્તરપ્રદેશથી સુરત ક્રાઈમ બ્રાન્ચે 10 વર્ષે ઝડપી પાડ્યો છે. અનેક રાજ્યની પોલીસ આરોપીને શોધી રહી હતી. આરોપીએ પોલીસ પકડથી દૂર રહેવા માટે અને પોતાની ઓળખ છૂપાવવા માટે ધર્મ પરિવર્તન કર્યું હતું. આરોપીએ આસારામ અને નારાયણ સાંઈને મળવા માટે અનેક પ્રયાસો કર્યા હતા. જ્યારે આરોપી તામરાજ પર 50000નું ઇનામ રાખવામાં આવ્યું હતું.

આસારામ સામે દુષ્કર્મના કેસમાં સાક્ષી પર જીવલેણ હુમલો કરનાર આરોપી તામરાજ અંતે 10 વર્ષે ઝડપાયો છે. આરોપીને શોધી કાઢવા માટે ગુજરાત સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણાની પોલીસ તપાસ કરી રહી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને તામરાજને ઉત્તરપ્રદેશના નોઇડામાંથી ઝડપી પાડ્યો છે.

# ભરૂચમાં બેન્ડના અવાજથી બાંધેલી ભેંસ ભડકતાં વરઘોડામાં મારામારી

**ભરૂચ**

ગુજરાતના ભરૂચમાં લગ્ન પહેલાં વરઘોડામાં મારામારીની ઘટના સામે આવી છે. વરરાજા પોતાની લાડી લેવા જઈ રહ્યા હતાં, તે પહેલાં વરઘોડા દરમિયાન બેન્ડ વગાડવા મુદ્દે મારામારી થઈ હતી. બેન્ડના અવાજથી ભેંસ ભડકી હતી, જેના કારણે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે, પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચના નવા તવરા ગામે લગ્નનો પ્રસંગ હતો. વરરાજા પોતાની લાડીને પરણવા જઈ રહ્યાં હતાં, તે દરમિયાન જાનૈયાઓ વરઘોડામાં નાચીને લગ્નની ઉજવણી કરી રહ્યાં હતા. જોકે, વરઘોડામાં વાગતાં બેન્ડના અવાજથી ગામમાં એક વ્યક્તિના ઘરે બાંધેલી ભેંસ અચાનક ભડકી ગઈ હતી. જેથી, ત્યાંના લોકોએ બેન્ડનો અવાજ ધીમો કરવાનું કહેતાં, પહેલાં આ મામલે બોલાચાલી થઈ અને બાદમાં આ દ્રશ્ય હિંસામાં બદલાઈ ગયું હતું. બંને પક્ષો દ્વારા મારામારી કરવામાં આવી અને લગ્ન પડતાં રહી મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. સમગ્ર મામલે બંને પક્ષ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે હાલ બંનેની ફરિયાદ નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# માંડવી પાસે કેનાલમાં ભંગાણ : ખેતરોમાં પાણી ફરી વળ્યાં



સુરત : સુરતમાં માંડવીના ઉશ્કેર નજીક આવેલી કેનાલમાં મોટું ભંગાણ થયું હતુ. કેનાલના ભંગાણના કારણે પાણી નજીકના ખેતરોમાં પહોંચી ગયાં હતા. જેનાથી ખેડૂતોને ભારે નુકસાન થવાની સંભાવના છે. હાલ સિવાય સિંચાઈ અધિકારીઓ હાલ ઘટનાસ્થળે પહોંચી ગયાં હતા. જોકે, હજુ સુધી પાણીનો પ્રવાહ બંધ થતાં કલાકોનો સમય લાગી શકે છે. પાણીનો પ્રવાહ રોકાઈ નથી રહ્યો ત્યારે ખેડૂતોને પાકને નુકસાન થવાનો ભય છે. નોંધનીય છે કે, આ અગાઉ પણ આ કેનાલમાં ભંગાણ થયું હતું. જેના કારણે કેનાલના સમારકામમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નર્મદા : રાજકીય અદાવતમાં જિલ્લા પંચાયત પ્રમુખ, તેમના પુત્ર તેમજ અન્યો સામે ફરિયાદ

**રાજપીપલા**

તિલકવાડા તાલુકાના ભાવપુરા ટેકરા ગામે લગ્ન પ્રસંગ દરમિયાન ચૂંટણીની જૂની અદાવતમાં નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી અને ભાજપના જ કાર્યકર અરુણ તડવીના જૂથ વચ્ચે મારામારીની ઘટનામાં સામા પક્ષે જિલ્લા પંચાયતના પ્રમુખ, તેમના પુત્ર સહિત અન્ય સામે પણ પોલીસે ગુનો દાખલ કર્યો છે.

મનોજ તડવીએ તિલકવાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારો પુત્ર તેના મિત્રો સાથે ભાવપુરા ખાતે લગ્નમાં ગયા બાદ મોડી રાત સુધી ઘરે પરત ન આવતા તેને લેવા ગયો હતો. લગ્નનો વરઘોડો ચાલતો હોય તે જોવા માટે ત્યાં ઊભો હતો ત્યારે આ વરઘોડામાં હેમંત તડવીએ ગણસિંડા ગામના પ્રવિણ તડવી સાથે ઝઘડો કરતા હું તેને ઝઘડો ના કરવા સમજાવતો હતો ત્યારે ચિરાગ તડવી અને ભીમસિંગ તડવીએ અપશબ્દો બોલી ઝઘડો કરી મને માર માર્યો હતો. આ બાબતની જાણ મારા ભાઈ અરુણ તડવીને કરતા તેઓ અર્જુન તડવી અને રજનીકાંત તડવી સાથે ત્યાં આવ્યા ત્યારે તેમના ઉપર પણ ચિરાગ તડવી અને ભીમસિંગ તડવી સહિત અન્ય સાગરીતોએ હુમલો કરી અરુણ તડવીને લોખંડની પાઈપ મારી ઈજા પહોંચાડી હતી. પોલીસે મનોજ તડવીની ફરિયાદના આધારે જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ શના તડવી, તેમના દીકરા ચિરાગ સહિતનાઓ સામે ગુનો દાખલ કર્યો છે

# દમણમાં શરત જીતવાની લ્હાયમાં યુવકે જીવ ગુમાવ્યો, સ્વિમિંગ પુલમાં શ્વાસ રોકતાં મોત

**દમણ**

મિત્રો સાથે ફરવા ગયેલા વલસાડના યુવકે શરત જીતવાની લ્હાયમાં જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. વલસાડનો પ્રકાશ પટેલ નામનો યુવક પોતાના 12 જેટલા મિત્રો સાથે દમણ ખાતે આવેલા ફાર્મ હાઉસમાં પાર્ટી કરવા ગયો હતો. જ્યાં મિત્રો વચ્ચે શરત લાગી હતી કે કોણ વધુ સમય સુધી પાણીમાં શ્વાસ રોકી શકે છે. લાંબા સમય સુધી યુવક બહાર ન આવતા અન્ય મિત્રોએ તેણે બહાર કાઢી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. જોકે આ ઘટનાના સી.સી.ટી.વી. ફૂટેજ પણ સામે આવ્યા છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડનો યુવક પ્રકાશ પટેલ પોતાના મિત્રો સાથે દમણ ફરવા ગયો હતો. દમણમાં આવેલા ફાર્મ હાઉસમાં રોકાયા હતા, જ્યાં ત્રણ મિત્રો વચ્ચે શરત લાગી હતી કે, સ્વિમિંગ પુલમાં કોણ વધુ સમય સુધી શ્વાસ રોકીને ડૂબકી લગાવી શકે છે. ત્યારે લાંબા સમય સુધી પ્રકાશ પટેલ નામનો યુવક બહાર ન આવતાં મિત્રોએ તેને બહાર કાઢી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં હાજર તબીબોની ટીમે યુવકને મૃત જાહેર કર્યો હતો. જોકે આ ઘટનાના સી.સી.ટી.વી. ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં મિત્રો સ્વિમિંગ પૂલમાં ન્હાતા જોવા મળે છે. આ દરમિયાન યુવક અચાનક ડૂબી જાય છે અને તેના મિત્રો તેને બહાર કાઢીને સી.પી.આર. આપે છે, પરંતુ ઘણું મોડું થઈ ગયું હોય છે.

# 29 માર્ચથી નર્મદા પરિક્રમાનો પ્રારંભ, મહિનામાં લાખો ભક્તો પરિક્રમા કરશે

**વડોદરા**

વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થતી નર્મદા નદી 6 કિમી સુધી ઉત્તર દિશામાં વહેતી હોવાથી ચૈત્ર મહિનામાં પંચકોશી ઉત્તરવાહિની પરિક્રમાનું વિશેષ માહાત્મ્ય છે. જેને કારણે આગામી તા.૨૯મી માર્ચથી પરિક્રમા તા.૨૭મી એપ્રિલ સુધી ચાલશે. જુદાજુદા રાજ્યોના ભક્તો પરિક્રમા માટે ઉમટી પડનાર હોવાથી નર્મદા જિલ્લાના વહીવટીતંત્ર માટે વ્યવસ્થાનો મોટો પડકાર આવ્યો છે. કોઈ પણ નદી ઉત્તર દિશામાં વહે ત્યારે તેનું ધાર્મિક માહાત્મ્ય વધી જાય છે.કાશીમાં ગંગાજી ઉત્તરમાં વહેતા હોવાથી ત્યાં વિશેષ મહત્વ છે.આવી જ રીતે નદીઓમાં આગવું મહત્વ ધરાવતી નર્મદા નદી પણ રાજપીપળાના રામપુરા ગામથી તિલકવાડા સુધી ઉત્તર દિશામાં વહે છે.

# ધારાસભ્ય ચૈતર વસાવાનો બુટલેગર સાથે લગ્નમાં ડાન્સ કરતો વીડિયો વાઇરલ

## વિવાદ થતાં વસાવાએ કહ્યું, તે તો ભાજપનો સભ્ય છે

**સુરત**

સુરતમાં સાથીમિત્રની બહેનના રવિવારે લગ્નમાં ચૈતર વસાવાએ હાજરી આપી હતી. આ દરમિયાન સુરતના કામરેજ પંથકના બુધો ઉર્ફે બુધિયો નામના શખ્સની બાજુમાં ચૈતર વસાવા ડાન્સ કરતાં જોવા મળ્યા હતા.

જો કે, ચૈતર વસાવા જેના ખભા પર હાથ રાખીને ડાન્સ કરી રહ્યા હતા, તે શખ્સ બુટલેગર હોવાનું જાણવા મળ્યું હતું. બુટલેગર સાથે ચૈતર વસાવાનો ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયમાં વાઈરલ થયો હતો. જેને લઈને વસાવાએ ચોખવટ કરી હતી. ચૈતર વસાવાએ આ મામલે સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, 'એ વ્યક્તિ સાથે મારે કોઈ પરિચય નથી, અગાઉ અમે મળ્યા પણ નથી. લગ્નમાં મોટી સંખ્યામાં લોકો નાચતા હતા, આ દરમિયાન એ વ્યક્તિ અજાણતા મારી પાસે આવીને નાચવા લાગ્યો હતો.

અમે દારૂનો ધંધો કરનાર તમામના વિરોધી છે અને અમે એવા કોઈ વ્યક્તિનું સમર્થન કરતાં નથી. આ વ્યક્તિ ભાજપનો સક્રિય સભ્ય છે. '

# દુબઈ, અમેરિકા સહિતના દેશોમાં હીરાની ડિમાન્ડમાં વધારો: ઉદ્યોગની સ્થિતિ સુધરવાની આશા

**સુરત**

અઢી વર્ષથી મંદીમાંથી પસાર થઈ રહેલા ડાયમંડ ઉદ્યોગમાં તેજી આવવાની શક્યતા છે. દુબઈ અને અમેરિકા સહિતના દેશોમાં પતલી સાઈઝના ડાયમંડની ડિમાન્ડ જોવા મળતા રફ માઈનીંગ કરતી ડિ-બીયર્સ સહિતની કંપનીની ફેબ્રુઆરીના અંતમાં યોજાયેલી હરાજીમાં વેપારીઓએ સરેરાશ 10 થી 15 ટકા ઉચા ભાવે ટેન્ડર ભર્યા હતા. સુરતની ઓળખ ગણાતો ડાયમંડ ઉદ્યોગ છેલ્લા અઢી વર્ષથી ભયંકર મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. ડાયમંડ ઉદ્યોગકારોના મતે વીતેલા પાંચ દાયકામાં ક્યારેય નહીં જોવા મળી હોય તેવી મંદી છેલ્લા અઢી વર્ષથી ચાલી રહી છે. જો કે કેટલાક ઉદ્યોગકારોના મતે દિવાળી બાદ ઉદ્યોગની ગાડી ધીમે-ધીમે પાટા ઉપર ચડી રહી છે.

# ભાજપના કોર્પોરેટરને ઠગનારા પૂર્વ ચેરમેને પૂજારી પાસે 1 કરોડ પડાવ્યા

**વડોદરા**

ભાજપના કોર્પોરેટરને સુખલીપુરાની જમીન વેચવાના નામે રૂ.૨૧ લાખની ઠગાઈ કરનાર વડોદરા કોર્પોરેશનની શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન દિલીપસિંહ ગોહિલ અને તેના સાગરીત કમલેશ દેત્રોજાએ આ જ જમીન ભણીયારા ગામના મંદિરના મહારાજને પણ વેચવાના નામે રૂ.૧.૦૪ કરોડ પડાવી લીધા હોવાની ફરિયાદ ક્રાઈમ બ્રાન્ચમા નોંધાઈ છે.

વડોદરા નજીક આવેલા સુખલીપુરા ગામે અંદાજે બે લાખ ફૂટ જેટલી જગ્યાના મૂળ માલિક અમરેલીના અમૃતભાઈ પરેચા હતા. જે જમીનનો પાવર ઓફ એટર્ની કમલેશ દેત્રોજા પાસે છે તેમ કહી શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન દિલીપસિંહ ગોહિલે ભાજપા કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજાને આ જમીન રૂ.૧.૪૫ કરોડમાં વેચાણ કરવાના નામે રૂ.૨૧ લાખ પડાવી લીધા હતા.કોર્પોરેટરે તપાસ કરતાં પાવર ઓફ એટર્ની બોગસ હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી ફરિયાદ કરતાં કમલેશ દેત્રોજાની ધરપકડ થઈ હતી.જ્યારે પૂર્વ ચેરમેન દિલીપસિંહ ફરાર છે.

ઉપરોક્ત બનાવ બાદ સુખલીપુરાની આ જ જમીન વડોદરાના ભણીયારા ગામના અંબાજી મંદિરના મહારાજ રમેશભાઈ પટેલને રૂ.દોઢ કરોડમાં વેચી દેવાનો કારસો રચી દિલીપસિંહ અને કમલેશ દેત્રોજાએ રૂ.૧.૦૪ કરોડ ખંખેરી લીધા હતા.

રમેશભાઈએ કહ્યું છે કે,મારે મંદિર માટે જમીનની જરૂર હોવાથી દિલીપસિંહ ગોહિલે મને આ જમીન બતાવી હતી.તેણે કમલેશ દેત્રોજા પાસે પાવર ઓફ એટર્ની હોવાનું કહી દસ્તાવેજ વંચાવ્યો હતો.પરંતુ તેની નકલ આપી નહતી.મેં પેમેન્ટ કરી દીધું હતું અને બાકીની ૪૫ લાખ જેટલી રકમ દસ્તાવેજ વખતે આપવાનું કહ્યું હતું.પરંતુ દસ્તાવેજ માટે બંને જણા બહાના બતાવતા હોવાથી શંકા ગઈ હતી.તપાસ કરતાં આ જમીન તેમણે કોર્પોરેટર પરાક્રમસિંહને વેચી હોવાનું જાણવા મળ્યું હતું.ઉપરોક્ત ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચે બંને સામે વધુ એક ગુનો નોંધ્યો છે.

# વડોદરામાં માતાએ ઠપકો આપતાં ધોરણ સાતના વિદ્યાર્થીએ ફાંસો ખાધો

**વડોદરા**

વડોદરા શહેરના છેવાડે આવેલા વેમાલી ખાતે પરિવાર આવેલ શ્રવણ એક્નલેવમા રહેતા અને બ્રાઈટ ડે સ્કુલમાં સીબીએસઈમાં ધોરણ -૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. હાલ વિદ્યાર્થીની પરિક્ષા ચાલતી હોઈ, માતાએ અભ્યાસ કરવા માટે ઠપકો આપતાં આપઘાત કરી લીધો હતો. બાળકના મૃતદેહને જોઈ મહિલા પોલીસ અધિકારીની પોષ્ટ મોર્ટમ માટે હિંમત ચાલતી ન હતી. મંજુસર પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિગત એવી છે કે, વેમાલીમાં એમ. એસ. હોસ્ટેલ પાસે મ્-૩૦૨, શ્રવણ એક્નલેવમા અરુણભાઈ વસંતરાવ ગુંડેકર પત્ની અને બે બાળકો સાથે રહે છે. અને મંજુસર જીઆઈડીસીમા ગ્દમ્ઞ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવે છે. તેમના બે સંતાનો પૈકી મોટા ૧૩ વર્ષના પુત્ર નિમીશે મંગળવારે બપોરના સમયે પોતાના બેડરૂમમાં બારી સાથે બેલ્ટ બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

# વડોદરા મનપા પાસે સિંચાઈ વિભાગની ઉઘરાણી : 4658 કરોડ ભરવા તાકીદ

**વડોદરા**

વડોદરા કોર્પોરેશન અને રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ વચ્ચે પાનમ યોજનાના કરાર અંતર્ગત ચાલી રહેલા વિવાદમાં સિંચાઈ વિભાગે કોર્પોરેશનને રૂ. 4658 કરોડની મસમોટી રકમ ચૂકવવા ફરી એક વખત નોટિસ ફટકારી છે અને આ રકમ તાત્કાલિક ભરપાઈ કરવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્પોરેશન અને સિંચાઈ વિભાગ વચ્ચે વર્ષો અગાઉ પાનમ યોજના હેઠળ કરાર થયા હતા. જેમાં કોર્પોરેશન દર મહિને ચોક્કસ પાણીનો જથ્થો મહિસાગર નદીમાંથી મેળવી ફાજલપુર, રાયકા, ધોળકા અને પોઈચા ફ્રેન્ચવેલની મદદથી શહેરના વિવિધ વિસ્તારમાં પાણીનો જથ્થો પહોંચાડી શકે તે પ્રમાણેનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જે કરાર મુજબ પાલિકાની સમગ્ર સભાએ સૂચવેલા નાણાં દર મહિને પાલિકા દ્વારા રાજ્ય સરકારના સિંચાઈ વિભાગમાં જમા કરાવવામાં આવતા હતા. પરંતુ ત્યારબાદ એકાએક રાજ્ય સરકારના સિંચાઈ વિભાગે



વડોદરા કોર્પોરેશન સાથેનો આ કરાર, પાલિકાની કોઈપણ પ્રકારની રજૂઆત સાંભળ્યા વિના, એકાએક તોડી નાખ્યો હતો અને ત્યારબાદ કોર્પોરેશન પાનમ યોજના હેઠળ જે પાણી લે છે તે માટે વધારાના નાણાં ચૂકવવાના બીલો બજાવવાના શરૂ કર્યા હતા. કોર્પોરેશને સિંચાઈ વિભાગમાં રજૂઆત કરી હતી કે, રાજ્ય સરકારના સિંચાઈ વિભાગ અને કોર્પોરેશન વચ્ચે પાનમ યોજના હેઠળ જે ભાગીદારી કરાર થયા છે તેમાં કોર્પોરેશનની કોઈપણ પ્રકારની રજૂઆતને ધ્યાને લીધા વિના કરાર રદ કરી દેવામાં આવ્યા છે, જેથી કોર્પોરેશને રાજ્ય સરકારમાં પોતાના તરફથી રજૂઆત સાંભળવામાં આવે અને ત્યારબાદ પાનમ યોજનાના કરાર રદ કરવામાં આવે તેવી દલીલ કરી હતી.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door
Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# થાન નગર ભાજપમાં બળવો : પાલિકાના હોદ્દેદારની ચૂંટણીમાં 12 સભ્યો ગેરહાજર

**થાન**

સુરેન્દ્રનગર જિલ્લાના થાન મામલતદાર કચેરી ખાતે પ્રમુખ અને ઉપ-પ્રમુખની અનેક ચર્ચાઓ અને અટકળો વચ્ચે પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ રાણા અને ઉપ-પ્રમુખ તરીકે રાજુભાઈ અલગોતરની વરણી કરાવામાં આવી હતી. વરણી પ્રક્રિયામાં ભાજપના 13 સભ્યોની ઉપસ્થિત રહ્યાં હતા જ્યારે 12 સભ્યો ગેરહાજર રહ્યાં હતા. આ દરમિયાન ગેરહાજર રહેલા ભાજપના 12 અને બસપાના 3 સહિત 15 સભ્યોને ધારાસભ્ય શામજીભાઈ ચૌહાણ અજ્ઞાત જગ્યાએ લઈ ગયા



હોવાની ચર્ચાઓ જોર પકડ્યું છે.

ચોટીલાના ભાજપના સભ્યોમાંથી પ્રમુખ તેમજ ઉપ-પ્રમુખ બનાવવામાં આવે તેવી ઈચ્છા ધરાવતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે પોતાના જૂથના ભાજપના ગેરહાજર રહેલા 12 સભ્યો સહિત બસપાના સભ્યો મળી કુલ 15 સભ્યોને અજ્ઞાત જગ્યાએ લઈ ગયા હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. બીજી બાજુ ભાજપ સંગઠનનું જૂથ તેમજ અમુક ભાજપના સ્થાનિક આગેવાનો દ્વારા થાન નગરપાલિકામાં અગાઉની જેમ એકહથ્થું શાસન જળવાય રહે તે માટે પોતાનું સરળતાથી માનવે તેવા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપ-પ્રમુખ થાય તે માટે પ્રદેશ સંગઠન સુધી તાકાત લગાવી હતી અને અંતે પ્રદેશ ભાજપ સાથે એનકેન પ્રકારે સંકલન કરી માત્ર 13 ભાજપના સભ્યોની હાજરીમાં પ્રમુખ અને ઉપ-પ્રમુખની વરણી કરવામાં આવી હતી.

# દ્વારકામાં ધાર્મિક સ્થળોને પણ નોટિસો તંત્ર દ્વારા દબાણ હટાવવાનું શરૂ કરાયું

## કિસાન કોંગ્રેસ નેતાએ મુખ્યમંત્રીને પત્ર લખી આક્ષેપો કર્યા

**દ્વારકા**

વિકાસ શબ્દને આગળ ધરીને ગુજરાતમાં ગરીબોના ઝૂંપડાં હટાવાઈ રહ્યાં છે. એટલુ જ નહીં, ધાર્મિક સ્થળોને પણ નોટિસો આપી દબાણ હટાવવાનું શરૂ કરાયુ છે જેથી લોકોમાં ભારે આક્રોશ ભભૂકી રહ્યો છે. હિન્દુત્વના નામે ખોબલે ખોબલે મતો મેળવી સત્તાના સિંહાસને બિરાજમાન ભાજપના સત્તાધીશોને હવે મંદિરો પણ નડી રહ્યાં છે. દ્વારકા જીલ્લામાં 200થી વધુ ધાર્મિક સ્થળોને ગેરકાયદેસર દબાણ હટાવવા માટે નોટિસો આપવામાં આવી છે.

લોકોનું કહેવુ છે કે, આંતરિયાળ ગામોમાં ધાર્મિક સ્થળોને તોડી સરકાર શું સાબિત કરવા માંગે છે. શહેરોમાં મોંઘી સરકારી જમીનો પર ભાજપના નેતા-મળતિયાઓના ગેરકાયેદસર કોમ્પ્લેક્સ ખડકી દેવાયા છે ત્યાં દાદાનુ બુલડોઝર કેમ ફરતુ નથી. મહત્ત્વની વાત એ છે કે, ધાર્મિક સ્થળોએ ગેરકાયદેસર દબાણ હતું તો પછી લાખો રૂપિયા ગ્રાન્ટમાં કેમ વાપરવામાં આવે તે વાત ગળે ઉતરતી નથી.

# પ્રયાગરાજ યાત્રા દરમિયાન અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા વધુ 1 યુવાનનું મોત

**ભાવનગર**

ભાવનગર સુભાષનગર વિસ્તારમાઁથી ગત તા. ૨૨ ફેબૂરઆરીના રોજ બે ખાનગદી લકઝરી બસ પ્રયાગરાજ મહાકુંભ, અયોધ્યા, હરિદ્રાર તથા ઉજ્જૈનના પ્રવાસે નિકળી હતી. સાત દિવસલ સુધી વિવિધ ધાર્મિક સ્થલોના યાત્રા પ્રવાસ પૂર્ણ કરી ગત તા.૨૮નારોજ રાત્રિના સુમારે બન્ને બસ હરિદ્વાર જવા નિકળી હતી. દરમિયાનમાં ગત તા.૧ને શનિવારના રોજ વહેલી સવારે લખનૌ-દિલ્હી હાઈ-વે પર બરેલી નજીક બે પૈકી એક ખાનગી લકઝરી બસ આગળ જતા ટ્રેકટર ટ્રોલી પાછળ ઘડાકાભેર ઘૂસી જતાં ભાવનગર શહેરના બે યુવાનો યજ્ઞોશ બારૈયા અને આશિષ ગોહિલના મોત નિપજ્યા હતા. જયારે, આ અકસ્માતમાં અન્ય બે યુવકો હિતેષભાઈ મુળુભાઇ પોસાતર તથા હિતેષભાઈ વેગડ ઈજા થતાં સારવાર માટે બરેલીની હાસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હિતેશભાઈ મુળુભાઇ પોસાતર(ઉ.વ ૩૭ રહે સુભાષનગર, ભાવનગર)ની હાલ ગંભીર મનાતી હતી. દરમિયાનમાં ઈજાગ્રસ્તને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જેનું બુધવારે સારવારમાં મોત નિપજ્યું હતું.

# ભાવનગરમાં ધોળા દિવસે યુવાનને આંતરીને 75 લાખની રોકડ ભરેલ બેગની દિલધડક લૂંટ

## યુવાન બેંકમાંથી નાણાં ઉપાડી બહાર આવ્યો અને લૂંટારાએ નિશાન બનાવી દીધો

**ભાવનગર**

ભાવનગરના ચિત્રા માકેર્ટિંગ યાર્ડ વિસ્તારમાં રહેતાં ગુલામભાઈ રાજાણી સ્ટેટ બેંક ઓફઈન્ડિયાની બ્રાન્ચમાં ગયા હતા. અને ત્યાંથી રોકડા રૂા.૭૫ લાખ બેગમાં મુકી બેંકની બહાર આવવ્યા હતા. જો કે, તેઓ બેંકથી અંદાજે ત્રિસેક કિ.મી. દૂર પહોંચ્યા ત્યારે એકટિવા પર આવેલાં ત્રણ અજાણ્યા લૂંટારાએ તેમને આંતર્યા હતા. અને તેમના હાથમાં રહેલી રોકડ ભરેલી બેગ ઝૂંટવવા પ્રયાસ કર્યો હતો. જો કે, યુવાન અને લૂંટારા વચ્ચેની ઝપાઝપીમાં યુવાનના હાથમાંથી બેગ છૂટી જતાં એકટિવા સવાર લૂંટારા રૂા.૭૫ લાખની રોકડ ભરેલી બેગ લઈને નાસી છૂટયા હતા. બીજી તરફ, ધોળા દિવસે સરાજાહેર રસ્તા પર બનેલી લૂંટની આ ઘટનાને લઈ સ્થાનિક વિસ્તારમાં રીતસર અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જયારે, બનાવ અંગે યુવકે પોલીસને જાણ કરતાં જિલ્લા પોલીસ વડા , બોરતળાવ પોલીસ તથા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ડૉગ સ્કવોર્ડ સહિતનો મસમોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બનાવની ગંભીરતાને લઈ પોલીસે અલગ-અલગ દિશામાં તપાસને આગળ વધારવાં અલગ-અલગ ચારથી વધુ ટીમ બનાવી હતી. તો, ભોગગ્રસ્ત યુવાનના નિવેદન મુજબ લૂંટારાનો સ્કેચ બનાવની તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગઢેચીમાં પ્રોજેક્ટના વિરોધમાં સ્થાનિકોનો મનપા કચેરીએ હલ્લાબોલ, પાકિસ્તાન ઝીંદાબાદના નારા

## વોટર શુધ્ધિકરણના પ્રોજેક્ટ માટે 800થી વધુ આસામીને મનપાની અંતિમ નોટિસ

**ભાવનગર**

ભાવનગર મહાનગરપાલિકાના ટાઉન ડેવલોપમેન્ટ વિભાગ, ટાઉન પ્લાનિંગ વિભાગ, યોજના વિભાગ તથા એસ્ટેટ વિભાગ દ્વારા ગૌરીશંકર તળાવ (બોર તળાવ)થી ક્રીક સુધીના ગઢેચી વોટર બોડીના શુધ્ધિકરણના પ્રોજેક્ટ માટે કુંભારવાડા બ્રિજથી ક્રિક સુધીના વિસ્તારમાં ગઢેચી વોટર બોડીના બંને કાંઠે રહેતા આશરે 800થી વધુ આસામીઓને તાજેતરમાં અંતિમ નોટિસ ફટકારવામાં આવતા ફફડાટ ફેલાયો છે. આ તમામ લોકોને માલિકી આધારો તથા બાંધકામ મંજૂરીના આધારો રજૂ કરવા જણાવવામાં આવેલ છે તેથી લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ વિસ્તારમાં હજારો લોકો વર્ષોથી રહે છે અને આ પ્રોજેકટ માટે દબાણ હટાવવામાં આવશે તો લોકો ઘર વિહોણા થાય તેમ છે ત્યારે પ્રોજેક્ટ માટે દબાણ હટાવવાના છે ત્યારે સ્થાનિક લોકોને રહેવા માટેની વૈકલ્પીક વ્યવસ્થા કરવા માંગણી ઉઠી છે. આ મામલે આજે બુધવારે ભાવનગર ઝુંપડપટ્ટી હીત રક્ષા સમિતીની આગેવાનીમાં રેલી કાઢી ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને મહાપાલિકાનો ઘેરાવ કર્યો હતો. રેલીમાં કોંગ્રેસ કાર્યકરો સહિતના લોકો બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતાં.

ભાજપ હાય હાયના નારા લગાવ્યા હતાં. પાકીસ્તાન ઝીંદા બાદના નારા લગાવ્યા હતા અને મકાન ન આપી શકો તો પાકીસ્તાન મોકલી દ્યો તેમ વિરોધ કરતા લોકોએ જણાવ્યું હતું. મહાપાલિકામાં દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા અને કોઈએ રજૂઆત સાંભળી ન હતી.

# કૃષ્ણ જન્મભૂમિમુક્તિ આંદોલન દ્વારકાથી પ્રારંભ : રથયાત્રા તા.23ના મથુરા પહોંચશે

**રાજકોટ**

અયોધ્યામાં શ્રી રામના જન્મસ્થળ પર રામ મંદિરના નિર્માણ પછી હવે હિન્દુ સંગઠનોએ શ્રી કૃષ્ણ જન્મભુમિ મુક્તિ આંદોલનની શરૂઆત દ્વારકાથી 19 દિવસની રથયાત્રાના પ્રારંભ સાથે કરી છે. આ યાત્રા બુધવારે રાજકોટમાં કાલાવડ રોડ પરથી પસાર થઈ ચોટીલા થઈને અમદાવાદ તરફ આગળ વધી હતી અને તા. 23 માર્ચે મથુરા પહોંચશે. કૂલ 3100 કિ.મી.ની આ રથયાત્રા ગુજરાત થઈને તા. 15 માર્ચે સીકરમાં પલસાના ખાતે ખાટૂશ્યામજીએ, તા. 16ના ઝુંઝનુ નવલગઢ, તા. 17ના ભાદરા સાદલપુર, તા. 18ના હિસાર વગેરે સ્થળે, તા.



19ના રોહતક,ભિવાની તા. 20ના નારનૌલ, તા. 21ના તિજારા,કિશનગઢ, તા. 22ના ગોવર્ધન અને તા.23 મથુરા પહોંચીને સમાપન થશે. રથયાત્રા અન્વયે મથુરામાં આવેલ કૃષ્ણજન્મસ્થળ પૈકીની કૂલ 13,37 એકર જમીનમાં 2.50 એકર જમીન પર ઈદગાહનો કબજો છે તે છોડાવવાની માંગ થઈ છે.

# ગીર ગઢડામાં સિંહણ પાસેથી મૃતદેહને બહાર કાઢવા માટે જેસીબી-ટ્રેક્ટરની મદદ લેવાઈ

**ગીર ગઢડા**

ગીર ગઢડા તાલુકાનાં કાકીડીમોલી ગામના 38 વર્ષીય મંગાભાઈ બોઘાભાઈ બારેયા તેમના ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. આ દરમિયાન બચ્ચા સાથે સિંહણ ત્યાં ફરી રહી હતી અને ત્યારે સિંહણે મંગાભાઈ પર હુમલો કર્યો હતો. સિંહણ મંગાભાઈને ઢસડીને નજીકની ઝાડીઓમાં લઈ ગઈ હતી. જેને જોઈને આજુબાજુનાં લોકો બૂમાબૂમ કરી હતી પણ સિંહણ મંગાભાઈને છોડી નહોતી રહી. ખેતર પર હાજર લોકોનાં અનેક પ્રયત્નો છતાં સિંહણ મંગાભાઈને છોડી રહી નહોતી આથી અંતે લોકોએ જેસીબી-ટ્રેક્ટરની મદદ લીધી હતી. ટ્રેક્ટરની મદદ લઈને લોકોએ સિંહણને ખદેડી કાઢી હતી. આ મામલે વન વિભાગને જાણ કરવામાં આવતા તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

# અંજારમાં દારૂના નશામા પુત્રએ સગી માતા ઉપર બળાત્કાર કરી હત્યા કરી

## નરાધમનો કેસ નહીં લડવા માટે વકીલોએ લીધો સંકલ્પ

**અંજાર**

અંજારમા 27 ફેબ્રુઆરીએ 50 વર્ષના દીકરાએ દારૂના નશામાં 80 વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ વૃદ્ધાને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બાદમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન ત્રીજી માર્ચે તેમનું મૃત્યુ નિપજ્યું છે. આ મામલે આરોપીના નાના ભાઈની પત્નીએ હવે અંજાર પોલીસ સ્ટેશનમાં સગી માતા સામે દુષ્કર્મ આચરી હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આ નરાધમ દીકરાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, હવે માતાનું મૃત્યુ થતા આ કેસમાં હત્યાની કલમ પણ ઉમેરાશે.

મળતી માહિતી અનુસાર, અંજાર તાલુકાના સતાપર ગામે 27મી ફેબ્રુઆરી માનવ જાતને હચમચાવી દેનારી ઘટના સામે આવી હતી. 50 વર્ષીય પુત્રએ 80 વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. પુત્રએ આચરેલાં પાપના કારણે બ્રેઈન સ્ટ્રોક અને હેમરેજનો શિકાર બનેલી વૃદ્ધાએ બેહોશીની હાલતમાં વેન્ટિલેટર પર દમ તોડી દીધો હતો.

# મહુવા બાદ તળાજામાં 1.35 કરોડથી વધુની કિંમતના એમ્બર ગ્રીસ સાથે યુવક ઝડપાયો

**તળાજા**

ગુજરાતના ભાવનગરમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તળાજા પોલીસ સ્ટેશનની હદમાંખથી એક શખસની 1.358 કિલો એમ્બરગ્રીસ (વ્હેલ માછલીની ઊલ્ટી) સાથે ઝડપી લેવાયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ દુર્લભ પદાર્થની કિંમત 1.35 કરોડથી વધુ છે અને તેના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા નેટવર્ક અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. LCB દ્વારા સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેમજ પકડાયેલા એમ્બરગ્રીસની પ્રામાણિકતા માટે ફોરેન્સિક તપાસમાં મોલકવામાં આવ્યું છે. જેનાથી જાણ થશે કે, આ એમ્બરગ્રીસ વ્હેલ માછલીનું છે કે નહીં? આ સિવાય આ પદાર્થ ક્યાંથી લવાયો અને કોને આપવાનો હતો તેમજ આ વેપારમાં કેટલાં લોકો સંડોવાયેલા છે તેની તપાસ કરાશે.

સ્વદેશ



## અભિનેત્રી કિયારા તેમજ સિદ્ધાર્થના ઘરે પારણું બંધાશે



મુંબઈ : સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી બોલિવૂડનું સૌથી ક્યૂટ કપલ છે. ફેન્સ આ કપલને ખૂબ પસંદ કરે છે. હવે કિયારા અને સિદ્ધાર્થના ઘરે એક નાનું મહેમાન આવવાનું છે. આ કપલ જલ્દી જ પેરેન્ટ્સ બનવા જઈ રહ્યું છે, જેની જાણકારી આજે જ કપલે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. સિદ્ધાર્થ-કિયારાએ ખાસ રીતે કરી પ્રેગ્નન્સીની જાહેરાત શુક્રવારે કિયારા અને સિદ્ધાર્થે પોસ્ટ શેર કરીને પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. પોસ્ટમાં દંપતીએ બાળકના મોજા હાથમાં પકડયા હોય તેવો ફોટો શેર કર્યો છે. આ તસવીર સાથેના કેપ્શનમાં લખ્યું છે, ‘અમારા જીવનની સૌથી મોટી ભેટ ટૂંક સમયમાં આવી રહી છે.’

## તમન્ના ભાટિયા અને વિજય વર્માનું બ્રેક અપ થઈ ગયું



મુંબઈ : તમન્ના ભાટિયા અને વિજય વર્માનું બ્રેક અપ થઈ ગયું છે. થોડાં સપ્તાહો પૂર્વે જ તેમણે છૂટાં પડવાનો નિર્ણય લઈ લીધો હોવાની વાત બહાર આવી છે. તમન્ના અને વિજય વચ્ચે આશરે બે વર્ષથી અફેર ચાલતું હતું. બંનેએ એકબીજા માટેનાં પ્રેમનો જાહેરમાં એકરાર પણ કર્યો હતો. નવા કલાકારોમાં આ જોડી આદર્શ મનાતી હતી. છેલ્લા કેટલાક સમયથી તો એવી પણ વાતો ચર્ચાતી હતી કે તમન્ના અને વિજય બંને હવે પોતપોતાની કેરિયરમાં સ્થિર થઈ ચૂક્યાં હોવાથી ઝડપભેર લગ્ન કરી લેવાનાં છે. તેમની લગ્નની તારીખો પણ ચર્ચાવા લાગી હતી. તે વચ્ચે જ અચાનક તેમનાં બ્રેક અપની વાત સામે આવતાં બંનેના ચાહકોને આઘાત લાગ્યો છે. ચર્ચા અનુસાર બંને કોઈ કડવાશ વિના જ પરસ્પર સંમતિથી છૂટાં પડી ગયાં છે. બ્રેક અપ બાદ પણ તેઓ વ્યક્તિગત રીતે સારાં મિત્રો બની રહેશે.

# બાગબાન માટે પહેલી પસંદ અભિનેત્રી તબ્બુ હતી



મુંબઈ : અહી એક એવી હીરોઈન વિશે વાત થઈ રહી છે જે બોલીવુડ એક્ટ્રેસની સિલ્વર સ્ક્રીન પર અજય દેવગન સાથે જોડી હિટ રહી છે. તેણે પોતાના કરિયરમાં કેટલીય સફળ ફિલ્મો આપી છે. ૩૨ વર્ષની ઉંમરે એક્ટ્રેસને માનો રોલ ઓફર થયો હતો. પણ તેણે ઘસીને ના પાડી દીધી. તે છે તબ્બુ.તબ્બુ બોલીવુડની સફળ હીરોઈનોમાંથી એક છે. છેલ્લા ૩૦ વર્ષોથી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ છે. તેણે પોતાના કરિયરમાં લગભગ તમામ હીરો સાથે કામ કર્યું છે. ખાસ કરીને અજય દેવગન સાથે તેની જોડી હિટ રહી છે. તેણે અજય દેવગન સાથે કેટલીય હિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, જેમાં દ્રશ્યમ, દ્રશ્યમ ૨, હકીકત, ગોલમાલ અગેન, દે દે પ્યાર દે અને અન્ય ફિલ્મો સામેલ છે.વર્ષ ૨૦૦૩માં અમિતાભ બચ્ચનની ફિલ્મ બાગબાન રિલીઝ થઈ હતી. તેમાં બિગ બી સાથે હેમા માલિનીએ જોડી બનાવી હતી. આમ તો ફિલ્મની પહેલી ચોઈસ તબ્બુ હતી. તેને હેમા માલિનીનો રોલ ઓફર થયો હતો. ડાયરેક્ટર રવિ ચોપડાની પત્ની રેણુ ચોપડાએ જણાવ્યું કે, બાગબાન ફિલ્મ તબ્બુને મળી હતી.હાલમાં જ પિંકવિલાને આપેલા ઈન્ટરવ્યૂમાં રેણુ ચોપડાએ ખુલાસો કર્યો કે, બાગબાન ફિલ્મમાં અમિતાભ બચ્ચનની પત્નીનું પાત્ર નિભાવવા માટે પહેલી પસંદ તબ્બુ હતી, પણ તે સિલ્વર સ્ક્રીન પર ચાર મોટા છોકરાઓની મા બનવા નહોતી માગતી.રેણુએ જણાવ્યું કે, “અમે તબ્બુને કાસ્ટ કરવાનું વિચાર્યું અને તે ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળ્યા બાદ રડી પડી અને તેને સ્ક્રિપ્ટ ખૂબ જ પસંદ આવી છે. મને લાગ્યું કે, તે આ ફિલ્મ માટે જરૂરથી હા પાડશે. મારી સાથે કોઈ બેઠું હતું અને તેણે કહ્યું કે, જ્યારે તબ્બુ ફિલ્મની સ્ક્રિપ્ટ સાંભળીને રડે છે, તો તે ક્યારેય તે ફિલ્મ કરતી નથીતેણે કહ્યું કે, “મેં તબ્બુને પૂછયું કે આપ ફિલ્મ નહીં કરો? તો તેણે કહ્યું કે, તેને કહાની તો ખૂબ પસંદ આવી છે, પણ ચાર બાળકોની માતાનું પાત્ર નહીં ભજવું. મારુ આખું કરિયર હજુ મારી સામે છે. રવિજી મને માફ કરી દો.”



# ઓડિશન વખતે બોડી શેમિંગ અને રિજેક્શન સહન કર્યું

મુંબઈ : અભિનેત્રી કરિશ્મા તન્નાએ ટેલિવિઝનના સૌથી લોકપ્રિય શો ક્યોંકી સાસ ભી કભી બહુ થી સાથે તેની અભિનય કારકિર્દીની શરુઆત કરી હતી. જોકે આ શોથી કરિશ્માને વધારે ઓળખ મળી ન હતી. ઘણા સંઘર્ષનો સામનો કરી ચૂકેલી કરિશ્માએ નાના પડદાથી મોટા પડદા સુધીની સફર કરી છે.એક ઈન્ટરવ્યૂમાં કરિશ્માએ તેના સંઘર્ષના દિવસોને યાદ કરતા જણાવ્યું હતું કે, કેવી રીતે તેને ઈન્ડસ્ટ્રીમાં ફિલ્મોમાં રોલ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. કરિશ્માએ ખુલાસો કર્યો હતો કે જ્યારે પણ તે ફિલ્મો માટે ઓડિશન આપવા ગઈ ત્યારે તેને બોડી શેમિંગ અને રિજેક્શનનો સામનો કરવો પડયો હતો. કરિશ્મા તન્નાને જ્યારે પણ કહેવામાં આવે છે કે, તે ટીવી અભિનેત્રી હોવાને કારણે ફિલ્મોમાં ભૂમિકાઓ મેળવી મુશ્કેલ છે ત્યારે તેણે અપમાનિત અને નિરાશા અનુભવાય છે. જોકે હવે વસ્તુઓ બદલાઈ રહી છે. તેમ છતાં નોકરી મળવાની કોઈ ગેરંટી નથી. તેણે કહ્યું હતું કે, આ નિરાશા છે, અપમાન છે અને સાથે જ હું એ પણ મૂંઝવણમાં છું કે તમે એક અભિનેતાને એક શ્રેણીમાં કેમ મૂકી રહ્યા છો? લીટીઓ શા માટે દોરી છે? કલાકાર એ કલાકાર છે.અગાઉ ટીવી, ફિલ્મ અને થિયેટર કલાકારો વચ્ચે મોટી રેખાઓ હતી.

# અનોરા : સેક્સ વર્કર પર આધારિત ફિલ્મે 5 ઓસ્કર જીતી રચ્યો ઈતિહાસ

‘અનોરા’ ફિલ્મ વિશે ભારતના સિનેપ્રેમીઓએ આજ સુધી ખાસ નહોતું સાંભળ્યું, પણ 3 માર્ચ, 2025 ના રોજ યોજાયેલા ફિલ્મજગતના સૌથી ગ્લેમરસ એવોર્ડ ફંક્શન એવા ‘ઓસ્કર’માં પાંચ એવોર્ડ જીતીને ‘અનોરા’એ સૌનું ધ્યાન ખેંચ્યું છે. છ કેટેગરીમાં નોમિનેશન મેળવીને પાંચ એવોર્ડ જીતનાર ‘અનોરા’ના સર્જકે આજ સુધી કોઈએ નહોતો બનાવ્યો એવો રેકોર્ડ પણ બનાવ્યો છે.

રેકોર્ડ બનાવ્યો છે ‘અનોરા’ના સર્જક શોન બેકરે, જેમણે આ ફિલ્મ માટે બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એડિટિંગ અને બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેના એવોર્ડ જીત્યા છે. જી હાં, શોન બેકર જ આ ફિલ્મના નિર્માતા, નિર્દેશક, એડિટર અને લેખક છે. એક જ ફિલ્મ માટે ચાર ઓસ્કર જીતનાર તેઓ પહેલી વ્યક્તિ છે.



આ અગાઉ છેક 1954 માં મહાન ફિલ્મમેકર વોલ્ટ ડિઝનીએ એક જ સમારંભમાં ચાર ઓસ્કર જીતવાનો રેકોર્ડ બનાવ્યો હતો. અલબત્ત, ચારેચાર એવોર્ડ એમણે ચાર અલગ-અલગ ફિલ્મ માટે જીત્યા હતા. જ્યારે કે શોન બેકરે એક જ ફિલ્મ માટે ચાર એવોર્ડ જીતવાની સિદ્ધિ મેળવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સિનેમાના ઈતિહાસમાં સૌથી વધુ ઓસ્કર વોલ્ટ ડિઝની દ્વારા જ જીતાયા છે. તેમણે કુલ 26 ઓસ્કર જીત્યા છે.

2024 ના ફ્રાન્સના જગપ્રસિદ્ધ ‘કાન ફિલ્મ ફેસ્ટિવલ’માં પણ ‘અનોરા’ સૌથી મોટો એવોર્ડ ‘પામ ડી’ઓર’ જીતી ચૂકી છે. એ એવોર્ડ જીત્યા પછી જ વિશ્વભરમાં ‘અનોરા’ની ચર્ચા થવા લાગી હતી અને એણે અનેક ફિલ્મ ફેસ્ટિવલ્સ ગજવ્યા હતા. શોન બેકરે અત્યાર સુધીમાં ‘અનોરા’ સહિત આઠ ફિલ્મો બનાવી છે. પહેલી ફિલ્મ ‘ફોર લેટર વર્ડ્ઝ’માં નિર્માતાની ભૂમિકા બાદ કરીએ તો બાકીની તમામ ફિલ્મોના લેખક, નિર્દેશક, નિર્માતા અને એડિટરની જવાબદારી શોને પોતે જ નિભાવી છે. કદાચ તેમને પોતાની ફિલ્મોમાં બીજાનો ચંચુપાત પસંદ નહીં હોય એવું બની શકે. કોઈપણ ફિલ્મમાં એક જ વ્યક્તિ શોન બેકરની જેમ અનેક ભૂમિકાઓ ભજવતી હોય તો એમાં ફિલ્મને નુકશાન થવાનું જોખમ રહેલું છે. જેમ કે, લેખકે લખેલું કોઈ દશ્ય નિર્દેશક સહેજ જુદી રીતે ફિલ્માવી શકે અને એડિટર એમાં કાપકૂપ કરીને એને વધુ ‘શાર્પ’ બનાવી શકે.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### ટ્રમ્પ રશિયાની પંગતમાં બેસી ગયા પણ યુરોપના દેશો હજી મક્કમ

# યુરોપ ઝેલેન્સ્કીની પડખે, ટ્રમ્પની નીતિઓથી કચવાટ

યુએસમાં ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત પ્રમુખપદે ચૂંટાયા પછી ધડાધડ લીધેલા નિર્ણયોથી દુનિયાભરમાં ખળભળાટ મચી ગયો છે. જો કે, પહેલાં દબાતા સૂરે અવાજ ઉઠાવતા દેશો હવે તેની સામે એક થઈ રહ્યા છે. અત્યાર સુધી પશ્ચિમની એકતાના નામે યુરોપના દેશો અમેરિકાના કહ્યાગરા બનીને વર્તતા હતા. પરંતુ હવે યુરોપના દેશોમાં અમેરિકાની નીતિઓથી કચવાટ વધી રહ્યો છે. યુરોપના દેશોના આ વલણ પાછળ ટ્રમ્પની એકતરફી નીતિ જવાબદાર છે. ટ્રમ્પે બેઈજ્જત કરીને વ્હાઈટ હાઉસમાંથી કાઢી મૂકેલા યુક્રેનના પ્રમુખ વોલોડોમીર ઝેલેન્સ્કી માટે યુરોપમાં સહાનુભુતૂ વધી રહી છે. ઝેલેન્સ્કીના સમર્થનમાં યુરોપના મોટાભાગના દેશો એ વખતે જ ઉભા રહી ગયા હતા. પોતે ખાલી લિપ સર્વિસ નથી કરતા એ બતાવવા તાત્કાલિક લંડનમાં યુરોપીયન દેશોનું સમિટ યોજાયું હતુ. જેમાં સમિટમાં યુરોપના મોટા ભાગના દેશોએ તો ઝેલેન્સ્કીની મર્દાનગીનાં વખાણ પણ કર્યા હતા.



આ સમયે કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો પણ ઝેલેન્સ્કીને પડખે ઉભા રહ્યા હતા. પશ્ચિમના દેશોના કુલ ૧૯ નેતાઓની હાજરીમાં યુક્રેનને તમામ મદદની ખાતરી આપી દેવાઈ હતી. યુકેએ યુક્રેન ૫૦૦૦ મિસાઈલ ખરીદી શકે એ માટે ૧૬૦ કરોડ પાઉન્ડ (લગભગ ૧૮ હજાર કરોડ રૂપિયા)ની સહાય કરવાનું એલાન કરી દીધું હતુ. યુકેના વડાપ્રધાન કેયર સ્ટેર્મરે યુક્રેન-રશિયા યુધ્ધ સમાપ્ત કરવા માટે ચાર મુદ્દાનો કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. આ સાથે સ્ટેર્મરે એક સંગઠન રચવાની વાત પણ કરી હતી. સ્ટેર્મરે આ સંગઠન ક્યારે રચાશે એ સ્પષ્ટ કર્યું નથી, પણ યુરોપના દેશોના મિજાજ પરથી સ્પષ્ટ છે કે, યુરોપના દેશો હવે અમેરિકાના તાબેદાર બનીને રહેવાના મૂડમાં નથી. ટ્રમ્મ પ્રમુખ બનતાં જ અમેરિકાનું વલણ બદલાયું છે. ટ્રમ્પ રશિયાની પંગતમાં બેસી ગયા છે. પણ યુરોપના દેશો પોતાનું વલણ બદલવા તૈયાર નથી. અત્યારે યુક્રેનના મુદ્દે ટ્રમ્પની મનમાનીને ચલાવી લેવાય તો ભવિષ્યમાં ટ્રમ્પ રશિયાની તરફેણ કરે, ત્યારે યુરોપના દેશો કશું બોલી ના શકે. વળી, યુરોપના દેશોનું વલણ યોગ્ય પણ છે. કેમ કે, પુતિન શાંતિ કરારનું પાલન કરશે તેની ગેરંટી નથી. ૨૦૧૯માં યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિના કરાર થયા છતાં પુતિને ૨૦૨૨માં આક્રમણ કરી દીધું હતુ. આથી ઝેલેન્સ્કી સીક્યુરિટીની ગેરંટી માગે તેમાં કશું ખોટું નથી. એટલે જ યુરોપના દેશો ઝેલેન્સ્કીની માંગણીને યોગ્ય ગણાવીને તેને ટેકો આપી રહ્યા છે. બીજી બાજુ ટ્રમ્પને પોતાની વાહવાહી કરાવવા માટે શાંતિ કરાર કરાવાની ઉતાવળ છે. જો કે, તેઓ કોઈ ગેરંટી આપવા તૈયાર નથી. ટ્રમ્પ એવું ઈચ્છે છે કે, પોતે કહે એટલે ઝેલેન્સ્કી એક પણ પ્રશ્ન ન કરે અને સહી કરીને રશિયા સાથે સમાધાન કરી લે. ટ્રમ્પના આ જ વલણથી ઝેલેન્સ્કી અને યુરોપના દેશોમાં નારાજગી છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

યુરોપના દેશો આ નીતિ સામે આજે ના બોલે તો કાલે ટ્રમ્પ અને પુતિન બીજા કોઈ દેશને ટાર્ગેટ કરે તેવો પણ ભય છે. આ કારણે યુરોપના દેશોએ બાંયો ચડાવવી જરૂરી છે. ટ્રમ્પ અને તેમના ચમચા ટ્રમ્પ દુનિયામાં શાંતિ સ્થાપવા આ બધું કરે છે એવો દાવો કરી રહ્યા છે. પણ હકીકત તો દુનિયા જાણે જ છે. ટ્રમ્પ બિઝનેસમેન છે. ચુંટણીમાં તેમણે અમેરિકોને ફરી આર્થિક રીતે સર્વોપરી બનવાનું વચન આપ્યું હતુ. એટલે ટ્રમ્પનો ડોળો યુક્રેનની દુર્લભ ખનિજો પર છે. યુક્રેનમાં શાંતિ સ્થપાય તો અમેરિકાની કંપનીઓ યુક્રેનમાં જઈ શકે અને ખાણોમાંથી આ ખનિજો લઈ શકે. એટલે ટ્રમ્પ શાંતિને નામે યુક્રેન પર આધિપત્ય જમાવવાની પેરવીમાં છે. જેની સામે ઝેલેન્સ્કી કેટલીક સ્પષ્ટતા માંગી રહ્યા છે. એટલે ટ્રમ્પે યુક્રેનને કરેલી મદદના ૩૫૦ અબજ ડોલર પાછા માગવાનું શરૃ કર્યું છે. એટલું જ નહીં ટ્રમ્પે યુક્રેન પર દબાણ બનાવવા માટે વધુ એક પગલું ઉઠાવ્યું છે. લશ્કરી સહાય પર રોક લગાવ્યા બાદ આ દેશની ગુપ્ત જાણકારી શેર કરવા પર પણ રોક લગાવી દીધી છે. અમેરિકાના આ પગલાથી યુક્રેનની સેનાની રશિયન દળોને નિશાન બનાવવાની ક્ષમતા ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે. રેટક્લિફે જણાવ્યું કે 'ટ્રમ્પે ગુપ્ત જાણકારી શેર કરવા પર રોક લગાવવા માટે કહ્યું છે. તે બાદ થોડા સમય માટે યુક્રેનની સાથે ગુપ્ત જાણકારી શેર કરવા પર રોક લગાવી દેવાઈ છે.

અમેરિકા યુક્રેનને દબાવે છે, કારણ કે, રશિયાએ 3 વર્ષ પહેલા કરેલા હુમલા વખતે તેણે યુક્રેનને મદદ કરી હતી. અમેરિકાએ ખરેખર યુક્રેનને કેટલી મદદ કરી તે તો તે બંને દેશ જ જાણે છે. પણ મદદ કરી પણ હોય તો પણ એ લોન ન હોતી કે ઝેલેન્સ્કીએ પાછી આપવાની હોય. અમેરિકાના એ વખતના પ્રમુખ જો બિડેનને રશિયા તરફથી ખતરો લાગ્યો તો યુક્રેનને પોતાના બચાવ માટે શસ્ત્રો આપ્યાં અને સહાય પણ આપી. આ સહાય પાછી આપવાના કોઈ કરાર યુક્રેન અને અમેરિકા વચ્ચે થયા નથી યુરોપના દેશોમાંથી હંગેરીને બાદ કરતાં તમામ દેશોએ ઝેલેન્સ્કીને ટેકો આપ્યો છે. બીજી તરફ હંગેરીના વડાપ્રધાન વિક્ટર ઓરબાને શાંતિ સ્થાપવા બહાદુરીપૂર્વક પ્રયત્ન કરવા બદલે ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો છે. એટલું જ નહીં, ઓરબાને ઝેલેન્સ્કી પર કટાક્ષ પણ કર્યો કે, મજબૂત લોકો શાંતિ સ્થાપે છે જ્યારે નબળા લોકો યુધ્ધ કરે છે. એરબાનનું વલણ આશ્ચર્યજનક નથી. કારણ કે, ટ્રમ્પના આગમન પહેલાં અમેરિકા અને આખું યુરોપ ઝેલેન્સ્કીના પડખે હતું, ત્યારે ઓરબાન પુતિનની દલાલી કરતા હતા. ઓરબાન યુધ્ધ વખતે રશિયા અને ચીન જનારા યુરોપીયન યુનિયનના એક માત્ર નેતા હતા. ઈટાલી યુક્રેનમાં શાંતિ સ્થાપવાની તરફેણમાં બોલ્યું છે પણ અમેરિકા સાથેના પશ્ચિમની એકતા પર પણ ભાર મૂક્યો છે. ઈટાલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ઝેલેન્સ્કીના નેતૃત્વનાં વખાણ કર્યાં અને રશિયાને આક્રમણખોર ગણાવીને પશ્ચિમ આક્રમણો સામે એક થાય એ વાત પર ભાર મૂક્યો છે. મેલોનીએ યુરોપીયન દેશોના સમિટ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી તેમાં પણ ટ્રમ્પને સ્પષ્ટ ચીમકી આપી કે, પશ્ચિમ એક નહીં રહે તો બધું વેરવિખેર થઈ જશે. મેલોનીના વલણે સૌને આશ્ચર્યમાં મૂકી દીધાં છે. કેમ કે મેલોની ટ્રમ્પનાં સમર્થક મનાય છે. ટ્રમ્પના ખાસ મનાતા એલન મસ્ક સાથે તેમના અફેરની ચર્ચા ચાલી રહી છે. ટ્રમ્પ પણ યુરોપના બીજા નેતાઓ કરતાં મેલોનીને વધારે મહત્વ આપે છે, તેથી મેલોની ટ્રમ્પની તરફેણ કરશે એવું મનાતું હતું. પણ મેલોનીએ ઝેલેન્સ્કીની તરફેણ કરી છે.

યુરોપના દેશોમાં અમેરિકાની દાદાગીરી સામે આક્રોશ વધી રહ્યો છે. પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે આ આક્રોશનો પડઘો પાડતાં કહ્યું કે, વિધીની વક્રતા તો જુઓ કે, ૧૪ કરોડની વસતી ધરાવતા રશિયાના આક્રમણથી પોતાને બચાવવા માટે ૫૦ કરોડ યુરોપીયનો ૩૦ કરોડ અમેરિકનો સામે ભીખ માંગી રહ્યા છે. યુરોપ વસતીની રીતે કે આર્થિક રીતે કમજોર છે એટલે આવું નથી થઈ રહ્યું, પણ આપણને આપણે ગ્લોબલ પાવર બની શકીએ તેમ છીએ એ વાત પર ભરોસો નથી, તેથી અમેરિકાના ઓશિયાળા છીએ. ટસ્કની વાતમાં દમ હોવાનું મોટાભાગના યુરોપીયનો માને છે. તેમને લાગે છે કે, યુરોપના દેશો અમેરિકાના પડછાયામાં રહ્યા, તેથી અમેરિકા હવે યુરોપને દબાવવા માંગે છે. ટ્રમ્પનો આ ભ્રમ ભાંગવાની જરૂર છે. નહિંતર જે રીતે ટ્રમ્પ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને જાહેરમાં બેઈજ્જત કરી રહ્યા છે એ રીતે ભવિષ્યમાં યુરોપીયન નેતાઓને પણ કરવા માંડશે.

**શાંતિ કરારને નામે અમેરિકા યુક્રેનના ખનીજ પર કબજો કરવા માંગે છે, એટલે ઝેલેન્સ્કી સાથે યોગ્ય વ્યવહાર થઈ રહ્યો નથી. યુએસની આ નીતિનો વિરોધ નહીં થાય તો ભવિષ્યમાં અન્ય કોઈ દેશ સાથે પણ આમ જ થશે, તે વાત યુરોપના દેશોને સમજાવા માંડી છે**

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની મીટીંગ સાથે હોળી પર્વની ઉત્સાહભેર ઉજવણી

## ગાલે ગુલાલ લગાડી સભ્યોનું સ્વાગત, કસરત બાદ કલાકારો દ્વારા ગીતો ગવાયા, સંગીતના તાલ સાથે ગરબા ગવાયા









ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મીસીસોગાની મીટીંગ ગત તારીખ બીજી માર્ચે **STEPHEN LEWIS SS, Mississauga** ખાતે મળી હતી. જેમાં હોળી ઉત્સવની ઉજવણી તથા વિવિધ કાર્યક્રમનું આયોજન થયું હતુ. સંસ્થાના કાર્યકરો પ્રવીણભાઈ મહેતા, માધુરીબેન મહેતા, રેખાબેન ગોધિયાએ સભ્યોનું ગાલ પર ગુલાલ લગાવીને સ્વાગત કર્યું હતુ.

ઈલાબેન દેવાણીએ સ્ટેજ પર પહોંચી સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું હતુ. જે બાદ સરયુબેન દેસાઈએ પ્રાર્થના કરી હતી. જ્યારે ઈલાબેન દેવાણીએ હોળીના પ્રસિદ્ધ ગીતો ઉપર બોલીફિટ કસરત કરાવી હતી. કસરતને અંતે મોટાભાગના સભ્યોએ ડાન્સ કર્યો હતો.

ત્યારબાદ આ માસમાં ઈલાબેનની વર્ષગાંઠ હોય, તેમને સ્ટેજ પર બોલાવી સરયુબેને બર્થ ડે ગીત ગાયું હતું. સાથે સંસ્થાના સભ્ય સુધાબેન પંચમતિયા હસ્તક બર્થ ડે કાર્ડ આપ્યા બાદ ગ્રુપ ફોટો લેવામાં આવ્યો હતો. જયશ્રીબેન ભટ્ટે પ્રસિદ્ધ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનું પ્રસિદ્ધ શિવાજીનું હાલરડું ભાવવાહી રીતે ગાય સંભળાવ્યું હતું.

બ્રેકમાં ચા કોફી અને બિસ્કીટ આપવામાં આવ્યા પછી ભરતભાઈ મિસ્ત્રી, અશ્વિનભાઈ વોરા, નરેન્દ્ર ખંડેરિયા, રૂપેણભાઈ શાહે રંગ બરસે ગીત રજૂ કર્યું હતું. ઉષાબેન પોતે પોતાના દિગ્દર્શન નીચે વૃંદાવનનું શ્રીકૃષ્ણનો ગીત હોલી કે રંગ મેં રંગ, ઢોલીડા ઢોલ બાજે, દિન તારા ઘીના ટારા ગીત રજૂ કર્યા હતા. અંતે ભરતભાઈ મિસ્ત્રી તથા નરેન્દ્ર ભાઈ ખંડેરિયાએ ઢોલ અને મ્યુઝિક સાથે ગરબાની રમઝટ કરાવી હતી અને છેલ્લે બધાને ટીમલી ડાન્સ પણ કર્યો હતો. છેલ્લે યે દોસ્તી હમ નહિ તોડેંગે, ગીત પર મહેન્દ્રભાઈ, બીપીનભાઈ, ભરતભાઈ મિસ્ત્રી તથા ઓડિયન્સે જોરદાર પર્ફોમન્સ આપ્યું હતુ. પ્રતીભોજનમાં લાડુ, સેન્ડવીચ, ઢોકળા, વાલ, બટાકાનું શાક, દાળ-ભાત પાપડ વગેરે આપવામાં આવ્યા હતા.

# ટોરોન્ટોમાં પોલીસની પ્રતિભાવ આપવાની ઝડપમાં નોંધપાત્ર વધારો : માયરોન ડેમકીવ

## લૂંટફાટ, વાહનચોરી, ગોળીબાર, હિંસા અને નફરતના ગુનાની સંખ્યામાં ઘટાડો

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસ હવે 911 કોલનો જવાબ આપી રહી છે. કારણ કે સેવામાં વધુ અધિકારીઓને ભરતી કરાયા છે. પોલીસ વડા માયરોન ડેમકીવે મંગળવારે પોલીસ મુખ્યાલયમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, એક વર્ષ પહેલા સરેરાશ પ્રતિભાવ સમય 19.6 મિનિટ હતો. પરંતુ હવે તે ઘટીને 12.6 મિનિટ થઈ ગયો છે. તેનો અર્થ એ કે પોલીસ અધિકારીઓ 2024 કરતા 2025માં સાત મિનિટ ઝડપી પ્રતિભાવ આપી રહ્યા છે.

ડેમકીવે જણાવ્યું હતું કે 2024ના પહેલા બે મહિનાની સરખામણીમાં 2025ના પહેલા બે મહિનામાં હવામાન અને ઘણા પ્રકારના ગુનાઓમાં ઘટાડો 911 ગણો સુધારો કરવામાં ભૂમિકા ભજવી શકે છે. લૂંટફાટ, વાહન ચોરી, બ્રેક-ઈન્સ, ગોળીબાર, ઘનિષ્ઠ ભાગીદાર હિંસા અને નફરત ગુનાની ઘટનાઓમાં ઘટાડો થયો છે, જોકે કારજેકિંગની સંખ્યામાં વધારો થયો છે. ડેમકિવે ઉમેર્યું હતું કે, સેવાની બહુ-વર્ષીય ભરતી યોજનામાં આગામી બે વર્ષમાં 720 નવા પોલીસ અધિકારીઓની ભરતીનો સમાવેશ થાય છે. આ સંખ્યા ફ્રન્ટલાઈન પર મોટો ફરક" લાવશે અને "રિસ્પોન્સ ટાઈમ ઘટાડવાના અમારા પ્રયાસોને સમર્થન આપશે. ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે મેયર તરીકે શપથ લીધા પછી ઓક્ટોબર 2023 માં પ્રતિભાવ સમય 26.7 મિનિટની ટોચ પર પહોંચ્યો હતો. જ્યારે તમે કટોકટીનો સામનો કરો, ત્યારે તમારે જાણવાની જરૂર છે કે કોઈ તમને મદદ કરવા માટે ત્યાં હશે. જ્યાં ફાયર ફાઈટર, એમ્બ્યુલન્સ હોય, અથવા તમે ખતરનાક પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હોવ, ત્યાં ટોરોન્ટોના પોલીસ અધિકારીઓ, અગ્નિશામકો, પેરામેડિક્સ અને સમુદાય કટોકટી સેવા મદદ કરવા માટે ત્યાં છે. ચાઉએ નોંધ્યું કે હવામાન ગરમ થતાં 911ના કોલ વધશે. ટોરોન્ટોની વસ્તી 35 ટકા વધી છે અને શહેર સાથે ઈમર્જન્સી સેવાઓ પણ વધવી જોઈએ. ટોરોન્ટો પોલીસ સર્વિસીસ બોર્ડના અધ્યક્ષ કાઉન્સિલર શેલી કેરોલે કહ્યું કે, પ્રતિભાવ સમયમાં સુધારો એ સારા સમાચાર છે તેમાં કોઈ શંકા નથી.

# 2024માં ગ્રાહકોનો ટ્રાન્ઝેક્શન ડેટા લીક થયો હતો : ટોરોન્ટો ઝુ

**ટોરોન્ટો**

ટોરોન્ટો ઝુ કહે છે કે, તેના મહેમાનો અને સભ્યોના ટ્રાન્ઝેક્શન ડેટાની એક નકલ જેમાં નામ, સરનામાં અને ક્રેડિટ કાર્ડ માહિતીનો સમાવેશ થાય છે, એક વર્ષ પહેલાં તેના કમ્પ્યુટર સિસ્ટમ પર સાયબર સુરક્ષા હુમલામાં લેવામાં આવી હતી અને "ડાર્ક વેબ પર લીક" કરવામાં આવી હતી.

શુક્રવારે તેની વેબસાઈટ ઉપર પોસ્ટ કરાયેલા એક અપડેટમાં ઝુએ જણાવ્યું હતું કે, જાન્યુઆરી 2024માં થયેલા રેન્સમવેર હુમલાને કારણે લેવામાં આવેલા અને લીક થયેલા ડેટામાં 2000થી એપ્રિલ 2023ની વચ્ચે સામાન્ય પ્રવેશ ચૂકવણી કરનારા અને સભ્યપદ લેનારા બધા મહેમાનો અને સભ્યોની માહિતી શામેલ છે. ઝુએકહ્યું કે ચેડા કરાયેલ ડેટામાં પ્રથમ અને છેલ્લા નામ, અને કેટલાક કિસ્સાઓમાં, સરનામાની માહિતી, ફોન નંબર અને ઈમેઈલ સરનામાં શામેલ છે.

જાન્યુઆરી 2000થી એપ્રિલ 2023ની વચ્ચે ક્રેડિટ કાર્ડ વ્યવહારો કરનારા મહેમાનો અને સભ્યો માટે ડેટામાં ક્રેડિટ કાર્ડ નંબરના છેલ્લા ચાર અંકો અને સંકળાયેલ સમાપ્તિ તારીખો શામેલ છે. ડેબોરાહ મેકમિલન જેવા આશ્રયદાતાઓએ શનિવારે જણાવ્યું હતું કે તેઓ આ સમાચારથી અસ્વસ્થ છે, અને તેઓ તાત્કાલિક તેમની બેંકો અને ક્રેડિટ કાર્ડ કંપનીઓ સાથે તપાસ કરશે. ઝુના જણાવ્યા મુજબ, ગોપનીયતા ભંગની જાણ 17 જાન્યુઆરી, 2024ના રોજ એક ચેડા થયેલા ફાઈલ સર્વરમાંથી વ્યક્તિગત ડેટા ચોરાઈ ગયા પછી કરવામાં આવી હતી.

# ભંડોળ કાપને કારણે સેન્ટેનિયલ કોલેજના બે કેમ્પસને મર્જ કરાશે

## નીતિ બદલાતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો

**ટોરોન્ટો**

ટોરોન્ટોની સેન્ટેનિયલ કોલેજ કહે છે કે તે "સ્થિર સરકારી ભંડોળ અને ફેડરલ નીતિ ફેરફારોને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો"ને કારણે તેના પાંચમાંથી બે કેમ્પસનું મર્જ કરવાની યોજના ધરાવે છે. બુધવારે એક નિવેદનમાં, સેન્ટેનિયલ કોલેજના પ્રમુખ ક્રેગ સ્ટીફનસને જણાવ્યું હતું કે, કોલેજ 2026ના ઉનાળા સુધીમાં પૂર્વ યોર્કમાં તેના સ્ટોરી આર્ટ્સ સેન્ટરથી સ્કારબરોમાં તેના પ્રોગ્રેસ કેમ્પસમાં તમામ કાર્યક્રમો સ્થાળાંતરિત કરશે. કોલેજે હજુ સુધી સ્ટોરી આર્ટ્સ સેન્ટર ધરાવતી ઈમારત વિશે કોઈ નિર્ણય લીધો નથી. આ જાહેરાત કોલેજ દ્વારા ફેડરલ સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય અભ્યાસ પરવાનગી પરની મર્યાદાના પરિણામને ધ્યાનમાં રાખીને 49 કાર્યક્રમોને સ્થગિત કર્યાના એક મહિના કરતાં વધુ સમય પછી આવી છે. 49 કાર્યક્રમો તેની અગાઉની 177 કાર્યક્રમોની ઓફર કરતા લગભગ 28 ટકાનો ઘટાડો દર્શાવે છે. અમે સ્ટોરી આર્ટ્સ સેન્ટર અને સમુદાય સાથેના તેના સંબંધોના મહત્વને ઊંડાણપૂર્વક ઓળખીએ છીએ. કાળજીપૂર્વક મૂલ્યાંકન સાથે વિવિધ પરિબળોનું વિશ્લેષણ કર્યા પછી આ નિર્ણય અમારા વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વ્યાપક સર્જનાત્મક સમુદાયના આ કેમ્પસ સાથેના ઊંડા જોડાણો માટે ખૂબ કાળજી અને આદર સાથે લેવામાં આવ્યો છે.

# કેન્સર અને સ્વાસ્થ્ય સમસ્યા સાથે જોડાયેલા PFASને ઝેરી પદાર્થોની યાદીમાં ઉમેરાશે

## સરકારે જાહેર કરેલા રિપોર્ટમાં રસાયણોનો ઉપયોગ અને અસરની છણાવટ

**ઓન્ટેરિયો**

કેનેડા અને વિશ્વભરમાં આ પદાર્થો વિશે વધતી જતી વૈજ્ઞાનિક અને જાહેર ચિંતાને ધ્યાનમાં રાખીને ફેડરલ સરકાર PFAS, જે ખાદ્ય કન્ટેનરથી લઈને કપડાં સુધીના વિવિધ ઉત્પાદનોમાં ઉપયોગમાં લેવાતા હજારો રસાયણોનો એક વર્ગ છે, તેને ઝેરી પદાર્થોની સત્તાવાર યાદીમાં ઉમેરવા માટે આગળ વધી રહી છે.

PFAS અથવા પર- અને પોલીફ્લોરોઆલ્કિલ પદાર્થો, માનવસર્જિત રસાયણો છે, જેનો ઉપયોગ તેમના પાણી અને ગરમી પ્રતિરોધક ગુણધર્મો માટે થાય છે. મોન્ટ્રીયલમાં પર્યાવરણ મંત્રી સ્ટીવન ગિલબૌલ્ટે જણાવ્યું હતું કે, અમે કેનેડિયન પર્યાવરણીય સંરક્ષણ કાયદાનો ઉપયોગ એક પદાર્થને જોવા માટે નહીં પરંતુ સમગ્ર રસાયણોને જોવા માટે કરીશું. સરકારે તેનો અંતિમ સ્ટેટ ઓફ PFAS રિપોર્ટ બહાર પાડ્યો, જેમાં કેનેડામાં રસાયણોનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે થાય છે અને લોકો અને આરોગ્ય પર તેની અસરની વિગતો આપવામાં આવી છે.

આજની જાહેરાત કોઈપણ નવા PFAS પર તાત્કાલિક પ્રતિબંધ મૂકશે નહીં, પરંતુ તે ભવિષ્યમાં તેમને પ્રતિબંધિત કરવાની પ્રક્રિયા શરૂ કરશે. સરકારે ઝેરી પદાર્થોની સૂચિમાં PFAS ઉમેરતા પહેલા જરૂરી 60-દિવસનો પરામર્શ સમયગાળો શરૂ કર્યો છે. સૌ પ્રથમ સરકાર કહે છે કે તે અગ્નિશામક ફોમમાં PFASને પ્રતિબંધિત કરવા પર વિચાર કરશે. પછી, તે કોસ્મેટિક્સ, નોન-પ્રિસ્ક્રિપ્શન દવાઓ, ફૂડ પેકેજિંગ, કાપડ અને ચોક્કસ બિલ્ડિંગ મટિરિયલ્સ, સફાઈ ઉત્પાદનો અને મીણ અને પોલિશમાં PFAS પર નજર નાખશે. વિશ્વભરમાં લાખો લોકો PFAS ધરાવતા જલીય અગ્નિશામક ફોમના ઉપયોગને કારણે PFAS-દૂષિત પાણી પી રહ્યા છે. તે એરપોર્ટની આસપાસ, લશ્કરી થાણાઓની આસપાસ, એવા સ્થળોની આસપાસ સૌથી વધુ તીવ્ર છે જ્યાં મોટાપાયે આગ લાગી છે.

# માંગલિક મુહૂર્તોમાં અલ્પવિરામ એટલે હોળાષ્ટક

આ વર્ષે હોળાષ્ટક ફાગણ સુદ 7 તા. 6-03-2025ને ગુરુવારે ફાગણ સુદ 14 તા. 13-03-2025ને ગુરુવારે સાંજે હોલિકાદહન સુધી રહેશે. ગુજરાતી સાહિત્યમાં અષ્ટક શબ્દ બે અર્થમાં છે: (1) અષ્ટક એટલે આઠ શ્લોકનો સમૂહ. મંગલાષ્ટક, યમુનાષ્ટક, મધુરાષ્ટક વગેરે. (2) અષ્ટક એટલે આઠ દિવસનો સમૂહ. હોળાષ્ટક એટલે હોળી (હુતાસણી) પહેલાંના આઠ દિવસનો સમૂહ. આપણે હોળાષ્ટક અંગે સાચી સમજ મેળવીએ.

આપણી કૃષિપ્રધાન સંસ્કૃતિમાં રોજિંદા વ્યવહારમાં પ્રકૃતિનાં વિવિધ અંગો ભૂમિ, નદીનાળાં, સરોવર, પર્વત, વનવગડાંની વનસ્પતિ, હવામાન વગેરે સાથે સતત સંપર્ક જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું હતું. આપણે પૃથ્વી પરના ઉત્તર ગોળાર્ધમાં વસીએ છીએ. ઉત્તર ગોળાર્ધમાં ખગોળીય દૃષ્ટિએ વસંતસંપાત દિન (21 માર્ચ)નું વિશેષ મહત્ત્વ છે. વસંતસંપાત દિવસની નજીકની પૂનમ એટલે હોળી-હુતાસણી. આપણા લોકજીવનને ધ્યાનમાં રાખીને મુહૂર્તશાસ્ત્ર મુજબ ચોમાસાના ચાર મહિના-ચાતુર્માસ બાદ કરતાં લગ્ન, જનોઈ, વાસ્તુ, ઉદ્ઘાટન, વ્યાપાર આરંભ વગેરે શુભ મુહૂર્તો કારતક સુદ 11થી અષાઢ સુદ 11 સુધી પંચાંગ શુદ્ધિ જોઈને આપવામાં આવે છે.

હવે જો સમગ્ર આઠ માસ દરમિયાન આ બધા દિવસોમાં સતત માંગલિક મુહૂર્તો આપવામાં આવે તો વસંત ઋતુમાં જોવા મળતા વનસ્પતિના વૈભવ અને આરોગ્યમાં ઉપયોગી ઔષધીય વૃક્ષોના ફાલ ફેલાવાના અવલોકન-સૂક્ષ્મ નિરીક્ષણ માટે અભ્યાસી લોકો સમય ફાળવી શકે નહીં.



## હોળાષ્ટક શા માટે?

આપણે ત્યાં હુતાસણી એ વસંતસંપાત દિવસની નજીકની પૂનમ હોવાથી આગામી ઉનાળા તથા ચોમાસાના અંદાજ (પૂર્વાનુમાન) માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આથી હુતાસણી હોલિકાદહન પહેલાં એક સપ્તાહ સુધી તે અંગેના પ્રાચીન અર્વાચીન સાહિત્યનો પ્રત્યક્ષ અભ્યાસ થાય તે જરૂરી છે. આ માટે ફાગણ સુદ આઠમથી ફાગણ સુદ પૂનમ સુધીના દિવસો પ્રકૃતિનાં વિવિધ અંગોના અવલોકન અને અભ્યાસ માટે હોળાષ્ટકનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે.

## હોળાષ્ટક ક્યારે આવે છે?

દર વર્ષે ફાગણ સુદ આઠમથી ફાગણ સુદ પૂનમ (હોલિકાદહન) સુધી હોળાષ્ટકના દિવસો ગણાય છે. હોલિકાદહન સંધ્યા સમયે પૂનમ તિથિ હોય ત્યારે કરવાનું થાય છે. તો જ હુતાસણી સમયે અગ્નિજ્વાળા તથા વાયુ અંગેનાં અવલોકન સાચાં આવી શકે છે. ક્યારેક સુદ ચૌદશ તિથિ સંધ્યા સમય પહેલાં કે બપોરે સમાપ્ત થતી હોય અને સુદ પૂનમ તિથિ પણ બીજા દિવસે સંધ્યા સમય અગાઉ કે બપોરે સમાપ્ત થતી હોય છે. આવા સમયે પૂનમ તિથિનો પૂર્ણ ચંદ્ર સુદ ચૌદશની સાંજે ઊગી જતો હોય છે. આને પંચાંગ શાસ્ત્રાર્થની ભાષામાં વ્રતની પૂનમ કહે છે. આ વર્ષે તા. 13 માર્ચને ગુરુવારે ફાગણ સુદ ચૌદશ સવાર સુધી છે. ત્યારબાદ પૂનમ તિથિ શરૂ થાય છે. આ પૂનમ તિથિ પંચાંગગણિત પ્રમાણે તા. 14 માર્ચ ને શુક્રવારે બપોરે સમાપ્ત થાય છે, તેથી હોલિકાદહન તા. 13 માર્ચ ને ગુરુવારે વ્રતની પૂનમની સાંજે થશે. ધૂળેટી તા. 14 માર્ચ શુક્રવારે સવારથી થાય છે. આમ, આ વર્ષે હોળાષ્ટક ફાગણ સુદ 7, તા. 06-03-2025ને ગુરુવારે ફાગણ સુદ 14 તા. 13-03-2025ને ગુરુવારે સાંજે હોલિકાદહન સુધી રહેશે.

## હોળાષ્ટકનું મહત્ત્વ

કાર્તિકી સંવતના બાર માસ કારતકથી આસો સુધી છે. તેને નૈસર્ગિક કુંડળીનાં બાર સ્થાન સાથે સાંકળવામાં આવે ત્યારે ફાગણ માસ પાંચમા સ્થાને (ત્રિકોણ સ્થાને) આવે છે. આ પંચમ સ્થાનને નવસર્જન સાથે સીધો સંબંધ છે. એક ચાંદ્ર માસમાં (સુદ એકમથી અમાસ સુધી) ચાર ચરણ (ક્વાર્ટર) આવે છે. તેનું મહત્ત્વ ખગોળ, હવામાન, ઋતુવિજ્ઞાન, મેદનીય જ્યોતિષ, કૃષિ ઊપજની ક્ષય વૃદ્ધિ (છત-અછત) અને ગંજબજારની તેજી મંદીમાં વિશેષ જોવા મળે છે.

(1) પ્રથમ ક્વાર્ટર (ચરણ) એટલે સુદ એકમથી સુદ આઠમનો પૂર્વાર્ધ.

(2) ચાંદ્રમાસનું બીજું ચરણ એટલે સુદ આઠમના ઉત્તરાર્ધથી પૂનમની સમાપ્તિ.

(3) ત્રીજું ચરણ એટલે વદ એકમથી વદ આઠમનો પૂર્વાર્ધ.

(4) ચાંદ્રમાસનું ચોથું ચરણ વદ આઠમના ઉત્તરાર્ધથી અમાસની સમાપ્તિ સુધી.

આમ, હોળાષ્ટક પશ્ચિમ ભારતમાં ગુજરાત મહારાષ્ટ્રમાં ફાગણ માસના દ્વિતીય ચરણ તરીકે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ ખગોળીય રહસ્ય બહુ ઓછા લોકો જાણે છે.

## હોળાષ્ટક કમુરતાં ગણાય?

હોળાષ્ટકનો મુખ્ય હેતુ વનસ્પતિના ફાલ ફેલાવાનો અભ્યાસ કરીને કૃષિ સંસ્કૃતિને અને વેપાર વાણિજ્યને ઉપયોગી થવાનો છે, જેથી આગામી ઋતુઓ બાબતે નીરક્ષીર વિવેકથી અભ્યાસ થાય. વધુ સંખ્યામાં લોકો તેમાં સામેલ થાય તેવા આશયથી આપણા પૂર્વાચાર્યોએ હોળાષ્ટકના દિવસો દરમિયાન માંગલિક મુહૂર્તો નહીં લેવા માટે આઠ દિવસનો વિરામ ફાળવ્યો છે. જો લોકો આ સમયમાં પ્રવાસ-યાત્રા, માંગલિક કાર્યોના રોકાણમાંથી મુક્ત રહેશે તો અવશ્ય પ્રકૃતિના ખોળે જવાનું વિચારશે. આરોગ્ય અને સૌંદર્ય માટે ખાખરાના વૃક્ષ ઉપર આવતાં કેસૂડાંનાં ફૂલ મેળવી શકે છે.

માંગલિક પ્રસંગો યોજવાનું ટાળે તે માટે હોળાષ્ટકના સાત-આઠ દિવસ `સામી હુતાસણી' તેમજ `હોળીની સામી ઝાળ' જેવા અસરકારક વજનદાર શબ્દોથી ઓળખાય છે.

# ઇન્ડિયન આઉટફિટ સાથે જેકેટ ટ્રાય કરી ગોર્જિયસ લુક મેળવો







આપણે કંઈક નવું ટ્રાય કરવા માટે હંમેશાં ઉત્સુક હોઈએ છીએ. એમાં લગ્ન જેવા પ્રસંગોમાં ખાસ. લગ્નની શરૂઆત થઈ ગઈ છે. એમાં કંઈક યુનિક પહેરીને પ્રસંગમાં મહાલવાનું યુવતીઓ વિચારતી હોય છે. ભારતીય પરિધાન સાથે જેકેટનો ઉપયોગ હટકે લુક આપે છે. મોડર્ન વાઈબ્સ સાથે ઉત્તમ એથનિક લુક આપવા માટે ડિઝાઈનર જેકેટને ટ્રાય કરવામાં આવી રહ્યો છે. ફ્યૂઝન આઉટફિટ્સને વધારે સ્ટાઈલિશ બનાવીને ઝેડ જનરેશન ફ્રેન્ડલી બની રહી છે. તેઓ અમુક આઉટફિટ્સ હેવી એમ્બ્રોઈડરીવાળાં જેકેટને સંપૂર્ણ રીતે રિપ્લેસ કરી રહ્યાં છે, જેથી તેને પહેરનાર કમ્ફર્ટેબલ થઈને કાર્યક્રમનો આનંદ લઈ શકે. આપણે લગભગ બધા જ ભારતીય પોશાકમાં જેકેટ પહેરી શકીએ છીએ.

## ઘરારા સાથે જેકેટ

ઘરારાને ક્રોપ ટોપ અને બ્રા ઈન્સ્પાયર્ડ બ્લાઉઝ સાથે મર્ચ કરવામાં આવ્યું છે. તેની સાથે જેકેટ અનિવાર્ય થઈ ગયું છે. આ પ્રકારનાં આઉટફિટ સાથે કોટન મટીરિયલ કરતાં સિફોન અને જ્યોર્જટ મટીરિયલના લોંગ જેકેટ ટ્રાય કરી શકો છો. ઘરારા અને ક્રોપ ટોપમાં વર્ક હોય તો પ્લેન જેકેટની પસંદગી કરો, પરંતુ જો ઘરારા પ્લેન હોય કે એમાં લાઈટ વર્ક હોય તો વર્કવાળું જેકેટ કૅરી કરો. સિફોન કે જ્યોર્જટ મટીરિયલમાંથી ઘરારા બનાવવામાં આવ્યા હોય તો એજ મટીરિયલ અને કલરનું જેકેટ તમે ડિઝાઈન કરાવી શકો છો. એમાં ફ્લોરલ ડિઝાઈન હશે તો બેસ્ટ રહેશે. ફ્લોર સ્વિપિંગ જેકેટ ફક્ત એક્સેસરી નથી, પરંતુ બસ્ટિયર બ્લાઉઝની સરખામણીમાં વધારે સ્ટેટમેન્ટ બનાવે છે. ઘરારા અને જેકેટ સેમ હોય તો બ્લાઉઝ કોન્ટ્રાસ્ટ પસંદ કરો. પ્રસંગોમાં સ્કર્ટ પહેરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. સ્કર્ટની સાથે તેનો કોન્ટ્રાન્સ શર્ટ સામાન્ય રીતે પહેરવામાં આવે છે, પરંતુ કંઈક યુનિક ટ્રાય કરવું હોય તો પ્લેન અથવા લાઈટ વર્કવાળા સ્કર્ટની સાથે વર્કવાળા બ્લાઉઝની પસંદગી કરો. એની સાથે પ્લેન જેકેટ કૅરી કરો. સામાન્ય રીતે ફંક્શનમાં સિમ્પલ સ્કર્ટ કરતાં સ્લીટેડ સ્કર્ટ પસંદ કરશો તો આકર્ષક લાગશે. સ્કર્ટ અને ટોપ બંને સિમ્પલ હોય તો વર્કવાળા જેક્ટની પસંદગી કરો.

## સાડી સાથે જેકેટ

અમુક મહિલાઓની એવી માન્યતા છે કે, જેકેટ પહેરવાથી લુક ભારે ભરખમ લાગે છે, પરંતુ ફિટિંગવાળું જેકેટ પહેરવામાં આવે તો ગોર્જિયસ લુક આપે છે. અત્યારે સેલેબ્સમાં પણ સાડી સાથે જેકેટ પહેરવાનો ટ્રેન્ડ છે. પ્રી ડ્રેપ્ડ સાડી લુકમાં એની સાથે મેચ થતું હોય એવું જેકેટ અથવા કોન્ટ્રાસ્ટ જેકેટ ટ્રાય કરો. સાડી સાથે જેકેટ પહેરો ત્યારે લોંગ જેકેટ તમને સૂટ કરે છે કે શોર્ટ એ એક વખત ચેક કરી લો. આમ, પ્રસંગોમાં જેકેટનો ઉપયોગ કરવાથી તમારો લુક એકદમ ચેન્જ થઈ જશે.

# દેવા પેટે રોજ 68.82 કરોડ વ્યાજ ચૂકવે છે ગુજરાત સરકાર !

## સંસદના અને ગુજરાત વિધાનસભાના આંકડામાં જમીન આસમાનનો તફાવત : કોંગ્રેસે ખુલાસો માંગ્યો

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભામાં અને કેન્દ્રની સંસદમાં ગુજરાત સરકારના માથા પરના દેવા અંગે રજૂ કરવામાં આવતા આંકડાઓમાં જમીન આસમાનનો તફાવત જોવા મળ્યો છે. જેના કારણે ગુજરાત સરકાર પર ગુજરાત વિધાનસભા તેમજ ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. વર્ષ 2023-24ના અંતે ગુજરાત સરકારે દર્શાવેલા આંકડા પ્રમાણે ગુજરાત સરકારનું જાહેર દેવું 3,77,962 કરોડ રૂપિયાનું છે. તેની સામે દેશની સંસદમાં પાંચમી ફેબ્રુઆરી 2024ના રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ગુજરાત સરકારના માથા પરનું જાહેર દેવું 4,67,464.40 કરોડ રૂપિયા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આમ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે ગુજરાતના માથા પરના દેવા અંગે દર્શાવેલા આંકડાંમાં જમીન આસમાનનો તફાવત છે.

ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ નેતા શૈલેશ પરમારે બુધવારે (પાંચમી માર્ચ) ગુજરાત વિધાનસભામાં બજેટ અંગેની ચર્ચા દરમિયાન બોલતા જણાવ્યું હતું. આ આંકડાંઓ વચ્ચેના તફાવત અંગે ગુજરાતના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વહેલામાં વહેલી સ્પષ્ટતા કરવી જરૂરી છે.

### ગુજરાતના એક નાગરિક માથે અંદાજિત 2,95,308નું દેવું




ગુજરાત સરકારનું જાહેર દેવું 2023-24માં 3,77,96 કરોડ રૂપિયાનું હતું. તેની સામે 2025-26ના વર્ષમાં જાહેર દેવું વધીને 4,55,537 કરોડ રૂપિયાનો અંદાજ આપવામાં આવ્યો છે. આમ, છેલ્લાં બે વર્ષમાં ગુજરાત સરકારે તેના દેવામાં રોજના 1063.26 કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. આ દેવાનું વ્યાજ ચૂકવવા માટે રોજના ગુજરાત સરકાર 68.82 કરોડ રૂપિયા ખર્ચી રહી છે. GDPના મૂલ્ય સાથે જાહેર દેવાની ટકાવારી કાઢવામાં આવે તો તે 14.96 ટકાની આસપાસની છે. ગુજરાત સરકારે 2024-25ના વર્ષમાં 76,000 કરોડ રૂપિયાનું દેવું લીધું છે. ગુજરાતના એક નાગરિકને માથે અંદાજે 2,95,308 રૂપિયાનું દેવું છે. આમ, ગુજરાત સરકારની એકની આવકમાંથી 8.83 પૈસા તો રાજ્યના દેવા પરના વ્યાજની ચૂકવણી કરવામાં જ ખર્ચાઈ જાય છે.

# અટલાદરાની જમીન પર કબજો જમાવનાર બે ડાયરેક્ટરની લેન્ડગ્રેબિંગના ગુનામાં ધરપકડ

**વડોદરા**

અટલાદરા સ્વામિ નારાયણ મંદિરની પાછળ આવેલી ટ્રી હાઉસ હાઈસ્કૂલવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હોવા છતાંય જમીન પર કબજો જમાવી રાખનાર મુંબઈની ટ્રી હાઉસ એજ્યુકેશનના બે ડાયરેક્ટરોની લેન્ડ ગ્રેબિંગના ગુનામાં ધરપકડ થઈ છે.

અમદાવાદ થલતેજમાં ઝેબર રિઅલ્ટીના ભાગીદાર રમેશભાઈ દેસાઈએ વડોદરાના અટલાદરા સ્વામિનારાયણ મંદિર પાછળ ટ્રી હાઉસ નામની સ્કૂલ ચલાવતા મુંબઈના ટ્રી હાઉસ એજ્યુકેશન એન્ડ એસેસરિઝ લિ.પાસેથી રૂ.૧૮કરોડમાં જગ્યા ખરીદી હતી.ટ્રી હાઉસે આ જમીન રૂ.દોઢ લાખના ભાડેથી ૩૩ વર્ષના ભાડેપટ્ટે મીરાં એજ્યુકેશન ટ્રસ્ટને આપી હતી. પરંતુ નાણાંભીડને કારણે ટ્રી હાઉસે આ જમીન અમદાવાદની પેઢીને વેચી હતી. તા.૨૮-૦૨-૨૦૨૩ના રોજ અમદાવાદની પેઢીની તરફેણમાં દસ્તાવેજ થતાં તેઓ માલિક બન્યા હતા અને તેમણે પણ સ્કૂલ ચાલુ રાખી હતી.પરંતુ તેમ છતાં જમીનનો કબજો છોડવામાં આવતો નહતો અને અમદાવાદની પેઢીના સંચાલકોને હેરાન કરવામાં આવતા હોવાથી તેમણે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી. આ પૈકી ક્રાઈમ બ્રાન્ચની ટીમે મુંબઈના મલાડ ખાતે વોચ રાખી ટ્રી હાઉસના ડાયરેક્ટર દિપેન વિજયકુમાર શાહ અને માલિન જગદીશભાઈ રમાનીની ધરપકડ કરી છે. તેમને કોર્ટમાં રજૂ કરાતાં કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી બંનેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.

# રાવળાપુરા ગામ નજીક નહેરમાં ડૂબી જતાં બે યુવકના કરૂણ મોત

### મિત્રો સાથે નહેરમાં નહાવા ગયા હતા : રમઝાન મહિનાના પ્રારંભે જ પરિવારે બે યુવકો ગુમાવતા સમાજમાં શોકની લાગણી

**આણંદ**

આણંદના ૧૦૦ ફૂટ રોડ પર નુર-એ-ઈલાહી સોસાયટીમાં રહેતો રેહાન વ્હોરા (ઉ.વ. ૧૯) અને અયાન મહેબુબભાઈ વ્હોરા (ઉ.વ.૧૭) સોમવારે સાંજે આણંદ નજીક રાવળાપુરા પાસેથી પસાર થતી નહેરમાં મિત્રો સાથે નહાવા ગયા હતા. ત્યારે અચાનક બંને પાણીમાં ડુબવા લાગ્યા હતા. થોડી જ ક્ષણોમાં બંને યુવકો પાણીમાં ગરકાવ થઈ જતાં અન્ય મિત્રોએ બૂમાબૂમ કરી હતી. પરિણામે સ્થાનિકો બનાવના સ્થળે દોડી આવ્યા હતા. તેમજ પરિવારજનો પણ પહોંચ્યા હતા. સ્થાનિક તરવૈયાઓએ નહેરમાં શોધખોળ કરતા બંનેના મૃતદેહો પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આણંદ ગ્રામ્ય પોલીસને બનાવની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને મૃતદેહોનો કબજો મેળવી પીએમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. એક સાથે બે યુવકોના મોતથી પરિવારજનો આઘાતમાં સરી પડયા હતા.

# પ્રેમિકાની હત્યા કરીને યુવકે રામોલ મિત્રના ઘરે જઇ આપઘાત કરી લીધો

### યુવતીએ લગ્ન કરવાની ના પાડતાં ચાકુના ઘા ઝીકી મારી નાંખી

**અમદાવાદ**

નરોડા પોલીસ વિસ્તારમાં ભાગોળ પાસે આજે સાંજે પડોશમાં રહેતા યુવકે લગ્ન કરવાની ના પાડતાં યુવકે ચાકુના ઘા મારીને યુવતીની હત્યા કરી હતી એટલું જ નહી યુવકે પણ રામોલમાં મિત્રના ઘરે જઈને ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.નરોડા વિસ્તારમાં રહેતા ઈર્શાદ નામના યુવકને પડોશમાં રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. આજે સાંજે ૪.૩૦ વાગે યુવક યુવતીના ઘરે ગયો હતો અને લગ્ન કરવા માટે જીદ પકડી હતી જો કે યુવતીએ લગ્ન કરવાનો ઈન્કાર કરતાં ઉશ્કેરાઈને યુવકે યુવતીની હત્યા કરીને યુવક નાસી ગયો હતો. આ બનાવના પગલે નરોડામાં ચકચાર મચી જવા પામી હતી. બીજીતરફ પ્રમિકાની હત્યા કરીને યુવક રામોલમાં ગરીબ આવાસના ચાર માળિયા ફ્લેટમાં તેના મિત્રના ઘરે ગયો હતો. જ્યાં મિત્રના ઘરનો સામાન બદલવાનું કામ ચાલી રહ્યું હતું અને મિત્ર ચા પાણી કરવા ઘરની બહાર ગયો ત્યારે યુવકે તેના ઘરે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો.

# રીલ્સના ચક્કરમાં અમદાવાદમાં કેનાલમાં કાર સાથે ડૂબ્યાં 3 યુવાન, બેની લાશ મળી

### યશ સોલંકી અને યક્ષ ભંકોડિયાના મૃતદેહ મળી આવ્યા, અન્યની શોધખોળ જારી

**અમદાવાદ**

અમદાવાદના જુહાપુરા-સરખેજ વિસ્તારમાં આવેલ ફતેહવાડી કેનાલ ખાતે એક એવી ઘટના બની જેનાથી બધાએ ચેતી જવાની જરૂર છે. અહીં રીલ્સના ચક્કરમાં 3 યુવકો સ્કોર્પિયો કાર સાથે કેનાલમાં ખાબકી ગયા હતા. જેમાં યશ સોલંકી તથા યક્ષ ભંકોડિયાનો મૃતદેહ મળી આવતા તેના પરિવાર પર આભ તૂટી પડ્યો હતો. માહિતી અનુસાર યક્ષ જ કાર ચલાવી રહ્યો હતો પરંતુ અકસ્માતના સમયે તેણે આ કાર યશ સોલંકીને ચલાવવા આપી હતી. જોકે હજુ સુધી એકની અત્યાર સુધી કોઈ ભાળ મળી નથી. છેલ્લા 13 કલાકથી ફાયરબ્રિગેડની ટીમના સભ્યો હજુ સુધી એમને શોધી રહી છે. માહિતી અનુસાર યક્ષ નામનો યુવક આ કાર ચલાવી રહ્યો હતો પરંતુ અકસ્માતના સમયે યશ સોલંકીને કાર ચલાવવામાં આપી હતી. જેને કાર ચલાવતા આવડતી નહોતી અને ભૂલથી બ્રેકની જગ્યાએ એક્સિલેટર પર પગ મૂકી દેતાં કાર સીધી કેનાલમાં ખાબકી હતી. આ કાર 3500 રૂપિયામાં ચાર કલાક ભાડેથી લાવવામાં આવી હતી જેથી તેઓ રીલ્સ બનાવીને પોતાનો વટ બતાવી શકે. આ સમગ્ર ઘટના અંગે એમ ડીવીઝન ટ્રાફિક પોલીસે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આજકાલના બાળકો અને યુવાનોમાં સોશિયલ મીડિયા પર છવાઈ જવાની અને પોતાનો વટ બતાવવાની ઘેલછા ભારે પડી રહી છે અને તેમના જીવને જોખમમાં મૂકી રહી છે જેને લઈને વાલીઓએ ખૂબ જ સાવચેત રહેવાની જરૂર છે.

## પાકિસ્તાનની જેલોમાં 144 ગુજરાતી માછીમારો બંધક, સરકારે આંકડા કર્યા જાહેર

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા અને કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર દ્વારા બે અલગ અલગ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં કેટલાં માછીમારો પાકિસ્તાનની જેલમાં છે અને તેમની કેટલી બોટો જપ્ત કરવામાં આવી છે? તેની માહિતી રાજ્ય સરકાર પાસે માંગવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકાર દ્વારા જણાવાયું હતું કે, આજે પણ રાજ્યના 144 જેટલા માછીમાર પાકિસ્તાનની જેલમાં બંધ છે અને જેલમાં યાતનાઓ સહન કરી રહ્યા છે. જ્યારે રાજ્યની ભૂલથી સરહદ પાર કરી ગયેલા માછીમારોની 1173 જેટલી બોટ પાકિસ્તાનની નેવી દ્વારા જપ્ત કરવામાં આવી છે, જેમાંથી એક પણ બોટને આજદીન સુધી પરત આપવામાં આવી નથી.

# નડિયાદમાં આત્મહત્યા કરવા શિક્ષક દ્વારા મુકબધીર પર કરાયું ઝેરનું પારખું

**નડિયાદ**

નડિયાદમાં સોડાકાંડમાં ત્રણ વ્યક્તિના મોતની ઘટનાની તપાસમાં પોલીસ સામે ચોંકાવનારી વિગતો આવી છે. આ ઘટનાનો હત્યારો બીજો કોઈ નહીં પરંતુ મૃતક મુકબધિરની પડોશમાં રહેતો એક શિક્ષક હોવાનું ખુલ્યું છે. આત્મહત્યા કરવા ઈચ્છતા શિક્ષકે પોતાની આત્મહત્યા મૃત્યુમાં ખપાવી પરીવારને વીમાનો આર્થિક લાભ મળે તે હેતુથી ઓનલાઈન માધ્યમથી સોડીયમ નાઈટ્રાઈટ મંગાવ્યું હતું. જેનો અખતરો કરવા મુકબધિરને પીવડાવ્યું અને ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો હતો.

**અમદાવાદ FSLમાં મોકલાયો હતો રિપોર્ટ, 19 દિવસ બાદ નોંધાઈ હતી ફરિયાદ**

ફરિયાદની વિગતો અનુસાર નડીયાદનાં જવાહરનગર, રેલ્વે ફાટક નજીક જીરા સોડા પીધા બાદ ત્રણ વ્યક્તિને શારીરિક તકલીફ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ નડીયાદ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે ત્રણેય વ્યક્તિઓને મૃત જાહેર કર્યા હતા. જેના આધારે નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અપમૃત્યુનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પરંતુ એફ.એસ.એલ. રીપોર્ટમાં ત્રણેય વ્યક્તિઓના બ્લડ સેમ્પલમાં મિથાઈલ આલ્કોહોલ મળી આવ્યું હતું આથી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે ત્રણેય વ્યક્તિઓના પી.એમ. વખતે મેળવેલ નમુનાની તપાસ માટે એફ.એસ.એલ અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા હતા.

## ગુજરાતમાં UCC લાગુ કરવા રચાયેલી કમિટીની ગાંધીનગરમાં પ્રથમ બેઠક

**ગાંધીનગર**

આજે ગાંધીનગર ખાતે નિવૃત્ત ન્યાયમૂર્તિ રંજના દેસાઈના અધ્યક્ષ સ્થાને UCC સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં UCC સમિતિના અધ્યક્ષ ન્યાયમૂર્તિ રંજના દેસાઈએ ગુજરાતના રહેવાસીઓને UCC અંગે સૂચનો મોકલી આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પૂર્વે ગુજરાતના રહેવાસીઓ, સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓ સમાન સિવિલ કાયદા અંગે પોતાના સૂચનો અને મંતવ્યો રજૂ કરી શકે તે માટે ઓનલાઈન પોર્ટલ http://uccgujarat.in લોન્ચ કરવામાં આવ્યું છે.

# રાજ્યની શાળામાં શિક્ષકો અને આચાર્યોની ઘટ, સૌરાષ્ટ્રના જિલ્લામાં સૌથી વધુ અસર

### જ્ઞાન સહાયકોની પણ ભરતી કરાતી ન હોવાની રાવ

**અમદાવાદ**

રાજ્યના અનેક જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની મોટી ઘટ જોવા મળી રહી છે. વિધાનસભા ગૃહમાં ઉઠેલા પ્રશ્નમાં આ માહિતી સામે આવી છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌથી વધુ ખોટ પડી રહી હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 1266, જામનગર જિલ્લામાં 818 અને ગીર સોમનાથ જિલ્લામાં 211 શિક્ષકોની ઘટ છે.



રાજ્ય સરકારે દાવો કર્યો છે કે, શિક્ષકોની ખાલી જગ્યાઓની સામે જ્ઞાન સહાયકોની ભરતી કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાયો છે. પરંતુ હકીકત એ છે કે, જ્ઞાન સહાયકોની પણ યોગ્ય સંખ્યામાં ભરતી નથી કરાઈ. જામનગરમાં માત્ર 387 અને દેવભૂમિ દ્વારકામાં 122 જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી છે, જે આંકડો શિક્ષકોની ખાલી જગ્યાઓ કરતાં ઘણો ઓછો છે.

રાજ્યની શાળાઓમાં ન માત્ર શિક્ષકોની જ ઘટ છે, પરંતુ અનેક શાળાઓ એવી છે કે જેમાં આચાર્ય જ નથી. ગુજરાતની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ખાલી જગ્યાઓનો આંકડો ચિંતાજનક છે. રાજ્યમાં ૭૦૦ શાળાઓ એવી છે કે, જ્યાં આચાર્યોની નિમણૂક થઈ જ નથી.

# રામ મંદિર પર હુમલાનું ષડયંત્ર : ATSએ હરિયાણાથી બે શંકાસ્પદની ધરપકડ કરી

**અમદાવાદ**

ગુજરાત ATS અને હરિયાણા Special Task Forceને આતંકવાદીઓને પકડવામાં મોટી સફળતા હાથ લાગી છે. બાતમીના આધારે ફરીદાબાદથી બે આતંકવાદીઓને ઝડપી લેવામાં આવ્યાં છે. હરિયાણા STF સાથે કરવામાં આવેલાં સંયુક્ત ઓપરેશનમાં આરોપી અબ્દુલ રહેમાન સહિત બે આતંકવાદી સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે.

ગુજરાત ATS ને આતંકવાદીઓને પકડવામાં એક મોટી સફળતા મળી છે. હરિયાણા STF સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરી હરિયાણાના ફરીદાબાદમાંથી આરોપી અબ્દુલ રહેમાન સહિત બે આતંકીઓ સાથે હેન્ડ ગ્રેનેડનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ગુજરાત ATSને બાતમી મળી હતી કે, બે શંકાસ્પદ શખસો હરિયાણાથી હેન્ડ ગ્રેનેડનો જથ્થા સાથે ઉત્તર પ્રદેશ પહોંચવાના છે. બાતમીના આધારે હરિયાણા STFને સાથે રાખી રવિવારે રાત્રે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું અને બંનેને ઝડપી લેવાયા હતાં. મળતી માહિતી મુજબ, આતંકવાદીઓને રામ મંદિર પર હુમલો કરવા માટે આઈએસઆઈએ તાલીમ આપી હતી.

# ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ફરી અગ્રેસર, દેશમાં દ્વિતીય ક્રમે

### વિન્ડ પાવર પ્રોજેક્ટ પણ કાર્યરત, પવન ઊર્જા તેમજ સૌર ઊર્જાની વિપુલ તકો

**અમદાવાદ**

ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષમતા વધારવા સતત કાર્યરત છે. જેના પગલે રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતામાં દેશમાં દ્વિતીય ક્રમે છે. તેમજ રાજ્યના અનેક નવી યોજનાનો અમલમાં મૂકવામાં આવી રહી છે. જેમાં વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ક્લાઈમેટ ચેન્જ રાજ્ય પ્રધાન મુકેશ પટેલે જણાવ્યું હતું કે, આજે ગુજરાત કુલ 31482. 79 મેગાવોટ રિન્યુએબલ એનર્જીની સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં દ્વિતીય ક્રમે આવે છે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં સૌ પ્રથમ ગુજરાતમાં વર્ષ 2009માં ક્લાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી હતી.

રાજ્યમાં 1600 કિ.મી. લાંબો દરિયા કિનારો તેમજ ભૌગોલિક પરિસ્થિતિને લીધે પવન ઊર્જા તેમજ સૌર ઊર્જાની વિપુલ તકો રહેલી છે.

# ગુજરાતમાં એક્ટિવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં 25%નો ઘટાડો, ટર્ન ઓવર 11.50 % ઘટ્યું

### સ્મોલકેપ કેટેગરીમાં 60 ટકા સુધીનું ધોવાણ

**અમદાવાદ**

ચાલી રહેલી ઉથલપાથલના કારણે રોકાણકારોનો વિશ્વાસ પણ ડગમગી રહ્યો છે. રોકાણકારો હવે માર્કેટથી દૂર થઈ રહ્યા હોય તેમ ગુજરાતમાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં 25 ટકાનો ઘટાડો થયો છે. જાન્યુઆરીમાં ગુજરાતના ઈન્વેસ્ટરોનું ટર્નઓવર 1.6 લાખ કરોડ હતું. જે ડીસેમ્બરની સરખામણીએ 11.50 ટકા ઓછુ હતું. નેશનલ સ્ટોક એક્સચેન્જના રીપોર્ટ પ્રમાણે શેરમાર્કેટમાં ઈન્વેસ્ટરોની ભાગીદારીની સંખ્યામાં પણ મોટો ઘટાડો થયો છે. મહિનામાં ઓછામાં ઓછો એક વખત સોદો કરનારાની સંખ્યામાં 24.6 ટકાનો ઘટાડો છે. માર્કેટના તજજ્ઞોના મત પ્રમાણે આ પાછળનું કારણ બજારમાં વધી રહેલી અસ્થિરતા અને મંદીને કારણે રીટેલ ઈન્વેસ્ટરોમાં ભય ફેલાયો હોવાનું હોઈ શકે છે. શેરમાર્કેટના નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે કોરોના કાળ બાદ પ્રથમ વખત માર્કેટમાં દાખલ થયેલા નવા યુવાન ઈન્વેસ્ટરોનો મોટા પ્રમાણમાં પ્રવેશ થયો હતો. આ ઈન્વેસ્ટરોએ ક્યારેય મંદીનો અનુભવ કર્યો નહોતો.

જાન્યુઆરીમાં કેશ માર્કેટમાં સૌથી વધુ ટર્નઓવર ધરાવતા રાજ્યોમાં ગુજરાત તથા મહારાષ્ટ્રનો દબદબો હતો. મહારાષ્ટ્રનાં ઈન્વેસ્ટરોનું ટર્નઓવર 2.7 લાખ કરોડ તથા ગુજરાતનું 1.6 લાખ કરોડ હતું. સૌથી વધુ માસીક ટર્નઓવર ધરાવતા ટોપ-10 રાજ્યોમાંથી કર્ણાટક સિવાયના તમામ રાજ્યોનાં ટર્નઓવરમાં ઘટાડો છે. જેમાં સૌથી વધુ 11.5 ટકા ગુજરાતનું ઘટયુ છે.

# અમેરિકા જવા ગુજરાતી યુવક બન્યો પાકિસ્તાની નાગરિક, પણ ઈમિગ્રેશન વિભાગમાં ફૂટ્યો ભાંડો

### પાકિસ્તાની પાસપોર્ટ જોઇને USના અધિકારીઓ ચોંક્યા

**કલોલ**

અમેરિકા જવાની ઘેલછામાં ગુજરાતી જીગ્નેશ પટેલ પાકિસ્તાની બની ગયો હતો. પરંતુ તેનો વેશ બદલવાનો ખેલ વધુ સમય ચાલ્યો ન હતો અને અમેરિકન અધિકારીઓ સામે પોલ ખુલી ગઈ હતી. આ પછી તેને ભારત પરત મોકલી દેવામાં આવ્યો હતો. જીગ્નેશ પટેલ પાસે પાકિસ્તાનનો પાસપોર્ટ હતો, જેના પર વસીમ ખલીલ નામ હતું. જો કે, 12 ફેબ્રુઆરી રોજ જીજ્ઞેશ દિલ્હી એરપોર્ટ ડિપોર્ટ કરાયા બાદ પોલીસે તેને પકડી પાડ્યો હતો. જીગ્નેશના પકડાયા બાદ ભારતીય અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા કે, તેની પાસે એક અસલી પાકિસ્તાની પાસપોર્ટ આવ્યો ક્યાંથી. જ્યારે અસલમાં આ કોઈ વસીમ ખલીલનો ગુમ થયેલો દસ્તાવેજ હતો. પૂછપરછમાં પટેલે કબૂલ કર્યું કે, 'હું અમેરિકા જઈ શકું તે માટે દુબઈમાં એક એજન્ટને પૈસા આપ્યા હતા અને પોતાની ઓળખ બદલી હતી.'

**પકડાયેલો યુવાન મુળ કલોલનો રહેવાસી**

જીગ્નેશ મૂળ કલોલનો રહેવાસી છે. જીગ્નેશ પહેલા વસીમ ખલીલના નામે અમદાવાદથી દિલ્હી ગયો હતો. દિલ્હીમાં ગયા બાદ તે એર કેનેડાની ફ્લાઈટથી કેનેડા જતો રહ્યો હતો. કેનેડા પહોંચી ગયા બાદ જીગ્નેશ ઉર્ફ વસીમ ખલીલ અમેરિકા જતો રહ્યો હતો. અમેરિકા પહોંચતા જ ઇમિગ્રેશન વિભાગે તેનો પાસપોર્ટ ચેક કર્યો હતો. પાસપોર્ટ શંકાસ્પદ લાગતા તેનું ચેકિંગ અને પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે, તેણે વસીમ નામનો બોગસ પાસપોર્ટ બનાવ્યો હતો.

# અમદાવાદમાં તબીબે મહિલા દર્દીના નગ્ન વીડિયો બનાવી આચર્યું દુષ્કર્મ

**અમદાવાદ**

મણિનગરમાં નિલેશ નાયક નામના ફિઝિયોથેરાપિસ્ટ ડૉક્ટરને ત્યાં સરવાર અર્થે આવેલી મહિલાને બોટલ ચઢાવતા દરમિયાન બોટલમાં બેફાન કરવાનું ઈન્જેક્શન આપ્યું હતું. આ પછી ડૉક્ટરે બેફાન થયેલી મહિલાને નિર્વસ્ત્ર કરીને તેના નગ્ન ફોટો અને વીડિયો ઉતાર્યા હતા. આરોપી ડૉક્ટર મહિલાને વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને બ્લેકમેઈલ કરતો હતો. જેમાં ડૉક્ટરે મહિલા પાસેથે દાગીના સહિત 4 લાખ પડાવ્યા હતા અને હોટેલમાં લઈ જઈને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. સમગ્ર મામલે મહિલાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સમગ્ર મામલે પોલીસને જાણવા મળ્યું હતું કે, મહિલાને ડાયાબિટીસ, ચામડીના રોગની બિમારી હોવાથી તે અવારનવાર આરોપી ડૉક્ટરના દવાખાને જતી હતી. આ પછી મહિલા અને ડૉક્ટર વચ્ચે મિત્રતા બંધાઈ હતી. મહિલા પર દુષ્કર્મ આચરી અને દાગીના પડાવ્યા બાદ ડૉક્ટર વારંવાર ધમકી આપતો હોવાથી અંત કંટાળીને મહિલાએ તેના પતિને જાણ કરી હતી અને મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે પોલીસે આરોપી ડૉક્ટરની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે

## ગ્રેડ પે મુદ્દે રાજ્યભરના આરોગ્ય કર્મચારીઓનો ગાંધીનગરમાં હલ્લા બોલ

**ગાંધીનગર**

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ છે. એવામાં ગ્રેડ પે અને ટેકનિકલ ગ્રેડ પે મુદ્દે રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. કર્મચારીઓ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવેલા આંદોલનમાં કર્મચારીઓ પોતાની માંગણી રજૂ કરી રહ્યા છે. જેમાં ખાતાકીય પરીક્ષા રદ કરવી, ટેક્નિકલ કર્મચારી ગણી ગ્રેડ પે સુધારવો, 7 pay મુજબ pta આપવું, જેવી માંગણીઓ સૂત્રોચારના માધ્યમથી રજૂ કરી રહ્યા છે. બુધવારે હજારો કર્મચારીઓના વિરોધ પ્રદર્શનને પગલે પોલીસ કાફલો ખડકી દેવાયો હતો.

# અમદાવાદઃ પ્રેમીએ પ્રમિકાના પૂર્વ પતિને ક્રૂરતા પૂર્વક ગળુ કાપીને રહેંસી નંખાયો

અમદાવાદ : નરોડા પાટીયા પાસે રહેતા અજીજખાન પઠાણના લગ્ન વર્ષ ૨૦૦૯માં થયા હતા. લગ્ન બાદ અજીજખાન નરોડા પાટીયા પાસે ભાડાના રૂમમાં પત્ની અને ત્રણ બાળકો સાથે રહેતો હતો. ત્રણેક વર્ષ અગાઉ પત્ની સાથે મનમેળ નહી આવતા છુટાછેડા લીધા હતા ત્યારબાદ પત્ની સંતાનો સાથે નરોડાના રાજુ સિન્ધી સાથે વટવામાં ભાડેથી રહેવા જતી રહી હતી. બે મહિના પહેલા પતિ-પત્ની વચ્ચે ફરી સંબંધો કેળવાયા હતા એટલું જ નહી રમજાન બાદ ફરીથી લગ્ન કરવાનો હતા. બીજીતરફ ગઇકાલે રાત્રે અજીજખાન નરોડાથી પત્ની અને બાળકો માટે નવા કપડા લઈને વટવા આપવા ગયો હતો. બાદમાં વટવાથી નરોડા ઘરે જતો હતો. ત્યારે કેડીલા બ્રિજ પાસે અવાવરૂ જગ્યાએ યુવકનું અડધુ ગળુ કાપીને હત્યા કરી દેવામાં આવી હતી.

**સોલારનું કામ કરવાનું કહીને અવાવરુ સ્થળે લઇ જવાયો : પોલીસે હત્યારાને દબોચી લીધો**

ઈસનપુર પીઆઈ, બી.એસ. જાડેજાના જણાવ્યા મુજબ પોલીસે તપાસ કરીને આરોપી રાજુ સિંધીને ઝડપી પાડયો હતો. આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યું છે કે આરોપી રાજુ સિંધીને મૃતકની પત્ની સાથે પ્રેમ સંબંધ હતો. પ્રેમિકાને પૂર્વ પતિ સાથે સમાધાન થઈ જતા પતિ સાથે જતી રહેવાની હતી. જેથી પ્રેમિકાને પામવા માટે આરોપી રાજુ સિંધીએ પ્રેમિકાના પૂર્વ પતિનું ગળું કાપીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

## સિવિલ જજ, JMFCની ભરતી પ્રક્રિયા સામે સુપ્રીમ કોર્ટનો સ્ટે, હાઈકોર્ટથી નારાજ

**અમદાવાદ**

સુપ્રીમકોર્ટે એક આદેશ મારફતે ગુજરાતમાં સિવિલ જજ (જુનિયર ડિવિઝન)- જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની ભરતી પ્રક્રિયા સામે મનાઈ હુકમ ફરમાવી દીધો છે. સુપ્રીમકોર્ટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉમેદવારની લઘુતમ લાયકાતમાં વકીલ ઉમેદવારે કેટલા વર્ષની પ્રેક્ટિસ કરી હોવી જોઈએ તેની કોઈ નિર્ધારિતતા નક્કી કર્યા વિના જ ભરતી પ્રક્રિયા હાથ ધરાતાં નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટીન જ્યોર્જ મસીહની ખંડપીઠે હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ, મુખ્ય સચિવ સહિતના પક્ષકારોને નોટિસ પાઠવી કેસની વધુ સુનાવણી 18 માર્ચે હાથ ધરશે.

# ઓડિશામાં ડે. કમિશનરની ૯ મિલકતો પર દરોડા : 2000ની નોટના બંડલો, દાગીના જપ્ત

## ભુવનેશ્વર ઉપરાંત ખોરધા, પુરી, નયાગઢ તથા કટક સહિત કુલ નવ જગ્યાએ તપાસ

**ભુવનેશ્વર**

છેવટે ૨૦૦૦ની નોટોનો વિશાળ જથ્થો મળી આવ્યો છે. હકીકતે ઓડિશામાં એક ભ્રષ્ટ અધિકારીને ત્યાં વિજિલન્સ વિભાગે દરોડા પાડયા જેમાં ૨૦૦૦ની નોટો સહિત મોટી માત્રામાં રોકડ રકમ અને સોના-ચાંદીનો ખજાનો મળી આવ્યો છે.



અહેવાલ અનુસાર ઓડિશા વિજિલન્સ વિભાગે ગુરુવારે કટક સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી ડેપ્યુટી કમિશનર પ્રદીપ કુમાર મોહંતીના ૯ સ્થળોએ અપ્રમાણસર સંપત્તિ કેસમાં દરોડા પાડયા હતા. આ સમયગાળા દરમિયાન, ૨૦૦૦ રૂપિયાની નોટોના બંડલ, સોના-ચાંદીના દાગીના અને મિલકત સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા હતા. અધિકારીઓને શંકા છે કે મહંતીએ પોતાના પદનો દૂરૂપયોગ કરીને બેનામી સંપત્તિ મેળવી છે.

વિજિલન્સ વિભાગે ભુવનેશ્વર ઉપરાંત ખોરધા, પુરી, નયાગઢ તથા કટક સહિત કુલ નવ જગ્યાએ તપાસ ચલાવી હતી. દરોડ દરમિયાન રોકડ રકમના બંડલો, બેનામી સંપત્તિના દસ્તાવેજો તેમજ ઘરેણાં મળી આવ્યા છે. ઓડિશામાં અગાઉ પણ કેટલાક ભ્રષ્ટ અધિકારીઓને ત્યાં દરોડા પાડીને મોટી માત્રામાં બેનામી સંપત્તિ અને રોકડ રકમ જપ્ત કરવામાં આવેલી છે.

# યુપીના મુરાદાબાદમાં દલિત સગીરા પર સામૂહિક દુષ્કર્મ, એસિડ પણ રેડ્યું

**મુરાદાબાદ**

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં એક દલિત સગીરા સાથે સામુહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. ૪ યુવકોએ ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરીને ૨ મહિના સાથે તેની ઉપર સામુહિક દુષ્કર્મ આચર્યું હતું. આ સાથે છોકરીના હાથ પર દોરવામાં આવેલાં ચિહ્નને દૂર કરવા માટે તેની ઉપર એસિડ નાંખી દીધું હતું. પીડિતા જ્યારે કંઈ ખાવા માંગતી તો આરોપીઓ તેને જબરદસ્તી બીફ ખવડાવતા હતાં.

મળતી માહિતી મુજબ, આશરે ૨ મહિના સુધી સગીરા સાથે આ પ્રકારે ક્રૂરતા કરવામાં આવી હતી. ભગતપુર પોલીસ સ્ટેશનમાં પીડિતાની કાકીએ આ મામલે ફરિયાદ દાખલ કરી છે. પોલીસે મુખ્ય આરોપી સલમાનને પકડી લીધો છ. હાલ, પોલીસ આ મામલે અન્ય આરોપીની પણ તપાસ કરી રહી છે. પીડિતાની કાકીએ જણાવ્યું કે, સગીરા ગુમ થઈ ત્યારથી તેની શોધખોળ શરૂ હતી પરંતુ, કંઈ ભાળ ન મળી. અમે ૩ જાન્યુઆરીએ લાપતાની ફરિયાદ નોંધાવી હતી પરંતુ, પોલીસ પણ તેને શોધી ન શકી. ત્યારબાદ બીજી માર્ચે તે ઘરે પરત ફરી, ત્યારે તેની સ્થિતિ ખૂબ જ ખરાબ હતી.

# ઔરંગઝેબને આદર્શ માનતા MLAને યુપી મોકલો, અમે સારવાર કરીશું : CM યોગી

**લખનઉ**

સમાજવાદી પાર્ટીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ અબુ આઝમીએ તાજેતરમાં ઔરંગઝેબના સમર્થનમાં નિવેદન આપ્યું હતું. તેમના આ નિવેદનથી રાજકીય વિવાદ સર્જાયો હતો. હવે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ઔરંગઝેબ વિવાદ પર નિવેદન આપ્યું છે. સીએમ યોગીએ સ્પષ્ટ કહ્યું છે કે જે વ્યક્તિ ઔરંગઝેબને હીરો કહે છે તેને અહીં રહેવાનો અધિકાર નથી.

સપા પર પ્રહાર કરતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે ઔરંગઝેબ સપાના લોકો માટે ગર્વની વાત છે જેણે તેના પિતાને કેદ કરી દીધા હતા અને તેમને પાણીના દરેક ટીપા માટે તરસ્યા બનાવ્યા હતા. તેમણે કહ્યું કે સપાનો પોતાના ધારાસભ્યો પર કોઈ નિયંત્રણ નથી. અબુ આઝમીનું નામ લીધા વિના તેમણે કહ્યું કે સપાએ તેમને પાર્ટીમાંથી હાંકી કાઢવા જોઈએ. તેમણે કહ્યું કે સપાએ તે નેતાના નિવેદનનું ખંડન કરવું જોઈએ અને તેમને પાર્ટીમાંથી હાંકી કાઢવા જોઈએ. નહિતર તેને અહીં બોલાવો. અમે તેની સારવાર કરીશું. યુપી આવા લોકો સાથે સારો વ્યવહાર કરે છે.

# પટનાના દરભંગા હાઉસ કેમ્પસમાં બોમ્બ વિસ્ફોટ HOD પ્રોફેસર લક્ષ્મી નારાયણની કાર ઉપર હુમલો

**પટના**

બિહારની રાજધાની પટનામાં દરભંગા હાઉસ ફરી એકવાર સમાચારમાં છે કારણ કે પરિસરમાં થયેલા બોમ્બ વિસ્ફોટથી ભયનો માહોલ સર્જાયો છે. વિસ્ફોટનો અવાજ એટલો જોરદાર હતો કે કેમ્પસમાં હાજર વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો ડરી ગયા અને અહીં-ત્યાં દોડવા લાગ્યા. આ ઘટના પીરબહોર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા દરભંગા હાઉસ કેમ્પસમાં બની હતી જ્યાં સંસ્કૃતિ વિભાગના એચઓડી પ્રોફેસર લક્ષ્મી નારાયણની સ્કોર્પિયો કાર પર બોમ્બ ફેંકીને હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કારને ભારે નુકસાન થયું હતું. ઘટના સમયે પ્રોફેસર લક્ષ્મી નારાયણ વાહનમાં હાજર ન હતા જેથી મોટો અકસ્માત ટળી ગયો હતો.

ઘટના સ્થળે લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કર્યા બાદ જાણવા મળ્યું કે હુમલામાં એક યુવક સામેલ હતો જેણે પોતાની બેગમાંથી બોમ્બ કાઢીને કાર પર ફેંક્યો અને પછી ઘટનાસ્થળેથી ભાગી ગયો. પોલીસના જણાવ્યા અનુસાર આ હુમલો પરસ્પર સર્વોપરિતા માટે કરવામાં આવ્યો હતો. ઘટના બાદ પોલીસે ઘટનાસ્થળેથી બળેલો દોરો જપ્ત કર્યો જેનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે કરવામાં આવતો હતો. બોમ્બ વિસ્ફોટની માહિતી મળતા જ પીરબહોર પોલીસ સ્ટેશન અને ટાઉન એએસપી દીક્ષા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા અને તપાસ શરૂ કરી. આ ઘટના બાદ દરભંગા હાઉસ કેમ્પસમાં ગભરાટનો માહોલ છે. વિદ્યાર્થીઓ ભયભીત છે અને વહીવટીતંત્ર પાસેથી સુરક્ષા વધારવાની માંગ કરી રહ્યા છે.

# છત્તીસગઢમાં બેકાબૂ કાર ડિવાઈડર તોડી ટ્રક સાથે અથડાઈ, પાંચ લોકોના મોત

**રાયપુર**

છત્તીસગઢમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. રાયપુરમાં નેશનલ હાઈવે 53 પર એક ઝડપથી આવતી કાર રોડ ડિવાઈડર તોડીને ટ્રક સાથે અથડાઈ ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. રાયપુરના પોલીસ અધિક્ષક (એસપી) ડૉ. લાલ ઉમેદ સિંહે અકસ્માતની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે આ અકસ્માત રાયપુરની બહારના મંદિર હસૌદ પોલીસ સ્ટેશનની હદમાં થયો હતો. આ ઘટના મંદિર હસૌદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. મૃતકોમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઘટનાની માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ક્રેનની મદદથી મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

આ ભયાનક માર્ગ અકસ્માતમાં કાર સંપૂર્ણપણે નાશ પામી હતી. મૃતકોના મૃતદેહ વિકૃત હાલતમાં હોવાથી તેમની ઓળખ હજુ સુધી થઈ નથી. કહેવામાં આવી રહ્યું છે કે કારનું ટાયર ફાટવાથી આ ઘટના બની હતી. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. પોલીસે આ અંગે ફરિયાદ નોંધી છે અને તપાસ કરી રહી છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે ટાયર ફાટ્યા બાદ ઝડપથી આવતી કાર ડિવાઈડર તોડીને સામેથી આવી રહેલા ટ્રક સાથે અથડાઈ હતી.

રાયપુર એએસપી રૂરલ સહિત મોટી સંખ્યામાં પોલીસ દળ સ્થળ પર તૈનાત છે. પોલીસ આ મામલાની તપાસમાં વ્યસ્ત છે. અકસ્માતગ્રસ્ત કારનો નંબર CG04NQ5063 છે જે રાયપુરમાં નોંધાયેલ હોવાનું કહેવાય છે. મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે.

# ચાઈબાસામાં ભયાનક વિસ્ફોટ, CRPFના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સહિત ત્રણ ઘાયલ

**રાચી**

ઝારખંડના ચાઈબાસા જિલ્લામાં નક્સલીઓએ જમીનમાં છુપાયેલો IED બ્લાસ્ટ થતાં સીઆરપીએફ કોબરા બટાલિયનના એક આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સહિત સુરક્ષા દળના ત્રણ જવાનો ઘાયલ થયા છે. ઘાયલોને એરલિફ્ટ કરીને તુરંત રાંચીની હોસ્પિટલમાં લઈ જવાયા છે.

વાસ્તવમાં સુરક્ષા દળના જવાનો અને પોલીસની સંયુક્ત ટીમ જરાઈકેલા પોલીસ સ્ટેશન વિસ્તારના બલીબામાં નક્સલીઓ વિરુદ્ધના અભિયાન હેઠળ સર્ચ ઓપરેશન કરી રહી હતી. આ દરમિયાન જમીનમાં છુપાવેલો બોંબ અચાનક વિસ્ફોટ થયો હતો. તપાસ કરવામાં આવતા IED બ્લાસ્ટ થયો હોવાનો ખુલાસો થયો છે.

ચાઈબાસા એસ.પી.આશુતોષ શેખરે ઘટનાની પુષ્ટી કરતા કહ્યું કે, નક્સલીઓ વિરુદ્ધ સતત અભિયાન ચાલી રહ્યું છે. આ દરમિયાન એક આઈડીડીમાં ધડાકો થવાની ઘટના બની છે. વિસ્ફોટની ઝટેપમાં આવેલા ઘાયલ સીઆરપીએફના આસિસ્ટન્ટ કમાન્ટન્ડ અને બે જવાનોને તાત્કાલિક હેલિપેડ સુધી લવાયા છે અને ત્યારબાદ તેમને હેલીકોપ્ટર દ્વારા રાંચીની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

# 'અકબર રેપિસ્ટ અને લૂંટારો હતો' : રાજસ્થાનના શિક્ષણ મંત્રીનું વિધાનસભામાં નિવેદન

**પટના**

રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે મુઘલ સમ્રાટ અકબર રેપિસ્ટ, આક્રમણકારી અને લૂંટેરો હતો. મંગળવારે વિધાનસભામાં શિક્ષણ વિભાગ માટે ગ્રાન્ટ માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા દિલાવરે આ પ્રકારની ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'પહેલાની સરકાર મહાપુરુષો વિશે જે શીખવતી હતી તેનાથી અમને ખૂબ જ દુઃખ થાય છે. તેમણે મહારાણા પ્રતાપની બહાદુરીને ઓછી આંકવાનો પ્રયાસ કર્યો હતો.' રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન દિલાવરે આગળ જણાવ્યું હતું કે, 'અકબર જે મીના બજાર લગાવતો હતો, તે દુષ્કર્મ, આક્રમણકારી અને લૂંટેરો હતો. તેને મહાન કહેવામાં આવ્યો. આ વાત આપણા અને આપણા દેશના મહાપુરુષોનું અપમાન હતું. જેને સહન ન કરી શકાય. '

# રાજસ્થાનમાં બહેનને ત્યાં લગ્નમાં 13 કરોડનું મામેરું ભર્યું, 1.31 કરોડ રોકડા

## 15 લાખના કપડા, 80 વીંઘા જમીન પણ ભેટમાં અપાઈ

**નાગોરા**

રાજસ્થાનનો નાગોર જિલ્લો કરોડો રૂપિયાનું મામેરું ભરાયું હતું. ભાઈ દ્વારા બહેનના ઘરે ભાણેજના લગ્નમાં આ મામેરું ભરવામાં આવે છે. એટલે કે મામાનો પરિવાર જ્યારે લગ્નમાં આવે છે, તો લગ્નમાં આર્થિક મદદ કરે છે. પણ આ વખતે તો બે ભાઈઓએ મળીને ૧૩.૭૧ કરોડ રૂપિયાનું મામેરું ભર્યું છે. જે આખા લગ્નના ખર્ચ કરતા પણ વધારે છે. આ મામેરું નાગોર જિલ્લાના મેડતા નજીકના ગામ શેખાસનીમાં ભરવામાં આવ્યું હતું. મામાએ પોતાના ભાણેજના લગ્નમાં મામેરામાં બંને ભાઈઓએ ૧.૩૧ કરોડ રોકડા રૂપિયાની ભરેલી થાળી, લગભગ દોઢ કરોડના એક કિલો ૬૦૦ ગ્રામ સોનાના ઘરેણાં અને ૧૧ લાખ રૂપિયાના ૫ કિલો ચાંદીના ઘરેણાં. એટલું જ નહીં ૧૦ કરોડ ૨૫ લાખ રૂપિયાની ૮૦ વીઘા જમીન અને મેડતા શહેરમાં ૬ રહેણાંક વિસ્તારમાં પ્લોટ, ૧ બોલેરો તથા ૧ ટેક્ટર ટ્રોલી આપી છે. મામેરામાં ૧૫ લાખ રૂપિયાના કપડાં અને અન્ય ગિફ્ટ આપવામાં આવી છે.

# લાગે છે કે મા ગંગાએ મને દત્તક જ લઈ લીધો છે : વડાપ્રધાન

**દેહરાદુન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે ઉત્તરાખંડના પ્રવાસે છે. અહીં મુખબા ખાતે મા ગંગાની પૂજા કર્યા બાદ તેમણે હર્ષિલમાં એક રેલીને સંબોધિત કરી હતી. આ રેલીમાં તેમણે સૌથી પહેલા ઉત્તરાખંડના માના ગામમાં હિમસ્ખલનના કારણે થયેલા મજૂરોના મોત પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, જે દુર્ઘટના ઘટી છે તેના માટે હું દુઃખ વ્યક્ત કરું છું. અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકો પ્રત્યે મારી સંવેદના છે. વડાપ્રધાન મોદીએ ઉત્તરાખંડ સાથે જોડાયેલી પોતાની જૂની યાદો અને મુલાકાતોને યાદ કરતાં કહ્યું કે, વતર્માનમાં ઉત્તરાખંડનો દાયકો છે. હું માનું છું કે મા ગંગાના આશીર્વાદથી હું કાશી પહોંચ્યો છું અને સાંસદ તરીકે કાશીની સેવા કરી રહ્યો છું. મા ગંગાએ મને બોલાવ્યો હતો. થોડા મહિના પહેલાં જ મને લાગ્યું કે મા ગંગાએ મને દત્તક લીધો છે.

# દેશભરમાં 87 કરોડની સાયબર છેતરપિંડીના આરોપસર ગુરુગ્રામથી સાત લોકોની ધરપકડ

## પોલીસે 7.60 લાખ રૂપિયા રોકડા, સાત મોબાઈલ ફોન અને ત્રણ સિમ કાર્ડ જપ્ત કર્યા

**ચંડીગઢ**

દેશભરમાં સેંકડો લોકો પાસેથી 87 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના આરોપસર ગુરુગ્રામથી સાત છેતરપિંડી કરનારાઓની ધરપકડ કરવામાં આવી છે. ગુરુગ્રામ સાયબર પોલીસે છેલ્લા બે મહિનામાં આ ધરપકડો કરી છે. પોલીસે તેની પાસેથી 7.60 લાખ રૂપિયા રોકડા, સાત મોબાઈલ ફોન અને ત્રણ સિમ કાર્ડ જપ્ત કર્યા છે.

87 કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીમાં 7ની ધરપકડ

ગુરુગ્રામ સાયબર શાખાના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ પ્રિયાંશુ દિવાને જણાવ્યું હતું કે આરોપીઓ વિવિધ સાયબર ગુનાઓમાં સંડોવાયેલા હતા. દેશભરમાં આરોપીઓ વિરુદ્ધ કુલ 10,956 ફરિયાદો અને 399 કેસ નોંધાયા છે. આમાંથી 22 કેસ હરિયાણામાં નોંધાયેલા છે, જેમાંથી છ કેસ ગુરુગ્રામમાં છે. ત્યારે આ બાબતે તપાસ ચાલી રહી હતી અને બે મહિનાની અંદર જ તેની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આરોપીઓની ઓળખ સોનુ કુમાર, ઈશ્વર, સુનીલ કુમાર, પવન કુમાર શર્મા, નીરજ, સલીમ અને પ્રિયા મિશ્રા તરીકે થઈ છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) તરફથી મળેલા ડેટાની સમીક્ષા કર્યા પછી પોલીસે શોધી કાઢ્યું કે સાત સાયબર છેતરપિંડી કરનારાઓએ દેશભરમાં અનેક લોકો સાથે છેતરપિંડી આચરી લોકોના 87.06 કરોડ રૂપિયા ચાઉ કરી ગયા છે.

# ગોપાલગંજમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમ પહેલા રાત્રે ધાર્મિક સ્થળ પર તોડફોડ

**ભોપાલ**

બાગેશ્વર ધામના બાબા પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી પાંચ દિવસ માટે ગોપાલગંજમાં રહેશે અને હનુમાન કથાનું પાઠ કરશે, પરંતુ ધીરેન્દ્ર શાસ્ત્રીના આગમન પહેલા જ ગોપાલગંજના ધાર્મિક સ્થળને નિશાન બનાવવામાં આવ્યું છે. મંગળવારે મોડી રાત્રે કતેયા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જયસૌલી ગામમાં અસામાજિક તત્વોએ એક ધાર્મિક સ્થળમાં તોડફોડ કરી હતી અને મૂર્તિઓને હવન કુંડમાં લઈ જઈને બાળી નાખી હતી.

મંગળવારે સાંજે પોલીસ સ્ટેશન વિસ્તારના જયસૌલી ગામમાં એક ધાર્મિક સ્થળે પ્રાર્થના કર્યા પછી, ગામલોકો ઘરે પાછા ફર્યા. મોડી રાત્રે, અસામાજિક તત્વો અહીં ઘૂસી ગયા અને પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું. બીજી મૂર્તિઓના ટુકડા કરી દેવામાં આવ્યા અને ચાંદીની મૂર્તિને હવન કુંડમાં લઈ જવામાં આવી અને લાકડાથી બાળી નાખવામાં આવી. ઘટનાની માહિતી મળતા જ બુધવારે સવારે મોટી સંખ્યામાં ગ્રામજનો ધાર્મિક સ્થળ પર પહોંચી ગયા હતા. ગ્રામજનો ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડનારા અસામાજિક તત્વોની તાત્કાલિક ઓળખ અને ધરપકડની માંગ કરી રહ્યા હતા.

# છત્તીસગઢમાં મહિલા સરપંચોના બદલે પતિઓએ શપથ લેતાં તપાસના આદેશ

**રાંચી**

છત્તીસગઢના કબીરધામ જિલ્લાના એક ગામ ખાતે નવનિર્વાચિત 6 મહિલા સરપંચોની જગ્યાએ તેમના પતિઓએ લીધા શપથ લીધા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ગત સોમવારે પંડરિયા વિકાસખંડના પરસવારા ગ્રામ પંચાયત ખાતે આ ઘટના બની હતી. જ્યારે કબીરધામ જિલ્લા પંચાયતના સીઈઓ અજય ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, 'પરસવારા ગામની પંચાયતના સરપંચોના શપથ ગ્રહણનો વાઈરલ વીડિયો ગઈકાલે મંગળવારે સામે આવ્યો હતો. જેને લઈને પંડરિયા જિલ્લા પંચાયતના અધિકારીએ સમગ્ર મામલે તપાસ કરવા જણાવ્યું હતું.'

ત્રિપાઠીએ કહ્યું કે, 'રિપોર્ટના આધારે આ મામલે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં તાજેતરમાં પૂર્ણ થયેલી ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણીના નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો શપથગ્રહણ સમારોહ ગત સોમવારે યોજાયો, જે તેમના સંબંધિત વિસ્તારોમાં પ્રથમ બેઠક દરમિયાન યોજાયો હતો.

# મધ્યપ્રદેશથી હિમાચલ જતાં પ્રતિબંધિત લાકડાની દાણચોરીનો પર્દાફાશ, 2 આરોપીની ધરપકડ કરાઈ

**ગાઝિયાબાદ**

ગાઝિયાબાદના મસૂરી પોલીસ સ્ટેશને ઈસ્ટર્ન પેરિફેરલ વે પાસેથી 30 લાખ રૂપિયાનું લાકડું જપ્ત કર્યું છે. આ લાકડું મધ્યપ્રદેશથી હિમાચલ પ્રદેશ જઈ રહ્યું હતું. જપ્ત કરાયેલું લાકડું પ્રતિબંધિત છે. તેને કાપી કે વેચી શકાતું નથી. આ લાકડાની દાણચોરી નકલી કાગળો પર કરવામાં આવી રહી હતી. પોલીસે લાકડા લઈ જતા બે તસ્કરોની પણ ધરપકડ કરી છે.

હિમાચલ પ્રદેશમાં આ લાકડામાંથી કેટેચુ બનાવવામાં આવવાનું હતું.



પોલીસના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલા લાકડાનું વજન 20 ટન છે. તેની અંદાજિત કિંમત 30 લાખ રૂપિયા છે. આ સાથે, જે ટ્રકમાં દાણચોરી થઈ રહી હતી તે પણ મળી આવી છે. જોકે, આ ગેંગનો મુખ્ય સૂત્રધાર હજુ પણ ફરાર છે. આ લાકડાની દાણચોરી બદલ માસ્ટરમાઈન્ડ સામે પહેલાથી જ કેસ નોંધાયેલ છે. ગાઝિયાબાદ ડીસીપી ગ્રામીણ સુરેન્દ્રનાથ તિવારીએ જણાવ્યું હતું કે મસૂરી પોલીસ સ્ટેશને પ્રતિબંધિત ખેર લાકડાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. આ લાકડું ગુપ્ત રીતે મધ્યપ્રદેશથી હિમાચલ પ્રદેશ લાવવામાં આવી રહ્યું હતું. આ કેસમાં બે દાણચોરોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલ લાકડાનો જથ્થો 20 ટન છે.

# પંજાબ પોલીસે એક અઠવાડિયા ધરણા માટે ચંડીગઢ જતાં ખેડૂતોને રોક્યા, સુરક્ષા વધારાઈ

**ચંડીગઢ**

સંયુક્ત કિસાન મોરચા (એસકેએમ)ના બેનર હેઠળ વિભિન્ન માંગોને લઈને બુધવારથી શરૂ થનારા એક સપ્તાહના ધરણા માટે ચંડીગઢ જઈ રહેલા ખેડૂતોને પોલીસે રોકી લીધા છે. સમગ્ર પંજાબમાં વિવિધ સ્થળોએ બેરિકેડ્સ લગાવી કેન્દ્ર શાસિત પ્રદેશના તમામ પ્રવેશ સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. એસકેએમ રાજ્ય સરકાર દ્વારા છ પાકોને ટેકાના ભાવે ખરીદવા સહિતની માંગો કરી રહ્યું છે.

એસકેએમના 30થી વધુ કિસાન સંગઠનોનું એક સમૂહ છે અને તેણે પોતાની વિવિધ માંગોના સમર્થનમાં પાંચ માર્ચથી ચંડીગઢમાં એક સપ્તાહ સુધી ધરણા કરવાની અપીલ કરી છે. પંજાબ પોલીસના ડીઆઈજી એચ એસ ભુલ્લરે જણાવ્યું હતું કે દેખાવો કરી રહેલા ખેડૂતોને કોઈ પણ ભોગે ચંડીગઢ પહોંચવા દેવામાં આવશે નહીં. ટ્રેક્ટર-ટ્રોલીઓ અને



અન્ય વાહનોથી બુધવાર સવારે ચંડીગઢ માટે રવાના થયેલા ખેડૂતોને પંજાબ પોલીસે વિભિન્ન સ્થળોએ રોકવામાં આવ્યા હતાં. મોગામાં ક્રાંતિકારી કિસાન યુનિયનના જિલ્લા અધ્યક્ષ જતિંદર સિંહે જણાવ્યું હતું કે ચંડીગઢ જતી વખતે મોગા જિલ્લાના અજીતવાલમાં પંજાબ પોલીસે તેમને રોક્યા હતાં. સિંહે દાવો કર્યો હતો કે તેમાંથી કેટલાકની પોલીસે ધરપકડ પણ કરી છે.

# ચંદ્રશેખર આઝાદના કાફલા પર હુમલો એબીવીપીના કાર્યકર્તાઓ પર આરોપ

**ભુવનેશ્વર**

આઝાદ સમાજ પાર્ટીના અધ્યક્ષ અને નગીનાથી લોકસભા સાંસદ ચંદ્રશેખર આઝાદના કાફલા પર ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. આ ઘટના મંગળવારે એક જાહેર સભા દરમિયાન બની હતી. ચંદ્રશેખર આઝાદે દાવો કર્યો કે, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) ના કાર્યકરોએ આ હુમલાને અંજામ આપ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કાર્યક્રમ સ્થળ પર લગભગ 250 લોકોની ભીડે પથ્થરમારો કર્યો હતો અને પાર્ટીના કાર્યકર્તાઓ પર હુમલો કર્યો. આ દરમિયાન ડઝનબંધ વાહનોને પણ



નુકસાન થયું છે. ચંદ્રશેખર આઝાદે ખુદ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X હેન્ડલ પર આ હુમલાની માહિતી આપી છે. તેમણે આરોપ લગાવ્યો કે, આ હુમલો સંગઠિત રીતે કરવામાં આવ્યો હતો અને તેનો હેતુ લોકશાહી અને સામાજિક ન્યાયના અવાજને કચડી નાખવાનો હતો.

# સોનપ્રયાગથી કેદારનાથ વચ્ચેનું 12 કિમી અંતર હવે 36 મિનિટમાં કપાશે, રૂપિયા 6811 કરોડના બે રોપ-વેને મંજૂરી

**દેહરાદુન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ઉત્તરાખંડમાં બે રોપવેને મંજૂરી આપી છે. જેમાં સોનપ્રયાગથી કેદારનાથ સુધી ૧૨.૯ કિમી લાંબા રોપવે પ્રોજેક્ટનો પણ સમાવેશ થાય છે જેની પાછળ આશરે આશરે ચાર હજાર કરોડનો ખર્ચ થઈ શકે છે.

આ રોપવે ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટ અને ટ્રાન્સફર (ડીબીએફઓટી) મોડલ પર તૈયાર કરવામાં આવશે. જેમાં દરરોજ આશરે ૧૮ હજાર જેટલા શ્રદ્ધાળુઓને લાવવા લઈ જવાની ક્ષમતા હશે. જ્યારે અન્ય એક રોપવે પ્રોજેક્ટ ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબજી સુધી શરૂ કરાશે. આ બન્ને રોપવે પાછળ આશરે ૬૮૧૧ કરોડ રૂપિયાનો ખર્ચો થશે. આ રોપવે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ હેઠળ સ્થાપિત કરાશે, જેમાં સૌથી એડવાંસ ટ્રાઈ-કેબલ ડિટેચેબલ ગોંડોલા (૩એસ) ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. પ્રતિ કલાક આશરે ૧૮૦૦ મુસાફરોને લઈ જવાની ક્ષમતા હશે જેથી પ્રતિ દિવસ ૧૮ હજાર યાત્રાળુઓ તેનો લાભ લઈ શકશે.

## બાબા બર્ફાનીના કપાટ 3 જુલાઈએ ખુલશે, 9 ઓગસ્ટ સુધી ચાલશે અમરનાથ યાત્રા

જમ્મુ-કાશ્મીરના ઉપ રાજ્યપાલ અને અમરનાથ શ્રાઇન બોર્ડના અધ્યક્ષ મનોજ સિન્હાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં અમરનાથ યાત્રા 2025ની તારીખો જાહેર કરવામાં આવી છે. નિર્ણય મુજબ અમરનાથ યાત્રા ત્રીજી જુલાઈ 2025થી શરૂ થશે અને 39 દિવસ સુધી ચાલશે, એટલે કે રક્ષાબંધને સંપન્ન થશે. અમરનાથ યાત્રાની તારીખો જાહેર થયા બાદ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ પવિત્ર અમરનાથ ગુફામાં બાબા બર્ફાનીના દર્શન માટે આ પડકારજનક યાત્રા કરતા હોય છે. બોર્ડની જાહેરાત મુજબ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન ટૂંક સમયમાં શરુ થશે. આ યાત્રામાં જતાં પહેલા શ્રદ્ધાળુઓએ અગાઉથી નોંધણી કરાવવી જરૂરી છે.

# IAS અધિકારીઓ IPS-IFS પર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે છેઃ સુપ્રીમ કોર્ટ

**હૈદરાબાદ**

સુપ્રીમ કોર્ટે બુધવારે આઈએએસ, આઈપીએસ અને IFSના સિવિલ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલી અહંકારની લડાઈમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ)ના અધિકારીઓને ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ જ્યોર્જ મસીહની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, આઈએએસ અધિકારીઓ હંમેશા આઈપીએસ અને IFS અધિકારીઓ પર પોતાની સર્વોપરિતા બતાવવાનો પ્રયાસ કરે છે. જસ્ટિસ ગવઈએ જણાવ્યું હતું કે, 'આઈએએસ હંમેશા આઈપીએસ અને IFS પર પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે છે. આ નિવેદન મારા સરકારી વકીલ અને જસ્ટિસ તરીકેના અનુભવના આધારે છે.

## સાઉથ આફ્રિકા ફરી ચોકર્સ સાબિત થયું : ભારત અને ન્યૂઝીલેન્ડ 25 વર્ષ બાદ ફાઈનલમાં ટકરાશે

# ચેમ્પિયન્સ ટ્રોફી : રવિવારે ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મુકાબલો

### રોહિત શર્મા આઈસીસીની તમામ ચાર ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ સુકાની બન્યો

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ હવે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રવિવારે દુબઈ ખાતે રમાશે. રચિન રવિન્દ્ર અને કેન વિલિયમ્સને નોંધાવેલી સદીની મદદથી ન્યૂઝીલેન્ડે સાઉથ આફ્રિકાને 50 રનથી પરાજય આપ્યો હતો. સાઉથ આફ્રિકા ફરીવાર ચોકર્સ સાબિત થઈ હતી. જ્યારે પ્રથમ સેમીફાઈનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 4 વિકેટે પરાજય આપ્યો હતો. ભારતીય બોલરોનું શિસ્તબદ્ધ પ્રદર્શન મોહમ્મદ શમીની સિદ્ધિ અને વિરાટ કોહલીની સદીની મદદથી ભારતે 11 બોલ રાખીને ઓસ્ટ્રેલિયાને પરાજય આપ્યો હતો. હવે રવિવારે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ મેચ રમાશે.

### ICC નોકઆઉટ્સમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતના વિજયની હેટ્રિક

દુબઈ : ઓસ્ટ્રેલિયન ટીમે સુકાની સ્ટિવ સ્મિથના ૭૩ તથા એલેક્સ કેરીના ૬૧ રનની મદદથી ૨૬૪ રન બનાવ્યા હતા. ભારત માટે શમીએ ૪૮ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતે કોહલીના ૮૪ તથા લોકેશ રાહુલના અણનમ ૪૨ રનની મદદથી છ વિકેટે ૨૬૭ રન બનાવીને મેચ જીતી લીધી હતી. આ સાથે ભારતે આઈસીસી નોકઆઉટ મેચોમાં ઓસ્ટ્રેલિયા સામે વિજયની હેટ્રિક મેળવી છે. ભારતે ૧૯૯૮ અને ૨૦૦૦ની ક્વાર્ટર ફાઈનલમાં, ૨૦૨૫ની સેમિફાઈનલમાં વિજય મેળવ્યો હતો. બીજી તરફ રોહિત શર્મા આઈસીસીની તમામ ઈવેન્ટની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ સુકાની પણ બન્યો છે. રોહિતની કેપ્ટનશિપ હેઠળ ભારતે ૨૦૨૩ની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ, ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ, ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ તથા ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.



### ન્યૂઝીલેન્ડે સાઉથ આફ્રિકાને 50 રનથી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો

લાહોર : પ્લેયર ઓફ ધ મેચ બનેલા રચિન રવીન્દ્ર અને કેન વિલિયમ્સને નોંધાવેલી સદી બાદ બોલર્સે કરેલા શિસ્તબદ્ધ પ્રદર્શનની મદદથી ન્યૂઝીલેન્ડે સેમિફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૫૦ રનથી હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. રવિવારે ભારત સામે તે ફાઈનલ રમશે. ન્યૂઝીલેન્ડ અને ભારત ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં ૨૫ વર્ષ બાદ ફાઈનલમાં આમનેસામને થશે. ૨૦૦૦માં રમાયેલી આઈસીસી નોકઆઉટ ટૂર્નામેન્ટમાં ન્યૂઝીલેન્ડે ભારતને એક રનથી હરાવીને ટ્રોફી જીતી હતી. લાહોર ખાતે રમાયેલી બીજી સેમિફાઈનલમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ન્યૂઝીલેન્ડની ટીમે નવ વિકેટે ૩૬૨ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો જેમાં રચિનના ૧૦૮ તથા વિલિયમ્સનના ૧૦૨ રન મુખ્ય રહ્યા હતા. સાઉથ આફ્રિકાની ટીમ નવ વિકેટે ૩૧૨ રન નોંધાવી શકી હતી. ડેવિડ મિલરે છેલ્લા બોલે સદી પૂરી કરી હતી.

### ગોલ્ડન બેટ માટે રચિન રવીન્દ્ર અને વિરાટ કોહલી વચ્ચે ટક્કર થશે



**ચેમ્પિયન્સ ટ્રોફીના ટોપ સ્કોરર**

| | |
|---|---|
| ૨૨૭ રન | બેન ડકેટ, ઈંગ્લેન્ડ |
| ૨૨૬ રન | રચિન, ન્યૂઝીલેન્ડ |
| ૨૨૫ રન | જોઇ રુટ, ઈંગ્લેન્ડ |
| ૨૧૭ રન | વિરાટ કોહલી, ભારત |
| ૨૧૬ રન | ઝદરાન, અફઘાન |



**આ યાદીમાં ૧૯૫ રન સાથે ભારતનો શ્રોયસ ઐયર છઠ્ઠા ક્રમે છે. જો તે ગ્રૂપ તબક્કાની જેમ ફાઇનલમાં મોટી ઇનિંગ રમશે તો તે પણ ગોલ્ડન બેટનો દાવેદાર બની શકે છે પરંતુ તમામની નજર વિરાટ કોહલી ઉપર છે.**

### મહોમ્મદ શમીએ અનેક રેકોર્ડ તોડ્યા : સર્વાધિક કેચ મામલે કોહલી પોન્ટિંગ કરતા આગળ નીકળ્યો

ઓસ્ટ્રેલિયા સામે ભારતના પેસ બોલર મોહમ્મદ શમીએ ૪૮ રનમાં ત્રણ વિકેટ ખેરવતાની સાથે જ કેટલાક રેકોર્ડ પોતાના નામે કર્યા હતા અને એવરેજના મામલે વસીમ અકરમ, મિચેલ સ્ટાર્ક અને હરભજનસિંહના રેકોર્ડ તોડી નાખ્યા હતા. અકરમે આઈસીસી વન-ડે ઈવેન્ટ્સમાં ૬૨ વિકેટ ઝડપી છે અને હવે શમીના નામે ૬૩ વિકેટ નોંધાઈ છે. આ યાદીમાં ગ્લેન મેકગ્રા ૯૨ વિકેટ સાથે મોખરાના સ્થાને છે. એવરેજના મામલે શમીની સૌથી ઓછી ૧૪.૩૩ની છે. વિરાટ કોહલીએ ભારત તરફથી સર્વાધિક કેચનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. તેણે સેમિફાઈનલમાં બે કેચ પકડયા હતા અને આ મામલે તેણે રાહુલ દ્રવિડને પાછળ રાખી દીધો હતો.



ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કોહલીના નામે ૩૩૬ કેચ નોંધાયા છે. દ્રવિડે ૩૩૪ કેચ ઝડપ્યા હતા. આ મામલે મહેલા જયવર્દને ૪૪૦ કેચ સાથે મોખરાના સ્થાને છે.

### વન-ડે ફોર્મેટમાંથી સ્ટિવ સ્મિથની નિવૃત્તિ, ટેસ્ટ અને ટી20માં રમશે



મેલબોર્ન : ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન સ્ટિવ સ્મિથે સત્તાવાર રીતે વન-ડે ક્રિકેટને અલવિદા કરી દીધી છે. દુબઇમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં ભારત સામે ઓસ્ટ્રેલિયાના ચાર વિકેટે થયેલા પરાજય બાદ સ્મિથે ૫૦ ઓવર્સની કારકિર્દી ઉપર પૂર્ણવિરામ મુકી દીધું હતું. ૩૫ વર્ષીય સ્મિથ ટેસ્ટ અને ટી૨૦ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કરવા માટે ઉપલબ્ધ રહેશે. સ્મિથે જણાવ્યું હતું કે આ શાનદાર સફર રહી છે અને મેં પ્રત્યેક મિનિટનો આનંદ માણ્યો છે. ૫૦ ઓવરની ફોર્મેટને અલવિદા કરવાનો આ યોગ્ય સમય છે. બે વર્લ્ડ કપ જીતવા તે શાનદાર સિદ્ધિ છે અને ઘણા પ્રભાવશાળી સાથીઓ સાથે મેં સફળતાપૂર્વક સફર ખેડી પણ છે.

### ગોલ્ડન બોલ માટે ભારતના મોહમ્મદ શમી અને ન્યૂઝીલેન્ડના મેટ હેનરી વચ્ચે ટક્કર



**ચેમ્પિયન્સ ટ્રોફીના ટોપ વિકેટ ટેકર**

| | |
|---|---|
| ૧૦ વિકેટ | મેટ હેનરી, ન્યૂઝીલેન્ડ |
| ૦૮ વિકેટ | મોહમ્મદ શમી, ભારત |
| ૦૭ વિકેટ | વરુણ ચક્રવર્તી, ભારત |
| ૦૭ વિકેટ | સાન્તેનર, ન્યૂઝીલેન્ડ |
| ૦૭ વિકેટ | ડ્વારસુઇસ, ઓસ્ટ્રેલિયા |



**સર્વાધિક સિક્સર :** ચેમ્પિયન્સ ટ્રોફીમાં સર્વાધિક સિક્સરના મામલે અફઘાનિસ્તાનનો ઉમરઝઝાઇ પ્રથમ સ્થાને છે જેણે ત્રણ મેચમાં આઠ સિક્સર ફટકારી હતી. ગ્લેન ફિલિપ્સે સાત સિક્સર સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે.

### ઇન્ટરનેશનલ ક્રિકેટમાં કેન વિલિયમ્સનના 19 હજાર રન પૂરા, ન્યૂઝી.નો પ્રથમ ક્રિકેટર બન્યો

લાહોર : ન્યૂઝીલેન્ડના સિનિયર ખેલાડી કેન વિલિયમ્સને બુધવારે સાઉથ આફ્રિકા સામેની ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઈનલમાં કેટલાક રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. કેન વિલિયમ્સને ૯૪ બોલમાં ૧૦૨ રનની ઈનિંગ રમી હતી. તેણે પોતાની ઈનિંગમાં ૧૦ બાઉન્ડ્રી અને બે સિક્સર ફટકારી હતી. લાહોર ખાતે રમાયેલી આ મેચમાં વિલિયમ્સને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૯ હજાર રન પૂરા કરનાર ન્યૂઝીલેન્ડના પ્રથમ ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી હતી. વિલિયમ્સને ૧૦૫ ટેસ્ટમાં ૯૨૭૬, ૧૭૨ વન-ડેમાં ૭૧૪૯* તથા ૯૩ ટી૨૦માં ૨૫૭૫ રન બનાવ્યા છે. વિલિયમ્સનને યૂનિક માઈલસ્ટોન પાર કરવા માટે ૨૭ રનની જરૂર હતી અને કેટલાક બોલમાં જ આ આંકડો પાર કરી લીધો હતો. ૨૦૧૦માં ડેબ્યૂ કરનાર વિલિયમ્સનના નામે ટેસ્ટમાં ૩૩ સદી છે.



## વન-ડે રેન્કિંગમાં કોહલી ચોથા ક્રમે પહોંચ્યો, ઓલરાઉન્ડર્સમાં અક્ષર પટેલને ફાયદો થયો

**દુબઇ**

આઈસીસી વન-ડે રેન્કિંગમાં ભારતના કેટલાક ખેલાડીઓને ફાયદો થયો છે. ભારતનો સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલે મોટી હરણફાળ ભરી છે. તે ૧૭ ક્રમાંકની છલાંગ લગાવીને ૧૩મા ક્રમે પહોંચી ગયો છે. તેણે કારકિર્દીના સર્વોચ્ચ ૧૯૪ રેટિંગ પોઈન્ટ હાંસલ કર્યા છે. બેટિંગની રેન્કિંગમાં વિરાટ કોહલીને એક ક્રમાંકનો ફાયદો થયો છે. તે ૭૪૭ પોઈન્ટ સાથે ચોથા ક્રમે પહોંચી ગયો છે. સુકાની રોહિત શર્માને બે ક્રમાંકનું નુકશાન થયું છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં રોહિત હજુ સુધી મોટી ઈનિંગ રમી શક્યો નથી. ઓપનર શુભમન ગિલ ૭૯૧ રેટિંગ પોઈન્ટ સાથે ટોચના ક્રમે જળવાઈ રહ્યો છે. પાકિસ્તાનના બાબર આઝમ બીજા ક્રમે છે. ટોપ-૧૦ બેટ્સમેનોમાં ત્રણ ભારતીય છે.

## પાક. ખેલાડી સઉદ શકીલ ડ્રેસિંગરૂમમાં સૂઈ ગયો, અમ્પાયરે ટાઈમ આઉટ આપ્યો, ત્રણ બોલમાં ચાર વિકેટ પડી

લાહોર : પાકિસ્તાન ક્રિકેટ ટીમના બેટ્સમેન સઉદ શકીલની સાથે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની મેચમાં એક અનોખી ઘટના બની હતી. તે મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં સૂઈ ગયો હતો. તે બેટિંગ માટે વિલંબથી ક્રિઝ ઉપર પહોંચ્યો હતો જેના કારણે અમ્પાયરે તેને ટાઈમ આઉટ આપ્યો હતો. બેટ્સમેન નિર્ધારિત સમયમાં ક્રિઝ ઉપર ના પહોંચે તો તેને ટાઈમ આઉટ આપવામાં આવે છે. ઓવરઓલ આ રીતે આઉટ થનાર સઉદ સાતમો બેટ્સમેન બન્યો છે. ત્યારબાદ બોલરે હેટ્રિક ઝડપતા સઉદની ટીમે ત્રણ બોલમાં ચાર વિકેટ ગુમાવી હતી. પાકિસ્તાન ક્રિકેટમાં આવો પ્રથમ બનાવ બન્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયાના કેટલાક દિવસ બાદ શકીલે રાવલપિંડીમાં ડોમેસ્ટિક પ્રેસિડેન્ટ ટ્રોફીની ફાઈનલમાં ભાગ લીધો હતો. સ્ટેટ બેન્ક ઓફ પાકિસ્તાન તરફથી પાંચમા ક્રમે બેટિંગમાં આવેલા શકીલને તે સમયસર ક્રિઝ ઉપર નહીં પહોંચતા હરીફ સુકાનીએ ટાઈમ આઉટની અપીલ કરી હતી અને અમ્પાયરે તેને માન્ય પણ રાખી હતી.

## બાંગ્લાદેશના ક્રિકેટર મુશફિકુર રહીમે વન-ડેમાંથી નિવૃત્તિ લઈ લીધી

**ઢાકા**

બાંગ્લાદેશના અનુભવી ખેલાડી મુશફિકુર રહીમે પોતાની વન-ડે ઈન્ટરનેશનલ કારકિર્દી ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું છે. તેણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સપ્તાહ પડકારાત્મક રહ્યા હતા. બાંગ્લાદેશની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીના લીગ તબક્કામાં જ બહાર થઈ ગઈ હતી. મુશફિકુરે ૨૦૦૫માં ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યો હતો અને ૨૦૦૬માં વન-ડે ડેબ્યૂ કર્યો હતો. પોતાની વન-ડે કારકિર્દીમાં એક વર્ષ બાદ ૨૦૦૭ના આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારત સામે અણનમ ૫૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ મેચમાં બાંગ્લાદેશે ભારતને વૈશ્વિક મંચ ઉપર ચકિત કરી દીધું હતું. મુશફિકુરે ૫૦ ઓવરની ફોર્મેટમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. તેણે ૨૭૪ વન-ડે મેચની કારકિર્દીમાં નવ સદી તથા ૪૯ અડધી સદી વડે ૭,૭૯૫ રન બનાવ્યા હતા.

# ગુજરાત ભાજપ દ્વારા જિલ્લા સંગઠનના પ્રમુખોના નામની જાહેરાત થઈ : 6 રિપીટ

## જૂનાગઢમાં ભાજપે શહેર અને જિલ્લા બંને પ્રમુખોને બદલી નાંખ્યાં

ગાંધીનગર : ગુજરાત ભાજપે સંગઠનના પ્રમુખોના નામની જાહેરાત કરી છે, જેમાં અત્યાર સુધીમાં ૬ જિલ્લા પ્રમુખો રિપીટ કરાયા છે અને પાંચ જિલ્લામાં નવા પ્રમુખો મુકવામાં આવ્યા છે. માહિતી પ્રમાણે, જૂનાગઢમાં ભાજપે શહેર અને જિલ્લા બંને પ્રમુખો બદલવામા આવ્યા છે. જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલિયાની જાહેરાત કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની જાહેરાત કરવામાં આવી છે. નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે નીલ રાવનું નામ જાહેર કરવામાં આવ્યું છે. મહિસાગર જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે દશરથભાઈ બારિયા રિપીટ કરાયા છે. મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ગિરીશ રાજગોર રિપીટ કરાયા છે. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ભરતભાઈ રાઠોડ રિપીટ કરવામાં આવ્યા છે, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અનિલભાઈ પટેલ રિપીટ કરવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે કિર્તીસિંહ વાઘેલા રિપીટ કરવામાં આવ્યા છે. નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ભૂરાભાઈ શાહ રિપીટ કરવામા આવ્યા છે. ભાવનગર શહેર ભાજપ પ્રમુખ તરીકે કૃણાલ શાહની જાહેરાત કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અતુલ કાનાણીની જાહેરાત કરવામાં આવી છે. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે ભરતભાઈ રાઠોડ રિપીટ કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અતુલ કાનાણીની જાહેરાત કરવામાં આવી છે.

# ભરૂચના વાલિયા ગામેથી શિક્ષક દંપતીની લાશ મળી આવતાં ચકચાર

ભરૂચ : રાજ્યમાં સતત વધી રહેલા ગુનાખોરીના બનાવો વચ્ચે ભરૂચના વાલિયામાં આવેલા એક બંધ મકાનમાંથી શિક્ષક દંપતીનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામ્યો છે. આખો દિવસ મકાન બંધ રહેતા સ્થાનિકોને શંકા ગઈ હતી. ત્યારબાદ સોસાયટીના રહીશોએ પોલીસને જાણ કરતાં ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળો દોડી આવ્યો હતો. દંપતીની હત્યા કરવામાં આવી છે કે આત્મહત્યા કરી છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. વાલિયાની ગણેશ ગાર્ડન સોસાયટીમાં આવેલા એક મકાનમાં શિક્ષક દંપતીની લાશ મળી આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે. શિક્ષક દંપતીનું મકાન આખો દિવસ બંધ રહેતાં સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે દરવાજો તોડી મકાનમાં પ્રવેશ કરીને દંપતી જીતેન્દ્ર સિંહ બોરાદરા અને લતાબેન બોરાદરાના મૃતદેહને લોહીલુહાણ હાલતમાં બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડયા છે. શિક્ષક દંપતીની હત્યા કરાઈ છે કે આત્મહત્યા તેને લઈને રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે.

# ગાંધીનગરમાં દેવું થઈ જતાં પત્ની અને પુત્રને ક્રૂરતાપૂર્વક મોતને ઘાટ ઉતારાયા

ગાંધીનગરના સરગાસણમાં ડબલ મર્ડર કેસની ઘટના સામે આવી છે. જેમાં એક વ્યક્તિએ પોતાની પત્નીને ગળે ટૂંપો દઈ અને દીકરાનું તિજોરી સાથે માથું અથડાવીને હત્યા કર્યા બાદ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પતિએ સુસાઈડ નોટ લખી હોવાનું સામે આવ્યું છે. જેમાં શખ્સે લખ્યું હતું કે, 'શેરબજારમાં દેવું થઈ જતાં આ પ્રકારનું ભગલું ભર્યું હતું.' શખ્સને હાલ સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે સુસાઈડ નોટના આધારે વધુ તપાસ હાથ ધરી.

મળતી માહિતી મુજબ, ન્યૂ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતા મૂળ સુરેન્દ્રનગરના 42 વર્ષીય હરેશ કનુભાઈ વાઘેલાએ તેની પત્ની અને પાંચ વર્ષના દીકારીને મોતને ઘાટ ઉતારીને તિક્ષ્ણ હથિયારથી હાથની નસો કાપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર ઘટના મામલે પાડોશીને જાણ થતાં 108 અને પોલીસને જાણ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનાને લઈને ઈન્ફોસિટી પોલીસ અને એફએસએલની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી પહોંચી હતી. ઘટનામાં પત્ની અને દીકરાનું મોત નીપજ્યું હતું, જ્યારે પતિએ આપઘાતનો પ્રયાસ કરતાં ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# અમદાવાદથી રાજસ્થાન જઈ રહેલી કારને આબૂ રોડ પર અકસ્માત નડયો : છના મોત

## મૃતકોમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ : એક મહિલા ગંભીર રીતે ઘાયલ

સિરોહી : રાજસ્થાનના સિરોહી જિલ્લાના આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી પાસે ગુરુવાર સવારે લગભગ વહેલી સવારે ૩ વાગ્યે ભયંકર અકસ્માત થયો હતો. જેમાં ૬ લોકોના મૃત્યુ થયા છે. મૃતકોમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. આ ઉપરાંત એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે.

સીઓ ગોગારામે જણાવ્યું કે, જાલોરના રહેવાસી લોકો કારમાં બેસીને અમદાવાદથી જાલોર થઈ રહ્યા હતા. ત્યારે નેશનલ હાઈવે ૨૭ પર આબૂરોડ સદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના કિવરલી ગામ નજીક જઈ રહેલી ટ્રોલી સાથે કાર અથડાઈ હતી. ઘટનાસ્થળે ક્રેન બોલાવવામાં આવી હતી અને ટ્રોલીમાં ફસાયેલી કારને બહાર કાઢવામાં આવી હતી. કિવરલીમાં થયેલા માર્ગ અકસ્માતમાં મૃતકો બધા જાલોર જિલ્લાના રહેવાસી છે અને પ્રજાપતિ સમુદાયના છે. મૃતકોમાં પતિ, પત્ની અને પુત્રનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ઘાયલ થયેલા પરિવારમાં નરસારામના પુત્ર નારાયણ પ્રજાપતિ (૫૮), તેમની પત્ની પોશી દેવી (૫૫) અને તેમનો પુત્ર દુષ્યંત (૨૪), જે જાલોરના કુમ્હારો કા વાસના રહેવાસી છે, તેમજ ડ્રાઈવર કાલુરામ (૪૦), પ્રકાશ ચંદ્રાયનો પુત્ર, કાલુરામ ચંદ્રાયનો પુત્ર યશરામ (૪) અને પુખરાજ પ્રજાપતનો પુત્ર જયદીપનો સમાવેશ થાય છે. જાલોરના રહેવાસી પુખરાજની પત્ની દરિયા દેવી (૩૫) પણ ઘાયલ થઈ છે, જેમની સારવાર સિરોહીમાં ચાલી રહી છે. કારમાં કુલ ૭ લોકો હતા.

# રાજકોટમાં ભાજપના મહિલા કોર્પોરેટર અનિતા ગોસ્વામીને ગોળી વાગી

રાજકોટ : રાજકોટમાંથી એક ચોંકાવનારી ઘટના તાજેતરમાં સામે આવી છે. જ્યાં ભાજપના મહિલા કોર્પોરેટરના પગમાં ગોળી વાગી ગઈ છે. જો કે આ ઘટના અકસ્માતે થઈ હોવાનું કહેવાય છે. રાજકોટ ભાજપના મહિલા કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીને અકસ્માતે ગોળી વાગતા દોડધામ મચી ગઈ હતી. રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૭ના ભાજપના કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામી લગ્ન પ્રસંગમાં જવા માટે કબાટમાંથી ઘરેણાં કાઢતા હતા, તે સમયે પતિનું લાયસન્સવાળી બંદૂક નીચે પડતા અચાનક તેમાંથી ફાયરિંગ થયું હતું. અકસ્માતે છૂટેલી ગોળી અનિતા બેનના પગમાં વાગી હતી. જે બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# સ્કારબોરો બ્રહ્માકુમારી ખાતે શિવરાત્રિની ઉજવણી

## ધ્વજ લહેરાવ્યા બાદ કેક કાપીને બહેનો-ભાઈઓએ આનંદ વ્યક્ત કર્યો





સ્કારબોરો : સ્કારબોરો બ્રહ્મા કુમારી સેન્ટર ખાતે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવારના રોજ શિવજયતી અથવા શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. શિવ જયંતિએ શિવ પરમાત્માનો ધ્વજ લહેરાવીને તેમજ કેક કાપીને ૧૦૦ બહેનો ભાઈઓએ આનંદ વ્યક્ત કર્યો હતો. બધા ધર્મો માને છે કે પરમાત્મા સર્વોપરી છે. શિવની પૂજા જ્યોર્તિલીંગના સ્વરૂપમાં થાય છે, જે જ્યોતિ અથવા પ્રકાશનો આકાર અથવા લિંગ છે, જે પ્રકાશનું સ્વરૂપ છે. તેમાં પ્રકાશ બિંદુ અથવા બિંદુ છે જેના પર ત્રણ રેખાઓ છે કે જે ત્રિપુંડક છે. તેમાં પ્રકાશ બિંદુ છે, જે શિવ છે. પરમાત્મા તેમના મહાન કાર્ય સ્થાપના (Generation), પાલના (Operation) અને વિનાશ (Destruction) ત્રિમૂર્તિ દ્વારા કરાવે છે, આથી ત્ર્યંઢ કહેવાય છે. હિન્દુ ધર્મમાં પરમાત્મા શિવના અવતરણની યાદ તરીકે શિવ જયંતિ અથવા શિવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે.

# IPSની ઘટ છતાં 21 અધિકારીને ડેપ્યુટેશન ઉપર લઈ જવાયા

**અમદાવાદ**

ગુજરાતમાં એક તરફ આઈપીએસ અધિકારીઓની ઘટ છે, ત્યારે બીજી બાજુ ગુજરાત સરકારમાંથી 21 આઈપીએસ અધિકારીઓને કેન્દ્રમાં ડેપ્યુટેશન પર લઈ જવામાં આવ્યા છે. સમશેરસિંહ, મનોજ શશીધરન, હિમાંશુ શુક્લા, દીપેન ભદ્રન, શોભા ભુતડા, વી.ચંદ્રશેખર, રાજીવ રંજન ભગત સહિતના આ અધિકારીઓને ગુજરાતમાં સારું કામ કરી શકે પણ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર લઈ જઈને તેમની આવડત, કુનેહ અને હોશિયારીનો પૂરતો લાભ નથી લેવાઈ રહ્યો. ગુજરાતમાંથી કેન્દ્રમાં ડેપ્યુટીશન પણ લઈ ગયેલા મોટાભાગના અધિકારીઓને સીબીઆઈ, સીઆઈએસએફ, બીએસએફ, જમ્મુ અને કાશ્મીર, ઈન્ટેલિજન્સ અને આર્મીના અલગ અલગ વિભાગમાં મૂકવામાં આવ્યા છે.

# અમદાવાદમાં દેવું થઈ જતા મિત્રએ પિતરાઈ ભાઈઓ સાથે મળીને ૨૫ લાખની ચોરી કરી

અમદાવાદ : કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડરને ત્યાં કામ કરતો સાઈટ ઈન્ચાર્જ ઘરેથી ૨૫ લાખ રોકડા લઈને નીકળ્યો હતો. ૨૫ લાખ ભરેલો થેલો એક્ટિવાની ડેકીમાં મૂકીને તે સવારથી કામ પતાવીને સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ ખાતેની ઓફિસે પહોંચ્યો હતો. ત્યાં કામ પતાવીને ઘરે જતો હતો ત્યારે પાર્કિગમાંથી તેનું વાહન ચોરી થયું હતું. વાહનની ડેકીમાં ૨૫ લાખ રોકડા પણ હોવાથી આ મામલે ગુજરાત યુનિ. પોલીસે તપાસ હાથ ધરીને ત્રણ આરોપીઓને ઝડપી પાડી ૧૫.૪૧ લાખ રોકડા અને એક્ટિવા કબજે કર્યું છે. ભોગ બનનારનો મિત્ર શરૂઆતથી તેની સાથે હતો અને તેણે જ ચોરીનો પ્લાન બનાવીને તેના પિતરાઈ ભાઈઓને બોલાવીને ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓને દેવું થઈ જતા મોટી રકમની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે.

ભાડજમાં રહેતા નિતેશભાઈ પટેલ કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડર અમરીશભાઈના ત્યાં સાઈટ ઈન્ચાર્જ છે. અમરીશભાઈએ દોઢ માસ પહેલા ૨૫ લાખ નિતેશભાઈને અપાવ્યા હતા. જે પરત આપવાના હોવાથી ગત ૨૮ ફેબ્રુઆરીએ નિતેશભાઈ ઘરેથી ૨૫ લાખ ભરેલો થેલો એક્ટિવાની ડેકીમાં મૂકીને નીકળ્યા હતા. નિતેશભાઈ પહેલા સાબરમતી અને બાદમાં એક વ્યક્તિને ચેક આપવા ગયા હતા. બાદમાં સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન કોમ્પ્લેક્સમાં આવેલી ઓફિસમાં ગયા હતા. કોમ્પ્લેક્સના પાર્કિગમાં એક્ટિવા પાર્ક કરીને ઓફિસમાં કોસ્ટિંગનું કામ કરીને રાત્રે ઘરે જવા નીકળ્યા ત્યારે પાર્કિગમાંથી ૨૫ લાખ રોકડા ડેકીમાં મૂકેલું એક્ટિવા ચોરી થયું હતું.

# અમદાવાદમાં તસ્કરો ગ્રીલ તોડી ૪૫.૭૫ લાખની મતા ઉઠાવી ગયા

અમદાવાદ : શ્યામલ ચાર રસ્તા પાસે આવેલી મેડિલિક્ન હોસ્પિટલની બાજુમાં વૃંદાવન બંગલો આવેલો છે. અહીં રહેતા રચિતભાઈ સોની સેટેલાઈટ વિસ્તારમાં શ્રદ્ધા સ્કૂલ સામે પારસ હેલ્થ કેર નામથી સ્ટોર ધરાવે છે. ગત તા. ૩ માર્ચના રોજ રચિતભાઈ પત્ની તથા પુત્રી સાથે ઘરના પહેલા માળે બેડરૂમમાં સૂતા હતા. તા.૪ના રોજ સવારે જાગ્યા ત્યારે જોયું તો મકાનની સામે સોસાયટીના સભ્યો ભેગા થયા હતા.

રચિતભાઈએ પૂછપરછ કરતા સોસાયટીના મકાન નં.૧૯ની પાછળના સાઈડની ગ્રીલ તૂટી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ રચિતભાઈ ડ્રોઈંગ રૂમમાં ડાઈનીંગ ટેબલની ઉપર મૂકેલી સોનાની વિંટીઓ લેવા જતા તે ગાયબ હતી.

દીવાલની બારીની ગ્રીલ પણ તૂટેલી હતી. ઘરમાં ચોરી થઈ હોવાની શંકા રાખીને તપાસ કરતા તસ્કરો રચિતભાઈના માતા-પિતાના બેડરૂમમાંથી સોના ચાંદીના દાગીના અને ૧૦ લાખ રોકડા મળી કુલ રૂ. ૪૫.૭૫ લાખની મતા ચોરી ગયા હતા.

# ભારતે ઘણો ટેરિફ વસૂલ્યો, 2 એપ્રિલથી અમારો વારો : ટ્રમ્પ

## અમેરિકામાં આવતી કૃષિ પેદાશો સહિતની આયાતી પ્રોડક્ટ્સ ગંદી અને પરીક્ષણ વગરની હોય છે : ટ્રમ્પનો આરોપ

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્બે સેનેટને કરેલા સંબોધનમાં ભારત, ચીન, દક્ષિણ કોરીયા, મેક્સિકો અને કેનેડા જેવા દેશો દ્વારા અમેરિકન પ્રોડક્ટ્સ પર વસૂલાતા ટેરિફ સામે રીતસરનો ફૂંફાડો મારતા હોય તેમ રેસિપ્રોકલ ટેરિફની બીજી એપ્રિલથી અમલમાં લાવવાની જાહેરાત કરી હતી. તેમણે ભારતનું નામ બે વખત લઈને જણાવ્યું હતું કે ભારત અમારી પ્રોડક્ટ્સ પર ૧૦૦ ટકા જેટલો ટેરિફ ચાર્જ કરે છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકામાં આવતી એગ્રી પ્રોડક્ટ્સ સહિતની પ્રોડક્ટ્સ




ટેસ્ટિંગ વગર આવે છે, તે ગંદી હોય છે, તેના પર હું જંગી વેરો નાખીશ. તેના લીધે તે આવી જ નહીં શકે, તેનો ફાયદો અમેરિકન ખેડૂતોને થશે. ચીન પણ આવું જ કરે છે અને સાઉથ કોરીયા તો ત્રણથી ચાર ગણો ટેરિફ વસૂલે છે. આ જ સાઉથ કોરીયાનું ઉત્તર કોરીયાથી રક્ષણ આપણે કરીએ છીએ. આપણે તેમને લશ્કરી સહાયતા પણ આપીએ છીએ. છતાં પણ તેઓ આપણી પ્રોડક્ટ પર જંગી વેરો વસૂલે છે. કેનેડા અને મેક્સિકો પણ બાકાત નથી. પ્રેસિડેન્ટ ટ્રમ્પે સેનેટને લગભ પોણા બે કલાક સંબોધન કર્યુ હતુ. કદાચ આ અત્યાર સુધીનો રેકોર્ડ હશે.

કેનેડા પાસે તો પોતાનું લશ્કર સુદ્ધા પણ નથી, તેના રક્ષણની જવાબદારી આપણે નીભાવીએ છીએ અને તેનો ખર્ચ પણ આપણે કરીએ છે તો પણ કેનેડા અમેરિકાની પ્રોડક્ટ્સ પરથી ચાર્જ વસૂલે છે.

## ગ્રીનલેન્ડને અમે એક યા બીજી રીતે અમારી સાથે જોડી દેશું : ડોનાલ્ડ ટ્રમ્પ

આંતરરાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સલામતી માટે અમેરિકાને ગ્રીનલેન્ડની જરૂર છે : ટ્રમ્પે આ કથન પહેલાં ગ્રીનલેન્ડને અમેરિકા સાથે સપ્રેમ જોડાવા આમંત્રણ આપ્યું હતું પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીન લેન્ડને અમેરિકા સાથે જોડાવા આમંત્રણ આપ્યું હતું. પરંતુ તે સાથે તેમ પણ કહ્યું હતુપં કે ડેન્માર્કના સ્થાનિક લોકોને જે માનવું હોય તે માને પરંતુ ડેન્માર્કનાં શાસન નીચે રહેલાં ગ્રીન લેન્ડને અમે એક યા બીજી રીતે અમારી સાથે જોડી દેશું. અમેરિકાની સંસદની બંને સભાઓની સંયુક્ત બેઠકને કરેલાં સંબોધનમાં તેઓએ વૈશ્વિક પ્રશ્નો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તે સાથે રજીસ્ટર ન થયેલા (ગેરકાયદે) વસાહતીઓના પ્રશ્ને તેમજ સરકારી ખર્ચ ઘટાડવા ઉપર પણ તે સંબોધનમાં પ્રમુખે સવિસ્તાર માહિતી આપી હતી.

# UAEમાં હત્યાના ગુનામાં દોષિત ઠરતા બે ભારતીયોને મૃત્યદડની સજા થઈ

**અબુ ધાબ**

યુએઈમાં ભારતીય મૂળના બે લોકોને બે જુદી-જુદા હત્યા મામલે મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. યુએઈની સર્વોચ્ચ અદાલતે યુએઈમાં રહેતા કેરળના બે ઈમિગ્રન્ટ્સને હત્યા બદલ મૃત્યુદંડ ફટકાર્યો હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. બંને કેરળના રહેવાસી છે. તેમની ઓળખ મોહમ્મદ રિનાશ અને મુરલીધર પી. વી. તરીકે થઈ છે. ગુના બદલ આકરી સજા માટે જાણીતા યુએઈમાં મોહમ્મદ રિનાશે એક સ્થાનિક રહેવાસીની હત્યા કરી હતી. જ્યારે બીજા મુરલીધર પી. વી.એ એક ભારતીય મૂળના વ્યક્તિને જ મોતને ઘાટ ઉતાર્યો હતો. યુએઈએ આ અંગે ભારતીય દૂતાવાસને ૨૮ ફેબ્રુઆરીના રોજ માહિતી આપી હતી. ભારતીય દૂતાવાસે બંનેના પરિવારનો સંપર્ક સાધી તેમને આ અંગે માહિતી આપી હતી. વિદેશ મંત્રાલયે અગાઉ બંનેના કેરળ સ્થિત રહેતા પરિવારનો સંપર્ક સાધી તેમને આશ્વાસન આપ્યું હતું કે, તે આ અંગે જરૂરી તમામ કાયદાકીય સહાય ઉપલબ્ધ કરાવવા તેમજ માફી આપવાની માગ કરતી અપીલ કરી હતી. તેમણે યુએઈની સર્વોચ્ચ અદાલત સમક્ષ તેમને દયા અને ક્ષમા કરવાની અરજી પણ કરી હતી.

# જાપાનમાં ઉત્તર પૂર્વના પ્રીફેકચર ઓફુનાટોનાં જંગલમાં આગ લાગતાં નાગરિકોનું સ્થળાંતર

**ટોક્યો**

જાપાનના ઉત્તર પૂર્વના પ્રીફેકચર (પ્રાંત) ઓફુનાટોનાં જંગલમાં બુધવારે ભભૂકી ઉઠેલા વડવાનલથી ૨૧૦૦ હેક્ટર્સ (૫,૧૯૦ એકર) જેટલું જંગલ ભસ્મીભૂત થઈ ગયું છે. ૧૯૭૫થી હજી સુધીમાં લાગેલી આ આગ સૌથી વધુ ભયંકર બની રહી હતી. આ અંગે સત્તાધીશોએ જણાવ્યું હતું કે આ આગથી ઓછામાં ઓછાં ૮૪ મકાનોને નુકસાન થયું છે. ૧૨૦૦ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. આ આગ શમાવવા ૨૦૦૦ જેટલા



અગ્નિશામકોને કામે લગાડવામાં આવ્યાં હતાં અને મહાપ્રયત્ને આગ કાબુમાં લાવવામાં આવી હતી. જોકે હજી કેટલાક વિસ્તારમાં આગ ચાલુ રહી છે. તે શમાવવા અગ્નિશામક દળો અથાક પ્રયત્નો કરી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, જાપાનના ઉત્તર-પૂર્વના વિસ્તારમાં આ વર્ષે શિયાળુ વરસાદ ઘણો ઓછો થયા છે. ૧૯૪૬ પછીનો આ વર્ષે સૌથી સૂકો શિયાળો ગયો હતો. તેમ જાપાનનાં હવામાન ખાતાએ જણાવ્યું હતું.

# લંડનમાં જયશંકર પર હુમલાનો પ્રયાસ, પોલીસની સામે જ ખાલિસ્તાની સમર્થકોએ તિરંગો ફાડ્યો

**લંડન**

વિદેશ મંત્રી એસ જયશંકર બ્રિટન અને આયર્લેન્ડની છ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. તેમજ તેમણે ગુરુવારે લંડનના થિંક ટેન્ક ચેથમ હાઉસ ખાતે વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા વિષય પર વાત કરી હતી. એવામાં એક એક ખાલિસ્તાની સમર્થક તેમની કારની સામે આવીને ત્રિરંગાનું અપમાન કર્યું હતું. વિદેશ મંત્રી ચથમ હાઉસ પહોંચે તે પહેલા જ ખાલિસ્તાન સમથર્કો ત્યાં ભારત વિરોધી નારા લગાવી રહ્યા હતા. તેમના હાથમાં ખાલિસ્તાની ઝંડા હતા. કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ જ્યારે વિદેશ મંત્રી જયશંકર પોતાની કાર પાસે આવ્યા ત્યારે તેમની કારની સામે એક વ્યક્તિ આવ્યો હતો. તેણે સૂત્રોચ્ચાર કરતાં ત્રિરંગાને ફાડી નાખ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વિદેશ મંત્રાલયે આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે લંડનમાં ઉગ્રવાદીઓના જૂથ દ્વારા કરવામાં આવેલા અપરાધનો વીડિયો જોયો. અમે આ ઘટનાની સખત નિંદા કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે યજમાન સરકાર આવા કિસ્સાઓમાં તેની રાજદ્વારી જવાબદારીઓ પૂર્ણ કરે.

### 370 હટાવી, ચૂંટણી કરાવી, હવે PoKનો વારો : જયશંકર

કાશ્મીર મુદ્દાઓ પર વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પોતાનો આખો પ્લાન જણાવ્યો. તેમણે કહ્યું કે અમે તબક્કાવાર કામ કરી રહ્યા છીએ. તેમણે કહ્યુ કે કાશ્મીરમાં અમે તેના મોટાભાગના મુદ્દાઓને ઉકેલવામાં સારું કામ કર્યું છે. મને લાગે છે કે કલમ 370 દૂર કરવી એ એક પગલું હતું. પછી, કાશ્મીરમાં વિકાસ, આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય પુનઃસ્થાપિત કરવો એ બીજું પગલું હતું.

# આફ્રિકામાં ખુલશે સાઉથ પોલનું હિન્દુ મંદિર, વર્ષ 2027 સુધી દર્શન શરૂ થશે

**જોહાનિસબર્ગ**

અબુધાબી પછી બોચાસણ નિવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) હવે દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં દક્ષિણ ધ્રુવનું સૌથી મોટું મંદિર બનાવી રહી છે. આ મંદિર જોહાનિસબર્ગના સૌથી વ્યસ્ત અને સુંદર લેન્સેરિયા કોરિડોરમાં 37,000 ચોરસ મીટરમાં બનાવવામાં આવી રહ્યું છે.

BAPS અનુસાર, મંદિર અને સાંસ્કૃતિક સંકુલના નિર્માણનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને આગામી ત્રણ વર્ષમાં એટલે કે 2027 સુધીમાં તૈયાર થઈ જશે. તે સાઉથ પોલમાં સૌથી મોટું હિન્દુ મંદિર હશે.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અબુધાબીમાં મધ્ય પૂર્વના સૌપ્રથમ સુશોભિત કોતરણીવાળા હિન્દુ મંદિરના ઉદ્ઘાટન પછી, BAPS એ દક્ષિણ આફ્રિકામાં આ મંદિર પર પૂરઝડપે કામ શરૂ કર્યું હતું. ગયા મહિને, વર્તમાન ગુરુ મહંત સ્વામી મહારાજની હાજરીમાં મંદિરના 33,000 ચોરસ મીટરના સાંસ્કૃતિક સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને હવે બીજા તબક્કામાં 2,500 ચોરસ મીટરના પરંપરાગત મંદિર સંકુલનું કામ શરૂ થશે.

# સર્બિયાની સંસદમાં આક્રમક હોબાળો, વિપક્ષે સ્મોક ગ્રેનેડ ફેંક્યાં, બે સાંસદ ઈજાગ્રસ્ત

**જીનીવા**

યુરોપિયન દેશ સર્બિયાની સંસદમાં વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષનો આ હોબાળાએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યું હતું. વિપક્ષના સાંસદોએ સરકારની નીતિઓનો વિરોધ કરતાં એક પછી એક અનેક સ્મોક ગ્રેનેડ અને ટિઅર ગેસના સેલ ફેંક્યા હતાં. જેનાથી સંસદમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાંસદોએ મારામારી કરતાં બે ઘાયલ થયા હતા. સર્બિયા સંસદના લાઈવ સેશનમાં જોવા મળ્યું હતું કે, સર્બિયાના વિપક્ષ સાંસદોએ સરકારની નીતિઓનો ભારે વિરોધ કર્યો હતો. આ વિરોધ આક્રમક બનતાં તેઓએ સંસદની અંદર જ સ્મોક ગ્રેનેડ અને ટીઅર ગેસના સેલ છોડ્યા હતાં. ત્યારબાદ આખા સંસદમાં કાળો અને ગુલાબી ધુમાડો ફેલાયો હતો.

# USAમાં સ્ટોરમાં પાર્ટ-ટાઈમ નોકરી કરતાં તેલંગાણાના વિદ્યાર્થીની ગોળી મારી હત્યા

**વોશિંગ્ટન**

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. તાજેતરની ઘટનામાં તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાંથી અમેરિકા ભણવા ગયેલા એક વિદ્યાર્થીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. મૃતકની ઓળખ જી.પ્રવીણ (૨૬) તરીકે થઈ છે.

પ્રવીણ વિસ્કોન્સિનના મિલ્વોકીમાં એમ.એસ.નો અભ્યાસ કરી રહ્યો હતો અને તે એક સ્ટોરમાં પાર્ટ ટાઈમ નોકરી કરતો હતો. આ ઘટના બુધવારે સવારે બની હતી જેના બાદ અમેરિકાના અધિકારીઓએ પ્રવીણના પરિજનોને તેની જાણકારી આપી હતી. પીડિતના પિતા રાઘવુલુએ કહ્યું કે મને સવારે ૫ વાગ્યે એક વોટ્સએપ કોલ આવ્યો હતો પણ મેં તે ન ઉપાડયો. પછી સવારે મેં મિસ્ડ કૉલ જોઈને વોઈસ મેસેજ મોકલ્યો. કલાક વીતી જવા છતાં કોઈ જવાબ ન મળ્યો તો મને ચિંતા થવા લાગી અને પછી મેં મારા દીકરાના મિત્રોને કોલ કર્યો. ત્યારે મને જાણકારી મળી કે મારો દીકરો એક સ્ટોર પર પાર્ટ ટાઈમ નોકરી માટે ગયો હતો અને લૂંટફાટની ઘટના વખતે લૂંટારૂઓએ તેને ગોળી મારી દીધી. જેના કારણે મારા દીકરાનું મોત નીપજ્યું હતુ.

# પાક.ના ખૈબર પખ્તૂનખ્વામાં આતંકવાદી હુમલો થતાં 9ના મોત, 35 લોકો ઈજાગ્રસ્ત

**વોશિંગ્ટન**

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વાંમાં બન્નૂ આર્મી કેન્ટોનમેન્ટના બાહ્ય વિસ્તારમાં બે ભીષણ બોમ્બ વિસ્ફોટ થયા બાદ સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરી લેતા આતંકીઓ સાથે ભારે અથડામણની સ્થિતિ સર્જાઈ હતી. આ હુમલો પૂર્વાયોજિત હોવાનું અનુમાન છે. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર સુરક્ષાદળો અને હુમલાખોરો વચ્ચે સર્જાયેલી અથડામણમાં ઓછામાં ઓછા 9 લોકો માર્યા ગયા હતા અને 35 થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. આ આતંકી હુમલા પાછળ જૈશ ઉલ ફુરસાન સંગઠનનો હાથ હોવાની જાણકારી છે. આ સંગઠન પાકિસ્તાની સૈન્યના ગઠબંધન હાફિઝ ઉલ બહાદુરનો હિસ્સો રહે છે.

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!






Welcome To This Charming & Move-In- Ready 3 Bedroom home In A Safe & Family Friendly Neighbourhood in the Heart of Pickering. This Coughlan Built TRUE Freehold Town Home offers 3 + 1 Well Lit Bedrooms with 4 Total Washrooms. An Open Concept Family Room with an upgraded Kitchen. Access To the Garage from within and a walk out deck leading to a private fenced Backyard. Direct Access to Backyard Via Garage, Spacious finished Basement with a Separate Bedroom, Storage, Rec Room and Full Washroom. Under 5 minutes walk to all the great amenities Pickering Has to Offer. Family & Kid Friendly Neighbourhood. Backing on to the Pickering Recreation Centre, 5 Mins To The Public Beach, Waterfront Walking & Biking Trails, Marina & Waterside Restaurants, & 401. Walk To Go Station, Movie Theatre, Pickering Town Centre. Spoiled With Proximity To Amenities, While Tucked Away On A Tree-Lined Street In A Great Family Neighborhood.




Beautiful Corner Lot Home Located In A Family Friendly And Sought-After Ajax Northwest Neighbourhood. This Beautiful 4 Bed, 4 Washroom Home Is Located Walking Distance To Schools, Playgrounds, Public Transportation, Plazas, Grocery Stores, Banks & More! Features With Nice Kitchen, Open-Concept Family Room And Finished Basement. Roof(2022), Brand new Furnace ( April 2024) Very Convenient Location For 2 Great Public Schools (Pickering High School And Vimy Ridge Public School). Close To 401, 407 & Go Train Station. All photographs and videos are used from recently terminated listing with staging.




*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 | D: (647) 308-2941

F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.